ગુજરાતનું વિશ્વનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

20 APRIL, 2026 MONDAY

પેજ 2

સગીરાને પ્રેમજાળમાં ફસાવી 3 વર્ષ સુધી પીંખી નાખી

પેજ 3


ભાજપે નીતિનકાકાને ખૂણામાં મૂકી દીધા: બળદેવજી ઠાકોરનો સીધો પ્રહાર!

પેજ 7

PSI કેડરની 858 જગ્યા માટે લેખિત પરીક્ષા પૂર્ણ

પેજ 5

આરોપીએ પાર્લર ચલાવતા 16 વર્ષીય કિશોર પર આડેધડ છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 35 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

## ભારતનાં જહાજે બેએ રસ્તા બદલ્યા, પર્સિયન ગલ્ફમાં હજુ 14 જહાજો

# ઈરાનના પડકાર વચ્ચે ભારતનાં ' દેશ ગરિમા ' જહાજે હોર્મુઝ પાર કર્યું

## 'હોર્મુઝ બંધ છે, પાછા જાઓ' ઈરાને ભારતના 'ભાગ્ય લક્ષ્મી' જહાજને અધવચ્ચેથી પરત મોકલ્યું

ઈરાનના હોર્મુઝ જળમાર્ગ પર ચાલી રહેલા સંકટ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ ક્રૂડ ઓઈલ ભરીને ભારત તરફ આવી રહેલા ભારતીય જહાજ 'દેશ ગરિમા'એ સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી લીધું છે. જહાજે 18 એપ્રિલે હોર્મુઝ પાર કરી લીધું છે અને તે 22 એપ્રિલના રોજ મુંબઈ પહોંચવાની આશા છે. આ જહાજ પર કુલ 31 ભારતીય નાવિકો સવાર છે. આ પહેલા હોર્મુઝમાં ભારે ગોળીબાર થતાં બે ભારતીય જહાજો પરત ફર્યા હતા. માર્ચની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં શિપિંગ કંપની 'ભારતીય નૌવહન નિગમ'ના કુલ 10 જહાજોએ હોર્મુઝ સફળતાપૂર્વક પાર કરી લીધું છે. આ પહેલા છેલ્લા 24 કલાકમાં હોર્મુઝમાંથી પસાર ખતી વખતે ક્રૂડ ઓઈલ ભરેલા 'સમનાર હેરાડ' અને 'બલ્ક કેરિયર' જહાજ પર ગોળીબાર થયો હોવાની માહિતી સામે આવી હતી, જેના કારણે બંને જહાજો પર્સિયન ગલ્ફમાં પરત ફર્યા છે. જોકે, આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.દરિયામાં પસાર થતા જહાજો પર




નજર રાખતા પોર્ટલના રિપોર્ટ મુજબ, ઓઈલ ટેન્કર 'દેશ વૈભવ' અને 'દેશ વિભોર'એ પણ માર્ગ બદલી નાખ્યો હતો. ત્યારપછી પર્સિયન ગલ્ફમાં ભારતીય ધ્વજવાળા જહાજોની સંખ્યા 14 પર પહોંચી ગઈ છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા ભારતીય જહાજ 'ભાગ્ય લક્ષ્મી' ને અટકાવ્યું હતું. એક ઓડિયો રેકોર્ડિંગમાં ખુલાસો થયો છે કે, ઈરાની અધિકારીએ જહાજના કેપ્ટનને તાત્કાલિક પરત ફરવા આદેશ આપ્યો હતો.

આ ગંભીર ઘટનાઓને પગલે ભારત સરકારે નવી દિલ્હીમાં ઈરાની રાજદૂતને બોલાવ્યા છે. વિદેશ સચિવે ઈરાની રાજદૂત સાથેની મુલાકાતમાં ભારતીય જહાજો પર થયેલા ફાયરિંગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, તે પોતાના નાગરિકો અને જહાજોની સુરક્ષા સાથે કોઈ સમજૂતી નહીં કરે. અગાઉ ઈરાને ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપવાની ખાતરી આપી હતી, તેથી ભારત હવે ઈરાન પાસે સહયોગની અપેક્ષા રાખી રહ્યું છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અગાઉ લેબનાન-ઈઝરાયેલ યુદ્ધવિરામ બાદ આ હોર્મુઝ ખુલ્લો હોવાનું જણાવ્યું હતું. પરંતુ, અમેરિકાએ ઈરાની પોર્ટ પર નાકાબંધી કરતા ઈરાને તેના વિરોધમાં ફરીથી હોર્મુઝ જળમાર્ગ બંધ કરી દીધો છે. હવે ઈરાનનું કહેવું છે કે, કોઈ પણ દેશના જહાજને 'બ્લેન્કેટ એપ્રૂવલ' આપવામાં આવશે નહીં અને દરેક જહાજે પસાર થવા માટે અલગથી મંજૂરી લેવી પડશે.માત્ર ભારત જ નહીં, પરંતુ ઈરાને ચીનના 'સન પ્રોફિટ' નામના જહાજને પણ મંજૂરી વગર પસાર થવા દીધું ન હતું અને તેને પરત ફરવા મજબૂર કર્યું હતું. મુંબઈ સ્થિત ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી છે કે, પૂર્વ મંજૂરી વગર કોઈ પણ જહાજને આ જળમાર્ગમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા બે ભારતીય જહાજો પર શનિવારે બપોરે ગોળીબાર થયો હતો. આ સાથે ઈરાને ભારત આવી રહેલા 14 જહાજોને હોર્મુઝ સ્ટ્રેટ પાર કરતા રોકી દીધા છે. ન્યૂઝ એજન્સી PTI ના જણાવ્યા અનુસાર, ક્રૂડ ઓઈલ અને ગેસ લઈને ભારત આવી રહેલા આ જહાજોને હોર્મુઝ પાર કરતી વખતે ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) દ્વારા રોકવામાં આવ્યા હતા. સાથે જ, બે જહાજો પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેના પછી 13 જહાજો ફારસની ખાડીમાં અલગ-અલગ સ્થળોએ પરત ફરી ગયા હતા. આ દરમિયાન એક જહાજમાં ગોળી વાગી હતી, જ્યારે એક જહાજ સ્ટ્રેટ પાર કરવામાં સફળ રહ્યું હતું. આ ઘટના બાદ ભારતના વિદેશ મંત્રાલયે શનિવારે ભારતમાં ઈરાનના રાજદૂત ડો. મોહમ્મદ ફથઅલીને તેડું મોકલ્યું હતું. ભારતે આ ફાયરિંગ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે ઈરાન અગાઉ પણ ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપતું આવ્યું છે, તેથી જહાજોની અવરજવર વહેલી તકે ફરી શરૂ કરવામાં આવે.ઈરાને આજે હોર્મુઝને બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈરાનનો આરોપ હતો કે અમેરિકા સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે, તેથી 24 કલાકની અંદર જ તેણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો.

## અમેરિકાના લ્યુઈસિયાના રાજ્યના શ્રેવેપોર્ટમાં એક વ્યક્તિએ 8 બાળકો સહિત 10 લોકોની હત્યા

### 1 થી 14 વર્ષના બાળકોને ગોળી મારી; પોલીસ સાથેની અથડામણમાં આરોપીનું મોત

અમેરિકાના લ્યુઈસિયાના રાજ્યના શ્રેવેપોર્ટમાં રવિવારે સવારે 6 વાગ્યે એક વ્યક્તિએ 8 બાળકો સહિત 10 લોકોની હત્યા કરી દીધી. મૃત બાળકોની ઉંમર 1 થી 14 વર્ષની વચ્ચે હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મામલો ઘરેલું વિવાદ સાથે સંકળાયેલો હતો. શ્રેવેપોર્ટ પોલીસ પ્રમુખ વેન સ્મિથે કહ્યું કે તેમણે આવો મામલો પહેલા ક્યારેય જોયો નથી. ગોળીબાર વેસ્ટ 79મી સ્ટ્રીટના 300 બ્લોકમાં થયો હતો. આરોપી ઘટના બાદ ફરાર થઈ ગયો અને એક કાર લૂંટીને ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસે પીછો કરીને તેને ઠાર માર્યો. અમેરિકાના લુઈસિયાના રાજ્યના શ્રેવેપોર્ટમાં બનેલી માસ શૂટિંગ (સામૂહિક ગોળીબાર)ની ઘટના સાથે જોડાયેલા એક સ્થળ પર પોલીસ તપાસ માટે પહોંચી હતી. હજુ સુધી ગોળીબારનું કારણ સામે આવ્યું નથી, પરંતુ પ્રારંભિક તપાસ રિપોર્ટ્સ અનુસાર, ગોળી ચલાવનાર વ્યક્તિ મૃતકોના પરિવાર સાથે સંકળાયેલો હતો. પોલીસે લોકોને અપીલ કરી છે કે ઘટના સંબંધિત ફોટો, વીડિયો કે જાણકારી શેર કરે. શહેરના મેયર ટોમ આર્સેનોએ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવતા



કહ્યું કે આ શહેરની સૌથી દુર્ઘટનાપૂર્ણ ઘટનાઓમાંથી એક છે.તુર્કિયેમાં બુધવારે એક મિડલ સ્કૂલમાં 13 વર્ષના વિદ્યાર્થીએ ગોળીબાર કર્યો. જેમાં એક શિક્ષક સહિત 9 વિદ્યાર્થીઓના મોત થયા, જ્યારે લગભગ 13 લોકો ઘાયલ થયા. હુમલાખોરે બાદમાં પોતાને પણ ગોળી મારી દીધી. 6 ઘાયલોની હાલત ગંભીર છે.ગવર્નર મુકેર્રમ ઉનલુએરે જણાવ્યું કે હુમલાખોર આઠમા ધોરણનો વિદ્યાર્થી હતો. તે પોતાના બેગમાં પાંચ હથિયાર અને સાત મેગેઝીન લઈને સ્કૂલે પહોંચ્યો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ હથિયારો તેના પૂર્વ પોલીસ અધિકારી પિતાના હોઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### છત્તીસગઢ-મહારાષ્ટ્રમાં પારો 45C પહોંચ્યો:MPના રતલામ-ઉમરિયા દેશના 10 સૌથી ગરમ શહેરોમાં સામેલ

નવી દિલ્હી : દેશના ઘણા ભાગોમાં ભીષણ ગરમીની અસર ચાલુ છે. રાજસ્થાન, યુપી, મધ્ય પ્રદેશ, ઓડિશા, તેલંગાણા અને છત્તીસગઢના ઘણા શહેરોમાં શુક્રવારે તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું. છત્તીસગઢના રાજનાંદગાંવ અને મહારાષ્ટ્રના વર્ધામાં તાપમાન સૌથી વધુ 45C નોંધાયું. બંને શહેરો શુક્રવારે દેશના સૌથી ગરમ શહેરો રહ્યા. ટોપ-10 સૌથી ગરમ શહેરોમાં મધ્ય પ્રદેશના રતલામ અને ઉમરિયા પણ સામેલ રહ્યા. રતલામમાં 44C અને ઉમરિયામાં 43.8C તાપમાન રહ્યું. ગરમીના કારણે 13 જિલ્લાઓમાં શાળાઓનો સમય બદલી દેવામાં આવ્યો છે. ઝારખંડમાં વધતી ગરમી વચ્ચે રાંચીના પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને હીટવેવથી બચાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઝૂ પ્રશાસને સિંહ, વાઘ અને દીપડા જેવા માંસાહારી પ્રાણીઓના વાડામાં એર કુલર લગાવ્યા છે.

### ચારધામ યાત્રા શરૂ, ગંગોત્રી-યમુનોત્રીના કપાટ ખુલ્યા:પહેલી પૂજા PMના નામની થઈ, ભક્તોની ભારે ભીડ

ઉત્તરાખંડમાં આજથી ચારધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. ગંગોત્રીના કપાટ બપોરે 12:15 વાગ્યે અને યમુનોત્રીના કપાટ બપોરે 12:35 વાગ્યે ખોલવામાં આવ્યા હતા. ગંગોત્રીમાં પહેલી પૂજા પીએમ મોદીના નામે કરવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી હાજર રહ્યા હતા. આ પૂજા પૂર્ણ થયા પછી, ભક્તો હવે માતા ગંગાના દર્શન કરી શકશે. આ દરમિયાન, માતા યમુનોત્રીના કપાટ ખુલતાની સાથે જ લાંબા સમયથી દર્શનની રાહ જોઈ રહેલા લોકોની ભીડ હવે મંદિર તરફ આગળ વધી રહી છે.બાબા કેદારની પાલખી પણ તેના શિયાળુ ગાદી સ્થાન ઓમકારેશ્વર મંદિરથી ફાટા માટે રવાના થઈ ગઈ છે. બાબાની પંચમુખી પાલખી 21 એપ્રિલે કેદારનાથ પહોંચશે, ત્યારબાદ બીજા દિવસે 22 એપ્રિલે કપાટ ખુલશે.

### મમતાએ કહ્યું- PMએ રાષ્ટ્રને સંબોધનમાં પ્રચાર કર્યો:ચૂંટણી પંચને ફરિયાદ કરીશ; મોદીએ કહ્યું - અનામતનો વિરોધ કરનારાઓને મતથી સજા આપો

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડાપ્રધાન મોદી પર રાજકીય પ્રચાર માટે સરકારી મશીનરીનો 'દુરુપયોગ' કરવાનો આરોપ લગાવ્યો. હુગલી જિલ્લાના તારકેશ્વરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા બેનર્જીએ કહ્યું કે મોદીએ મહિલા અનામત બિલ અંગે રાષ્ટ્રને કરેલા સંબોધનનો ઉપયોગ ભાજપને પ્રોત્સાહન આપવા માટે કર્યો. 'અમે ચૂંટણી પંચમાં ફરિયાદ કરીશું. આ દરમિયાન, પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના વિષ્ણુપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતા કહ્યું, તૃણમૂલ કોંગ્રેસ સરકારે બંગાળની દીકરીઓ સાથે દગો કર્યો છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં મહિલાઓ ચોક્કસપણે તેમને આ માટે સજા આપશે. તેમણે એમ પણ કહ્યું કે બંગાળની મમતા બેનર્જી સરકાર નથી ઈચ્છતી કે બંગાળની દીકરીઓ મોટી સંખ્યામાં સાંસદ બને. તેથી, તેણે અનામત સંબંધિત કાયદો સંસદમાં પસાર થવા દીધો નહીં. પીએમએ કહ્યું- હું ટીએમસીના સભ્યોને તેમના સંબંધિત પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કરવાની છેલ્લી તક આપી રહ્યો છું. કારણ કે 4 મે પછી કોઈ ગુનેગાર બચી શકશે નહીં.

## મહા-ખુલાસો: જૈન શાસનની રક્ષા કાજે 'પાક્કો ગુજરાત 'નો માફિયાઓ પર સીધો વાર!

# જૈન સમાજની આસ્થાના કેન્દ્ર 'જિનાલય' પર તરાપ મારતી 'ત્રિમૂર્તિ' ગેંગ બેનકાબ; કરોડોની ખંડણી માટે રચાયું 'ડિજિટલ ષડયંત્ર'!

**સાવધાન! હાર્દિક હુડિયા, જગત પારેખ અને વિક્રમ બાફનાની ત્રિપુટીથી: ધર્મના નામે બ્લેકમેલિંગનો ખેલ ખેલનારા ગદ્દારોનો હવે જેલવાસ નક્કી.**

• સુરત

જ્યારે ધર્મ વેપાર બની જાય અને પત્રકારત્વ બ્લેકમેલિંગનું હથિયાર, ત્યારે સમજવું કે વિનાશ કાળ નજીક છે. સુરતના વેસુમાં આકાર લઈ રહેલા 'શ્રી અભય પાર્શ્વનાથ ભગવાન જિનાલય' વિરુદ્ધ રચાયેલું એક અત્યંત ઝેરીલું ષડયંત્ર 'પાક્કો ગુજરાત'ના ઈન્વેસ્ટિગેશનમાં બેનકાબ થયું છે. ૨૩ એપ્રિલના પવિત્ર 'અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ'માં વિઘ્ન નાખવા અને મુનિ ભગવંતોને બદનામ કરવા માટે 'ડિજિટલ ડાકુઓ'ની એક ગેંગ સક્રિય થઈ છે.

ષડયંત્રનો પર્દાફાશ: 'ફેક વીડિયો'થી કરોડોની ખંડણીનો પ્લાન

સૂત્રોના જણાવ્યા અનુસાર, હાર્દિક હુડિયા અને તેની ગેંગે પ્રતિષ્ઠા મહોત્સવ રોકવાની ધમકી આપી ટ્રસ્ટીઓ પાસે રૂપિયા ૨.૫ કરોડની માંગણી કરી છે.

* ગંદી રમત: મોર્ફ્ડ (નકલી) વીડિયો અને જૂની અરજીઓનો સહારો લઈ મુનિ ભગવંતોને હનીટ્રેપમાં ફસાવવાનું ષડયંત્ર.

* SMC ને ગેરમાર્ગે દોરવા: આ ગેંગ SMC ના અધિકારીઓને ફેક કોલ કરીને દબાણ ઊભું કરી રહી છે જેથી જિનાલયનું બાંધકામ અટકે અને તેમની વસૂલાતનો રસ્તો સાફ થાય.

આ છે સમાજમાં છુપાયેલા 'ત્રણ ગદ્દાર':

1. હાર્દિક હુડિયા (મુંબઈ): બ્લેકમેલિંગનો માસ્ટરમાઈન્ડ, જે પ્રશાસનને ગેરમાર્ગે દોરવામાં એક્સપર્ટ છે.

2. જગત પારેખ (અમદાવાદ): રિકવરી એજન્ટ અને ગુનાહિત ઈતિહાસ ધરાવતો વસૂલાતખોર.

3. વિક્રમ બાફના (જોધપુર): પોતાના જ સમાજના મંદિરને તોડવા માટે દિવસ-રાત કાવતરાં રચતો નવો સરગના.

નોંધ: આ ગેંગમાં સુરતની એક મહિલા પત્રકાર પણ જોડાઈ હોવાની આશંકા છે જે બાંધકામ તોડાવવા માટે મથે છે.

તંત્રીની ગર્જના: 'ધમકીઓથી અમે ડરતા નથી'

ગ્રુપ એડિટર પવન માકનની સ્પષ્ટ ચેતવણી:

'હુડિયા અને તેની ગેંગને લાગે છે કે તેઓ 'પાક્કો ગુજરાત'નો અવાજ દબાવી દેશે? આ તમારી સૌથી મોટી ભૂલ છે. પત્રકારત્વ જ્યારે ધર્મની રક્ષા માટે ઉભું થાય છે, ત્યારે માફિયાઓના કિલ્લા પત્તાના મહેલની જેમ તૂટી પડે છે. હુડિયા, તારી દરેક ધમકી હવે તારી ચાર્જશીટનો ભાગ બનશે!'

રાજકીય એંગલ અને ૨૦૨૭ની ચૂંટણી

માહિતી મુજબ, આ ગેંગ પાછળ કોઈ રાજકીય પીઠબળ પણ હોઈ શકે છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા જૈન સમાજમાં રોષ ફેલાવી સત્તાધારી પક્ષને નુકસાન પહોંચાડવાનું આ એક મોટું ષડયંત્ર હોઈ શકે છે. આવી સ્થિતિમાં રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસને ત્વરિત કાર્યવાહી કરી આ 'કેન્સર' સમાન ગેંગને જેલના સળિયા પાછળ ધકેલવી જોઈએ.

અંતિમ આહવાન:

જૈન સમાજને અપીલ છે કે આ તત્વોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર કરો. ભગવાન મહાવીરનો સંદેશ અહિંસાનો છે, પણ અધર્મ સામે લડવું એ જ સાચો ધર્મ છે. હવે વાતચીત નહીં, સીધો ન્યાય અને જેલ જ તેમનો ઈલાજ છે!

## પ્રચંડ વિસ્ફોટમાં ઘણા લોકો કાટમાળ નીચે દટાયા ; 30 મજૂરો કામ કરી રહ્યા હતા

# તમિલનાડુની ફટાકડા ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ, 18નાં મોત:6 ઘાયલ



તમિલનાડુના વિરુધુનગર જિલ્લામાં એક ફટાકડા ફેક્ટરીમાં રવિવારે વિસ્ફોટ થયો. ફાયર એન્ડ રેસ્ક્યુ વિભાગના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 18 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. દુર્ઘટના સમયે ફેક્ટરીમાં 30 લોકો કામ કરી રહ્યા હતા. 6 લોકોને ગંભીર ઈજા થવાને કારણે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યારે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. ફાયર બ્રિગેડ, પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચીને કાટમાળ હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવામાં લાગી છે. હાલમાં વિસ્ફોટનું કારણ સ્પષ્ટ નથી. તમિલનાડુના CM એમકે સ્ટાલિને X પર લખ્યું- આ દુર્ઘટનામાં ઘણા લોકોના મોત થયાના સમાચાર અત્યંત દુઃખદ છે. હું મૃતકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. સીએમએ મંત્રીઓને તાત્કાલિક ઘટનાસ્થળે જવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે તેમણે જિલ્લા કલેક્ટર સાથે વાત કરીને તમામ જરૂરી સહાય પહોંચાડવા માટે તમામ વ્યવસ્થા કરવાના નિર્દેશ આપ્યા. છત્તીસગઢના સક્તિ જિલ્લામાં વેદાંતા પાવર પ્લાન્ટ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે. 4 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 6 લોકોના રાયગઢ મેડિકલ કોલેજમાં, 5 લોકોના જિલ્લા હોસ્પિટલ રાયગઢમાં અને 2 લોકોના રાયપુરની કાલડા હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. મંગળવારે બપોરે પ્લાન્ટમાં બોઈલર ફાટ્યું હતું.

### પહેલગામ હુમલાની વર્ષગાંઠ પહેલા કાશ્મીરમાં સુરક્ષામાં વધારો

• પહેલગામ

પહેલગામ આતંકી હુમલાની પ્રથમ વરસી પહેલા કાશ્મીરભરના ટુરિસ્ટ સ્પોટ્સ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. તમામ સુરક્ષા એજન્સીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ પહેલગામ હુમલાની વર્ષગાંઠ પર ટુરિસ્ટ સ્પોટ્સની આસપાસ, કોઈપણ સંભવિત આતંકી હુમલાને લઈને સતર્ક રહે. પહેલગામ આવતા ટુરિસ્ટોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. દરેક સર્વિસ પ્રોવાઈડરની તપાસ કરવામાં આવી છે. તેમને રજિસ્ટર્ડ કર્યા છે. તેમને યુનિક QR કોડ આપવામાં આવ્યો છે. આમાં વ્યક્તિની અંગત માહિતી અને બીજી વિગતો છે. ગયા વર્ષે 22 એપ્રિલે લશ્કર-એ-તૈયબાના આતંકીઓએ પહેલગામની બેસરન ઘાટીમાં 26 લોકોને ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હુમલાના કારણે જમ્મુ-કાશ્મીરથી ટુરિસ્ટોએ આવવાનું બંધ કરી દીધું હતું. લગભગ 50 ટુરિસ્ટ સ્પોટ બંધ કરી દેવામાં આવ્યા હતા. બાદમાં સિક્યોરિટી ઓડિટ પછી કેટલાક સ્પોટ ફરીથી ખોલવામાં આવ્યા. જમ્મુ-કાશ્મીરની બહારથી આવીને અહીં કામ કરતા વેન્ડરોનું પણ પોલીસે સંપૂર્ણ વેરિફિકેશન કર્યું છે, જેથી સુરક્ષામાં કોઈ કમી ન રહે. આ જ કારણે તેમને અલગ-અલગ QR કોડ આપવામાં આવ્યા છે.આ QR કોડમાં વ્યક્તિનું નામ, પિતાનું નામ, પૂરું સરનામું, મોબાઈલ નંબર, આધાર નંબર, રજીસ્ટ્રેશન નંબર, કામનું ક્ષેત્ર નોંધાયેલું હોય છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# રાજકોટમાં વિરોધની જ્વાળા: અલ્પેશ કથીરિયાએ પણ જનતાના આક્રોશ સામે બતાવવી પડી પીઠ!

### સત્તાના નશામાં ચૂર નેતાઓને જનતાએ દેખાડ્યો પરચો!, ભાજપી નેતાઓ પાસે સવાલોના કોઈ જવાબ નથી?

રાજકોટ: રાજકોટના રાજકારણમાં આ વખતે પારો સાતમા આસમાને પહોંચ્યો છે. રઘુવંશી સમાજની ટિકિટ કાપવા મુદ્દે જે આક્રોશ ફાટી નીકળ્યો છે, તેની લપેટમાં હવે મોટા ગજાના નેતાઓ પણ આવી રહ્યા છે. તાજેતરમાં જ ભાજપના નેતા અલ્પેશ કથીરિયા પણ આ જનતાના આક્રોશનો ભોગ બન્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે નેતાઓ જનતા વચ્ચે મતો માંગવા જાય છે, ત્યારે લોકો તેમને અરીસો બતાવી રહ્યા છે અને પરિસ્થિતિ એવી સર્જાય છે કે નેતાઓએ ત્યાંથી ભાગવું પડે છે.



સવાલોના જવાબ નથી, એટલે શું પલાયનવાદ?

રઘુવંશી સમાજ દ્વારા યોજાયેલી સભાઓ અને સોસાયટીઓમાં થતા વિરોધ પ્રદર્શનોએ ભાજપના નેતાઓની ઊંઘ હરામ કરી દીધી છે.

* જવાબ વિહોણા નેતાઓ: જ્યારે જનતા પૂછે છે કે 'અઢી લાખની વસ્તી હોવા છતાં પુરુષ ઉમેદવારોની બાદબાકી કેમ?', ત્યારે ભાજપના નેતાઓ પાસે મૌન સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

* અલ્પેશ કથીરિયાનો સામનો: પાટીદાર આંદોલનથી ચહેરા બનેલા અને હવે ભાજપમાં જોડાયેલા અલ્પેશ કથીરિયા જ્યારે પ્રચારમાં નીકળ્યા, ત્યારે તેમને પણ રઘુવંશી સમાજના રોષનો સામનો કરવો પડ્યો હોવાની ચર્ચા છે. જનતાનો મિજાજ જોઈને તેમણે પણ ત્યાંથી નીકળી જવામાં જ ભલાઈ માની હતી.ટિકિટ ફાળવણીમાં રઘુવંશી સમાજની અવગણનાનો મુદ્દો હવે ભાજપ માટે ગળાનું હાડકું બન્યો; નેતાઓ પ્રચાર કરવા નીકળે છે પણ જનતાનો રોષ જોઈને ભાગવું પડે છે.

પાક્કો ગુજરાત વ્યૂ: જનતા હવે જાગૃત છે!

રાજકારણીઓ હંમેશા એમ માનતા હોય છે કે ચૂંટણી સમયે લ્હાણી કે પક્ષના નામે મતો મેળવી લેવાશે, પણ રાજકોટની જનતાએ આ વખતે ચિત્ર બદલી નાખ્યું છે.

1. નેતાઓનો પનો ટૂંકો પડ્યો: સત્તાધારી પક્ષના નેતાઓ જે રીતે મેદાન છોડીને ભાગી રહ્યા છે, તે સાબિત કરે છે કે તેમની પાસે લોકશાહીના સવાલોના કોઈ તાર્કિક જવાબો નથી.

2. અહંકારની હાર?: ટિકિટ ફાળવણીમાં જે 'અમે કહીએ તે જ સાચું' વાળી નીતિ અપનાવવામાં આવી હતી, તે હવે પક્ષને જ ભારે પડી રહી છે.

'લોકશાહીમાં જનતા જ જનાર્દન છે. જ્યારે નેતાઓ લોકોની લાગણીને ઠોકર મારે છે, ત્યારે જનતા તેમને રસ્તા પર ઉભા રાખીને જવાબ માંગે છે. અલ્પેશ કથીરિયા હોય કે અન્ય કોઈ ભાજપી નેતા, આજે દરેકના ચહેરા પર હારનો ડર અને જનતાના સવાલોનો ભાર દેખાઈ રહ્યો છે.'

શું ભાજપ ડેમેજ કંટ્રોલ કરી શકશે?

હવે ચૂંટણીના આડે ગણતરીના કલાકો બાકી છે, ત્યારે શું ભાજપ રઘુવંશી સમાજને મનાવી શકશે? કે પછી આ વખતે 'કમળ' ને પોતાના જ ગઢમાં આકરા પરાજયનો સ્વાદ ચાખવો પડશે? 'પાક્કો ગુજરાત' દરેક સોસાયટી અને દરેક શેરીમાં જનતાના પડઘા ઝીલી રહ્યું છે.

**બલિદાન?** જેમના લોહીથી સચવાઈ છે આ સરહદ, એ 'જીવતા શહીદ'ની અનકહી દાસ્તાન

# નાયક લલિત યાદવ: 19 ઓપરેશન, 407 ટાંકા અને છતાં ચહેરા પર સ્મિત; શું દેશ ભૂલી ગયો આ વીરનું બલિદાન?

### કારગિલના પહાડોમાં જેમણે પોતાનું આખું અસ્તિત્વ હોમી દીધું, એ સૈનિક છેલ્લા 20 વર્ષથી જીવી રહ્યો છે પીડા અને વિસ્મૃતિની લડાઈ

• અમદાવાદ/દિલ્હી:

આપણે જ્યારે એરકન્ડિશન્ડ રૂમમાં બેસીને આઝાદીની ચર્ચાઓ કરીએ છીએ, ત્યારે સરહદ પર કોઈ લલિત યાદવ પોતાનું આખું શરીર દેશ માટે ગિરવે મૂકી રહ્યો હોય છે. આ વાર્તા એવા જ એક અનામી નાયકની છે, જેણે 2004માં ઓપરેશન ગાર્ડ દરમિયાન ભારતમાતાની રક્ષા કાજે મોતને મુઠ્ઠીમાં લઈને ટક્કર આપી હતી. આજે દુનિયા તેમને કદાચ ઓળખતી નથી, પણ તેમના શરીર પરનો દરેક ટાંકો ભારતના ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરે છે.

એક ક્ષણ અને આખું જીવન બદલાઈ ગયું

તોપખાના રેજિમેન્ટ (Artillery Regiment) ના સૈનિક નાયક લલિત યાદવ કારગિલની બરફીલી ચોટીઓ પર દુશ્મનોને જડબાતોડ જવાબ આપી રહ્યા હતા. યુદ્ધના ભીષણ તોપમારા વચ્ચે, તોપનો ગોળો છોડતી વખતે એક ભયાનક અકસ્માત સર્જાયો. નાયક લલિત લિમ્બર (તોપના ભાગ) વચ્ચે ફસાઈ ગયા અને એક પ્રચંડ વિસ્ફોટ થયો.

વિસ્ફોટ એટલો વિનાશક હતો કે સામાન્ય માણસ ત્યાં જ દમ તોડી દે. નાયક લલિતે:

* પોતાના પેટના આંતરડા ગુમાવ્યા.



* જમણો ખભા અને બંને હિપ્સ (થાપા) ના હાડકાં ભૂકો થઈ ગયા.

* શરીર લોહીલુહાણ હતું, પણ આત્મા હજુ અડગ હતો.

મોતને મ્હાત: 19 સર્જરી અને અતૂટ સંકલ્પ

ડોક્ટરો માટે પણ લલિત યાદવને બચાવવા એક ચમત્કાર જેવું હતું. છેલ્લા બે દાયકામાં તેમના શરીર પર 19 મોટા ઓપરેશન કરવામાં આવ્યા છે. તેમના શરીર પર 407 ટાંકા ના નિશાન છે–જે કોઈ પણ મેડલ કરતા વધુ કિંમતી છે. પીડા એટલી અસહ્ય હતી કે ગમે તેવો મજબૂત માણસ હિંમત હારી જાય, પણ લલિત યાદવ માટે તો 'ગણવેશ જ બલિદાનની પરંપરા' હતી.

પાક્કો ગુજરાતનો સવાલ: શું આપણે આપણી ફરજ નિભાવી?

છેલ્લા 20 વર્ષથી આ શૂરવીર ગુમનામીમાં જીવી રહ્યો છે. યુદ્ધના મેદાનની લડાઈ તો એ જીતી ગયા, પણ સમાજ અને વ્યવસ્થાની બેદરકારી સામેની લડાઈ હજુ ચાલુ છે.

* વીરતાનો આદર ક્યાં?: શું આપણે માત્ર 15મી ઓગસ્ટ કે 26મી જાન્યુઆરીએ જ સૈનિકોને યાદ કરીશું?

* નવી પેઢી માટે પ્રેરણા: શું આજના યુવાનો જાણે છે કે કઈ કિંમત ચૂકવીને આ શાંતિ મળી છે?

'શરીરના અંગો ભલે તૂટી ગયા, પણ દેશપ્રેમની શિખર જેવી ઊંચાઈ આજે પણ અકબંધ છે. નાયક લલિત યાદવ હાર્યા નથી, એ તો ફરી બેઠા થવાની એ લડાઈના પ્રતીક છે જે આપણને શીખવે છે કે સાચો નાયક એ છે જે મુસીબતના પહાડ નીચે દબાયા પછી પણ સ્મિત સાથે કહી શકે - 'ભારત માતા કી જય'!'

ઉપસંહાર:

કેટલીક લડાઈઓ સરહદ પર પૂરી થઈ જાય છે, પણ લલિત યાદવ જેવા સૈનિકો માટે જીવનનો દરેક દિવસ એક નવું યુદ્ધ છે. તેમની હિંમતને સલામ કરવાનો અને તેમની વાર્તાને ઘર-ઘર સુધી પહોંચાડવાનો સમય આવી ગયો છે.

રાજકોટમાં ભાજપ સામે રઘુવંશીઓનો 'ચૂંટણી જંગ'!

# ટિકિટ ફાળવણીમાં અન્યાયના આક્ષેપ સાથે અઢી લાખ રઘુવંશીઓનું 'NOTA' શસ્ત્ર; શું ભાજપનો ગઢ ગણાતા રાજકોટમાં ખેલાશે નવાજૂની?

**રાજકોટમાં ખેલાશે નવાજૂની?** 6 ની સામે માત્ર 3 ટિકિટ અને એ પણ મહિલાઓ... પુરુષ ઉમેદવારોની બાદબાકી થતા રઘુવંશી સમાજ લાલઘૂમ

• રાજકોટ

રાજકોટમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ગરમાયો છે, પરંતુ આ વખતે લડાઈ માત્ર પક્ષો વચ્ચે નથી, પણ 'સન્માન'ની બની છે. ટિકિટ ફાળવણીમાં થયેલા અન્યાય મુદ્દે રાજકોટના અઢી લાખથી વધુ રઘુવંશીઓએ ભાજપ સામે બ્યૂગલ ફૂંકી દીધું છે. 18 એપ્રિલના રોજ 'રઘુવંશી યુવા શક્તિ સંઘ'ના નેજા હેઠળ યોજાયેલી તોતિંગ સભામાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો સમાજની અવગણના થશે, તો આ વખતે 'NOTA' (None Of The Above) શસ્ત્ર ભાજપના ગણિત બગાડશે.

અન્યાયનું ગણિત: સમાજમાં ભારે રોષ

રઘુવંશી સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે રાજકોટની બેઠકો પર રઘુવંશી મતો નિર્ણાયક હોવા છતાં ભાજપે તેમની સાથે અન્યાય કર્યો છે:




* સીટ કાપવાનો વિવાદ: અગાઉ 6 ટિકિટ મળતી હતી, જે ઘટાડીને માત્ર 3 કરી દેવામાં આવી છે.

*પુરુષ ઉમેદવારોની બાદબાકી: જે 3 ટિકિટ આપી છે તે પણ માત્ર મહિલાઓને ફાળવીને પુરુષ નેતૃત્વને સાઈડલાઈન કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે.

* ધારાસભ્ય સામે દેખાવો: સભામાં સ્થાનિક ધારાસભ્ય (MLA) અને સિસ્ટમ વિરુદ્ધ આક્રમક સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. સમાજનું કહેવું છે કે પ્રતિનિધિત્વ વગરનો વિકાસ અમને મંજૂર નથી.

પાક્કો ગુજરાત વ્યૂ: શું ભાજપને આ આક્રોશ મોંઘો પડશે?

રાજકોટ હંમેશા ભાજપનો મજબૂત કિલ્લો રહ્યો છે, અને રઘુવંશી સમાજ ભાજપનો પરંપરાગત વોટર ગણાય છે. પરંતુ આ વખતે સ્થિતિ બદલાઈ રહી છે.

1. વોટ બેંકમાં ગાબડું: જો અઢી લાખ મતોમાંથી મોટો હિસ્સો NOTA તરફ વળે, તો ભાજપના ઉમેદવારોની જીતનું માર્જિન ઘટશે અથવા હારનો સામનો કરવો પડી શકે છે.

2. સ્વાભિમાનની લડાઈ: 'રઘુવંશી યુવા શક્તિ સંઘ' હવે આરપારના મૂડમાં છે. તેમનું કહેવું છે કે અમે માત્ર વોટ આપવા માટે નથી, વહીવટમાં હિસ્સો પણ જોઈએ છે.

'લોકશાહીમાં સંખ્યાબળ જ સર્વોપરી છે. જ્યારે કોઈ મોટો સમાજ એકી અવાજે 'NOTA' ની વાત કરે, ત્યારે સત્તાધારી પક્ષના પાયા હચમચી જાય તે સ્વાભાવિક છે. રાજકોટની જનતા હવે જાગૃત છે.'

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી 3 વર્ષ સુધી પીંખી નાખી: 9 માંથી 8 આરોપીઓ ઝડપાયા

### ખેડામાં હૈવાનિયતની હદ વટાવતા નરાધમોનું પોલીસે કાઢ્યું જાહેરમાં સરઘસ!

ખેડા: ખેડા જિલ્લામાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ચકચારી ઘટના સામે આવી છે. એક નિર્દોષ સગીરાને પ્રેમજાળમાં ફસાવી, તેના વાંધાજનક વીડિયો ઉતારી, છેલ્લા 3 વર્ષથી તેને હવસનો શિકાર બનાવનાર 9 નરાધમો પૈકી 8 ને પોલીસે દબોચી લીધા છે. આજે જ્યારે પોલીસ આ નરાધમોને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન માટે લઈ ગઈ ત્યારે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પોલીસે આ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢીને કાયદાનું ભાન કરાવ્યું હતું.



વર્ષ 2023 થી 2025 ના રમઝાન સુધી ચાલ્યું અત્યાચારનું ચક્ર

ઘટનાની વિગત મુજબ, મુખ્ય આરોપી પરવેઝ અનવરખાન પઠાણે વર્ષ 2023 માં સગીરાને પોતાની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ તેના વાંધાજનક ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપીને પરવેઝ અને તેના 8 હવસખોર મિત્રોએ સગીરા પર અવારનવાર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. પીડિતા છેલ્લા ત્રણ વર્ષથી આ શારીરિક અને માનસિક હિંસા સહન કરી રહી હતી.

પોલીસની 'સિંઘમ' સ્ટાઈલ કાર્યવાહી: જાહેરમાં સરઘસ

ઘટનાની ગંભીરતા જોઈને LCB અને SOG સહિતની ટીમો તપાસમાં ઉતરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં 8 આરોપીઓની ધરપકડ કરી લીધી છે:

જ્યારે એક આરોપી સાહિલ પઠાણ હજુ પણ ફરાર છે. પોલીસે આ તમામ 8 આરોપીઓને પોલીસ સ્ટેશનથી ઘટનાસ્થળ સુધી ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ચલાવ્યા હતા. આરોપીઓના ચહેરા પરનો ડર અને જનતાના આક્રોશ વચ્ચે પોલીસે ગુનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

પાક્કો ગુજરાત વ્યૂ: આવા નરાધમો માટે ફાંસી પણ ઓછી છે!

* બ્લેકમેલિંગનો ખેલ: સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને સગીરાઓને ડરાવવાનું આ ષડયંત્ર ક્યાં સુધી ચાલશે?

# હિસાબ માંગવાનો સમય પાકી ગયો છે: જાગો મતદાર જાગો!

### તમારા વિસ્તારના કરોડો રૂપિયા ક્યાં ગયા?

ચૂંટણી નજીક આવતા જ નેતાઓ સફેદ કપડાં સજાવીને તમારા આંગણે સ્મિત સાથે દેખાવા લાગશે. પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે પાંચ વર્ષ સુધી તમારા વિસ્તારની ગંદકી, તૂટેલા રસ્તા અને અંધારી શેરીઓ પાછળ જવાબદાર કોણ છે?

ચાલો, આજે થોડું ગણિત સમજીએ જે કદાચ સત્તાધીશો તમને ક્યારેય નહીં સમજાવે.

તમારા હકના નાણાંનો આંકડો

દરેક કોર્પોરેટરને પોતાના વિસ્તારના વિકાસ અને જાળવણી માટે કોર્પોરેશન દ્વારા દર વર્ષે અંદાજે ૪૦ લાખ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. જો એક વોર્ડમાં ૪ કોર્પોરેટર હોય, તો ગણતરી કંઈક આવી થાય છે:

*એક વર્ષનું સંયુક્ત બજેટ: ૧ કરોડ ૬૦ લાખ

*૫ વર્ષનું કુલ બજેટ: ૮ કરોડ રૂપિયા!

સવાલ જે તમારે પૂછવાના છે

વિચારો કે જો તમારા વિસ્તારમાં પાંચ વર્ષમાં ૮ કરોડ રૂપિયા સાચી નિષ્ઠાથી વપરાયા હોત, તો શું તમારો વિસ્તાર આજે 'નંદનવન' ન બની ગયો હોત?

* શું તમારા વિસ્તારના રોડ-રસ્તા ચોમાસામાં ધોવાઈ જાય છે?* શું પીવાનું પાણી શુદ્ધ અને પૂરતા દબાણથી આવે છે?* શું ગટર અને સફાઈની વ્યવસ્થા સંતોષકારક છે?

જો આ પ્રશ્નોના જવાબ 'ના' હોય, તો એ ૮ કરોડ રૂપિયા ગયા ક્યાં?

'લોકશાહીમાં મત એ માત્ર કાગળનો ટુકડો નથી, પણ તમારી સત્તા છે. જે હાથ જોડીને વોટ માંગવા આવે, એમને હાથ જોડીને પૂછો કે - મારા વિસ્તારના ૮ કરોડનો હિસાબ ક્યાં?'

બદલાવ એ જ એકમાત્ર વિકલ્પ

તમારા ટેક્સના પૈસાનો દુરુપયોગ રોકવો એ તમારી ફરજ છે. આ વખતે પક્ષપાત છોડીને પ્રગતિને પસંદ કરો. ખાલી વચનો પર નહીં, પણ કરેલા કામના લેખિત હિસાબ પર ભરોસો કરો.

યાદ રાખો, જો તમે આજે હિસાબ નહીં માંગો, તો આગામી પાંચ વર્ષ ફરી એ જ સમસ્યાઓ વચ્ચે જીવવા માટે તૈયાર રહેવું પડશે.

## બાકી મજૂરી મુદ્દે ડાંગના શ્રમિકોનો હુંકાર: 'પગાર નહી તો મતદાન નહી'ની ચીમકીથી તંત્રમાં દોડધામ

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના ખેતીકામ અને સુગર ફેક્ટરી સાથે સંકળાયેલા હજારો શ્રમિકોને લાંબા સમયથી તેમની મહેનતના નાણાં ન મળતા આક્રોશ ફાટી નીકળ્યો છે. આશરે 80 જેટલા મુકાદમો અને તેમના હેઠળ કામ કરતા મજૂરોએ પોતાની બાકી નીકળતી રકમ મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી છે.શ્રમિકોના જણાવ્યા અનુસાર, ખાંડ ફેક્ટરીઓ દ્વારા મોટી રકમ દબાવી રાખવામાં આવી છે:વ્યારા સુગર ફેક્ટરી: અંદાજે 1.5 થી 2 કરોડ જેટલી રકમ બાકી. મહુવા સુગર ફેક્ટરી: અંદાજે 33 લાખ જેટલી રકમ ચૂકવવાની બાકી છે શ્રમિકોએ આવેદનમાં સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં તેમના હક્કના નાણાં ચૂકવવામાં નહીં આવે, તો તેઓ આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરશે. 'પહેલા મજૂરી, પછી મતદાન' ના નારા સાથે શ્રમિકોએ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે. ચૂંટણીના માહોલ વચ્ચે 'મતદાન બહિષ્કાર'ની ચીમકી મળતા જ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. કલેક્ટર દ્વારા આ મામલે સત્વરે તપાસ કરી સુગર ફેક્ટરીના સંચાલકો સાથે સંપર્ક સાધી પ્રશ્નનો ઉકેલ લાવવાની ખાતરી આપવામાં આવી છે. શ્રમિકોની આર્થિક સ્થિતિ કફોડી હોવાથી આ મામલે વહેલી તકે નિરાકરણ આવે તે અનિવાર્ય છે.

અમૃતા ફડણવીસના વિસ્ફોટક ખુલાસાથી ખળભળાટ!

# 'એક્સિસ બેંકમાં પણ નાસિક TCS જેવું જ કાંડ થયું હતું': અમૃતા ફડણવીસે ભૂતકાળના 'ઝેર'ને ફરી જીવતું કર્યું!

• મુંબઈ/અમદાવાદ:

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અને જાણીતા સિંગર અમૃતા ફડણવીસ હંમેશા પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં તેમણે એક ખાનગી કાર્યક્રમમાં નાસિકના TCS (ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ) કિસ્સાનો ઉલ્લેખ કરીને એવું વિસ્ફોટક નિવેદન આપ્યું છે કે જેણે બેંકિંગ અને રાજકીય આલમમાં ચર્ચાઓ જગાવી છે. તેમણે સીધો દાવો કર્યો છે કે, જે રીતે નાસિક TCS માં ગરબડ થઈ હતી, તેવું જ કઈક અગાઉ એક્સિસ બેંકમાં પણ બન્યું હતું.

શું હતો નાસિક TCS નો કિસ્સો?

થોડા સમય પહેલા નાસિકમાં TCS ના પ્રોજેક્ટને લઈને વિવાદ સર્જાયો હતો, જેમાં કંપનીના કામકાજ અને કેટલાક આંતરિક વહીવટ પર સવાલો ઉઠ્યા હતા. આ કિસ્સાને યાદ કરતા અમૃતા ફડણવીસે કહ્યું કે, એક્સિસ બેંક (જ્યાં તેઓ પોતે ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા) માં પણ સત્તાના જોરે અથવા આયોજનબદ્ધ રીતે આવું જ વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું.

એક્સિસ બેંક વિવાદ સાથે શું કનેક્શન?

યાદ અપાવી દઈએ કે જ્યારે દેવેન્દ્ર ફડણવીસ અગાઉ મુખ્યમંત્રી હતા, ત્યારે મહારાષ્ટ્ર પોલીસના પગાર ખાતા એક્સિસ બેંકમાં ટ્રાન્સફર કરવાને લઈને વિપક્ષોએ અમૃતા ફડણવીસ પર નિશાન સાધ્યું હતું. હવે અમૃતાએ વળતો પ્રહાર કરતા ઈશારો કર્યો છે કે:

* ટાર્ગેટ કરવામાં આવ્યા: તેમને અને એક્સિસ બેંકને ટાર્ગેટ કરવા માટે એક ચોક્કસ પેટર્નનો ઉપયોગ થયો હતો.

*ષડયંત્રની ગંધ: નાસિક TCS ની જેમ અહીં પણ કોઈ 'અદ્રશ્ય હાથ' કામ કરી રહ્યો હતો તેવો તેમનો સુર છે.

પાક્કો ગુજરાત વ્યૂ: આ નિવેદન પાછળનો હેતુ શું?

અમૃતા ફડણવીસનું આ નિવેદન માત્ર એક સરખામણી નથી, પણ જૂના જખમો પરથી પાટા ઉખેડવાનો પ્રયાસ લાગે છે.

1. વ્યક્તિગત લડાઈ: અમૃતાજી હંમેશા પોતાની પ્રોફેશનલ લાઈફ અને પોલિટિકલ કનેક્શનને લઈને સોફ્ટ ટાર્ગેટ બનતા રહ્યા છે, ત્યારે આ નિવેદન તેમની રક્ષણાત્મક રણનીતિ હોઈ શકે.2. વિપક્ષ પર પ્રહાર: આડકતરી રીતે તેઓ અગાઉની સરકારો અથવા વિરોધીઓ પર એવો આક્ષેપ કરી રહ્યા છે કે કોર્પોરેટ સંસ્થાઓનો ઉપયોગ રાજકીય વેર વાળવા માટે કરવામાં આવે છે.'અમૃતા ફડણવીસના શબ્દોમાં ધાર છે અને નિશાના પર જૂના વિરોધીઓ. નાસિક TCS અને એક્સિસ બેંકની સરખામણીએ મહારાષ્ટ્રના રાજકારણમાં નવો ફણગો ફૂંક્યો છે.'

# 10 લાખની લાંચ લેતા GST ઈન્સ્પેક્ટર અને સુપ્રિટેન્ડન્ટ ઝડપાયા; ભ્રષ્ટાચારી બાબુઓમાં ફફડાટ!

### ખાસ અહેવાલ: નડીયાદ GST ભવનમાં ACBનો મોટો ધડાકો!

નડીયાદ: રાજ્યમાં ભ્રષ્ટાચારી અધિકારીઓ પર એસીબી (ACB) એ પંજો કસવાનું શરૂ કર્યું છે. નડીયાદ સ્થિત જી.એસ.ટી. ભવન ખાતે આજે એક સનસનીખેજ ટ્રેપમાં બે ઉચ્ચ અધિકારીઓ લાખોની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે.

કોણ છે આ લાંચિયા અધિકારીઓ?

૧.સુબોધ સુભાષ ચૌહાણ:જી.એસ.ટી. ઈન્સ્પેક્ટર, વર્ગ-૨

૨. અમરનાથ ગોવર્ધનરામ સરોજ: સુપ્રિટેન્ડન્ટ, સેન્ટ્રલ જી.એસ.ટી., વર્ગ-૨

શું હતી સમગ્ર ઘટના? મળતી માહિતી મુજબ, ટેક્સ સંબંધી કોઈ કામગીરી અથવા દંડની રકમમાં રાહત અપાવવાના બહાને આ બંને અધિકારીઓએ અરજદાર પાસે રૂપિયા ૧૦ લાખની માતબર રકમની માંગણી કરી હતી. ભ્રષ્ટાચાર સામે જાગૃત અરજદારે આ અંગે એસીબીને જાણ કરી હતી. એસીબીએ બિછાવેલી જાળમાં આ બંને અધિકારીઓ લાંચની રકમ સ્વીકારતા જ દબોચી લેવાયા હતા.

પાક્કો ગુજરાત વ્યૂ:

સામાન્ય જનતા પાસેથી કરવેરા વસૂલતા વિભાગના આ 'સફેદ કોલર' ગુનેગારોએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી કૌભાંડ આચર્યું છે. એસીબીની આ કાર્યવાહીથી ગાંધીનગર સુધીના સરકારી બાબુઓમાં ફાળ પડી છે. જનતાના પરસેવાની કમાણી પર તરાપ મારતા આવા અધિકારીઓને કડક સજા મળવી જ જોઈએ.

રિપોર્ટ: 'પાક્કો ગુજરાત' નડીયાદ બ્યુરો

# ગુજરાત 2027: ઈતિહાસનું પુનરાવર્તન કે પરિવર્તન? માધવસિંહ સોલંકીના 149 ના રેકોર્ડ જેવો જ વળાંક આવવાની આગાહી!

ગાંધીનગર/અમદાવાદ: ગુજરાતના રાજકારણમાં એક કહેવત છે કે, 'સત્તાનો સૂરજ જ્યારે મધ્યાહ્ને તપે, ત્યારે જ આથમવાની શરૂઆત થતી હોય છે.' હાલમાં ભાજપ 165 (પેટાચૂંટણીઓ બાદ) જેવી તોતિંગ બેઠકો સાથે અજેય દેખાય છે, પરંતુ રાજકીય નિષ્ણાતો 2027ની વિધાનસભા ચૂંટણી માટે એક ચોંકાવનારી આગાહી કરી રહ્યા છે. શું આ તોતિંગ બહુમતી જ ભાજપ માટે પડકાર બનશે?

વર્ષ 1985 માં કોંગ્રેસે માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં 149 બેઠકો જીતીને રેકોર્ડ સર્જ્યો હતો. તે સમયે કોઈ માની શકતું નહોતું કે આટલો શક્તિશાળી પક્ષ ક્યારેય નીચે પડશે. પરંતુ ઈતિહાસ ગવાહ છે:

* સીધું પતન: 149 બેઠકો જીતનારી કોંગ્રેસ આગામી સમયમાં સીધી 33 બેઠકો પર આવી ગઈ હતી.

* ભયનું કારણ: અત્યારે ભાજપ 165 બેઠકો સાથે એ જ સ્થાને છે જ્યાં ક્યારેક કોંગ્રેસ હતી. રાજકીય પંડિતો માને છે કે આ આંકડો 'ટોચ' છે, અને અહીંથી નીચે પડવાનું જોખમ સૌથી વધુ હોય છે.

ભાજપની લાંબી સત્તા અને જૂની સિસ્ટમથી જનતામાં ક્યાંક 'સેચ્યુરેશન' (થકાવટ) જોવા મળી રહી છે.

1. નવો વિકલ્પ: કોંગ્રેસ ભલે સંઘર્ષ કરતી હોય, પણ આમ આદમી પાર્ટી (AAP) માટે 2027 ની ચૂંટણી 'વકરો એટલો નફો' જેવી છે. તેમને ગુમાવવાનું કંઈ નથી.

**રોબોટ!** ટ્રસ્ટિ જયશ્રીબેન ગોઢાણીયાએ જણાવ્યું કે ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલ નિ:શુલ્ક કોડિંગ લેબ હવે વધુ સક્રિય બની છે

# પોરબંદર હવે બનશે ટેક્નોલોજી હબ ત્યાં બાળકો શીખશે AI અને બનાવશે રોબોટ!

### ગોઢાણીયા સ્કૂલમાં AI-રોબોટિક્સ લેબનો ભવ્ય પ્રારંભ થતા વિદ્યાર્થી ઓને મળશે નિ ::શુલ્ક કોડિંગ: ડૉ. વિરમભાઈ ગોઢાણીયા

• ગોસા (ઘેડ) તા.૧૯/૦૪/૨૦૨૬

પોરબંદર: ગોઢાણીયા ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં AI અને રોબોટિક્સ લેબનો ભવ્ય પ્રારંભ

પોરબંદર સ્થિત શ્રીમતિ જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણીયા ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં આધુનિક શિક્ષણ તરફ એક મહત્વપૂર્ણ પગલું રૂપે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સ ટેક્નોલોજી સાથે સજ્જ કોડિંગ લેબનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગોઢાણીયા બી.એડ. કોલેજના ડાયરેક્ટર ડો. ઈશ્વરભાઈ ભરડાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણથી શિક્ષણ ક્ષેત્રમાં મોટો પરિવર્તન આવશે તેવી આશા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં ઓનલાઈન અને ટેક્નોલોજી આધારિત શિક્ષણનો યુગ વધુ મજબૂત બનશે.

ચાર વર્ષ અગાઉ ટ્રસ્ટ દ્વારા અંદાજે રૂ.૨૦ લાખના ખર્ચે સ્થાપિત કોડિંગ કમ્પ્યુટર લેબમાં ધોરણ ૮ થી ૮ ના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આધુનિક ટેક્નોલોજીનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. હવે આ લેબને વધુ આધુનિક બનાવી તેમાં AI અને રોબોટિક્સ જેવી નવીનતમ સુવિધાઓ ઉમેરવામાં આવી છે.



આ નવી પહેલ સ્કૂલના ઈનોવેટિવ પ્રિન્સિપાલ ભાવનાબેન અટારા ના નેતૃત્વમાં તથા પોરબંદર સ્થિત રોબો-ફન-લેબના પ્રણેતા સમીરભાઈ પુરોહિતના માર્ગદર્શન હેઠળ અમલમાં મુકાઈ છે.

કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ અને જાણીતા શિક્ષણપ્રેમી ડો. વિરમભાઈ ગોઢાણીયા દ્વારા ટેક્નોલોજીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, "પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાંથી બહાર આવીને હવે ટેક્નોલોજી આધારિત શિક્ષણ અપનાવવાનો સમય આવી ગયો છે. બાળકોને ભવિષ્ય માટે તૈયાર કરવા AI, રોબોટિક્સ અને નવી ટેક્નોલોજીકલ સ્કિલ્સ શીખવવી અત્યંત જરૂરી છે."

ટ્રસ્ટિ જયશ્રીબેન ગોઢાણીયાએ જણાવ્યું કે ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલ નિ:શુલ્ક કોડિંગ લેબ હવે વધુ સક્રિય બની છે અને વિદ્યાર્થીઓ માટે લાભદાયી સાબિત થઈ રહી છે.

ગોઢાણીયા બી.એડ. કોલેજના ડાયરેક્ટર ડો. ઈશ્વરભાઈ ભરડાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણથી શિક્ષણ ક્ષેત્રમાં મોટો પરિવર્તન આવશે તેવી આશા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં ઓનલાઈન અને ટેક્નોલોજી આધારિત શિક્ષણનો યુગ વધુ મજબૂત બનશે.

કાર્યક્રમમાં ડો. કેતનભાઈ શાહ, જીવાભાઈ ખૂંટી, ધવલભાઈ ખેર, નીરવભાઈ દતાણી, યશભાઈ દાસાણી સહિત અનેક શિક્ષણવિદો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા AI અને રોબોટિક્સના જીવંત પ્રદર્શન રજૂ કરવામાં આવ્યા હતા, જેને જોઈ હાજર મહેમાનો અને વાલીઓએ સ્કૂલ અને ટ્રસ્ટની કામગીરીને બિરદાવ્યા હતા.

સ્કૂલના શિક્ષક સાવનભાઈ, લાલવાણીબેન તથા સમગ્ર સ્ટાફ અને રોબો-ફન-લેબની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી હતી.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

### ખાસ અહેવાલ: ગુજરાતના રાજકારણમાં ભડકો! 'કાકા'નું અપમાન અને ગાયોનું લોહી?

# ભાજપે નીતિનકાકાને ખૂણામાં મૂકી દીધા: બળદેવજી ઠાકોરનો સીધો પ્રહાર!

**સીધો પ્રહાર!** નંદાસણમાં ભાજપના હોદ્દેદારો જ ગાયોને કતલખાને મોકલતા હોવાનો સનસનીખેજ આક્ષેપ

• કડી/અમદાવાદ/રાજકોટ:

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે લોહિયાળ અને વ્યક્તિગત આક્ષેપોની ચરમસીમાએ પહોંચ્યો છે. એક તરફ જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે, તો બીજી તરફ વિપક્ષ હવે ભાજપના 'ઘરના ડખા' રસ્તા પર લાવી રહ્યો છે. કડીના પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કરેલા વિસ્ફોટક વિધાનોએ રાજકીય આલમમાં ભૂકંપ લાવી દીધો છે.

૧. નીતિનકાકાનું 'સાઈડલાઈન' થવું અને ઠાકોરના પ્રહાર

બળદેવજી ઠાકોરે કડીમાં જાહેર મંચ પરથી ગર્જના કરી હતી કે, 'ભાજપે નીતિનકાકા (નીતિન પટેલ) ને ખૂણામાં મૂકી દીધા છે.' વર્ષો સુધી ભાજપનો ગઢ સાચવનારા કદાવર




નેતાની અવગણના કરીને ભાજપ શું સાબિત કરવા માંગે છે? તેવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો. આ નિવેદને પાટીદાર અને ઠાકોર વોટબેંકમાં નવી ચર્ચા છેડી દીધી છે.

૨. નંદાસણમાં ગૌ-માતાના નામે 'લોહીનું રાજકારણ'?

બળદેવજીએ સૌથી મોટો અને ઘાતક આક્ષેપ નંદાસણ બાબતે કર્યો છે. તેમણે સીધો આરોપ લગાવ્યો કે, 'ભાજપના જ હોદ્દેદારો ગાયોને કતલખાને મોકલવાનું પાપ કરી રહ્યા છે.' હિન્દુત્વની વાતો કરનારા પક્ષના કાર્યકરો જ જો ગૌ-હત્યાના પાપમાં ભાગીદાર હોય, તો જનતા તેમને ક્યારેય માફ નહીં કરે, તેમ તેમણે ઉમેર્યું હતું.

૩.જનતાનો 'પાવર': નેતાઓ માટે સોસાયટીના દરવાજા બંધ!

માત્ર નેતાઓ જ નહીં, જનતા પણ હવે મેદાને પડી છે.* અમદાવાદમાં ફજેતી: અમદાવાદની એક પોશ સોસાયટીમાં પ્રચાર કરવા ગયેલા ભાજપના ઉમેદવારને રહેવાસીઓએ ઉધડો લીધો હતો. સ્થાનિક પ્રશ્નો ઉકેલાયા ન હોવાથી ઉમેદવારે પ્રચાર અધૂરો છોડીને ભાગવું પડ્યું હતું.* રાજકોટમાં ધમાચકડી: રાજકોટમાં તો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી, જે બાદમાં ઝપાઝપી સુધી પહોંચી હતી. પોલીસ તંત્ર પણ આ ગરમાવો જોઈને સ્તબ્ધ છે.

પાક્કો ગુજરાત વ્યૂ: શું આ સત્તાના પતનનો સંકેત છે?

જ્યારે સત્તાધારી પક્ષના ઉમેદવારોને સોસાયટીઓમાં પ્રવેશતા રોકવામાં આવે અને વિરોધ પક્ષ તેમના પાયાના નેતાઓની અવગણનાના મુદ્દા ઉઠાવે, ત્યારે સમજવું કે પવનની દિશા બદલાઈ રહી છે.'જે પક્ષ ગૌ-માતાના નામે મતો માંગે, તેના જ માણસો કતલખાના ચલાવતા હોય તેવા આક્ષેપ જો સાચા ઠરે, તો 2027 તો દૂર, આ સ્થાનિક ચૂંટણીમાં જ ભાજપના સૂપડા સાફ થઈ શકે છે.'

# ACBનો માસ્ટરસ્ટ્રોક: 4.50 લાખની લાંચ લેતા નાયબ મામલતદાર સહિત બે લાંચિયા ઝડપાયા!

### સત્તાના જોરે નાણાં ખંખેરવાનો ખેલ ખતમ: જમીન રિ-ગ્રાન્ટની ફાઇલ ક્લિયર કરવા માંગી હતી મોટી રકમ

ગાંધીનગર: રાજ્યના પાટનગરમાં જ્યાંથી આખા ગુજરાતનો વહીવટ ચાલે છે, તે જ કલેક્ટર કચેરીમાં લાંચની મલાઈ ખાનારા અધિકારીઓનો પર્દાફાશ થયો છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ એક સફળ ટ્રેપ ગોઠવીને ગાંધીનગર કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર અને તેના વચેટિયાને રૂપિયા 4,50,000 ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ સફળ ટ્રેપથી સરકારી બાબુઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

શું હતો સમગ્ર મામલો?

મળતી માહિતી મુજબ, એક અરજદારની જમીન રિ-ગ્રાન્ટ (ફરીથી ફાળવણી) કરવાની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી હતી. આ કામગીરી પૂર્ણ કરવા માટે ગાંધીનગર કલેક્ટર કચેરીની જમીન શાખામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર અને અન્ય કર્મચારીએ અરજદાર પાસે લાખો રૂપિયાની માંગણી કરી હતી. અરજદાર ભ્રષ્ટાચાર સામે ઝૂકવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે




ACB નો સંપર્ક સાધ્યો હતો.

ACBની સચોટ જાળ અને ધરપકડ

અરજદારની ફરિયાદને આધારે ACB ના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ છટકું ગોઠવવામાં આવ્યું હતું.

* રંગેહાથ ઝડપાયા: જેવી લાંચની રકમ (4.50 લાખ રૂપિયા) સ્વીકારવામાં આવી, કે તરત જ છુપાઈને ઉભેલી ACB ની ટીમે ત્રાટકીને નાયબ મામલતદાર અને એક વચેટિયાને દબોચી લીધા હતા.

* તપાસનો ધમધમાટ: ધરપકડ કર્યા બાદ ACB એ બંનેના રહેણાંક સ્થળો પર પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આવકના સ્ત્રોત કરતા વધુ મિલકત છે કે કેમ તેની પણ વિગતો લેવામાં આવી રહી છે.

'ખુરશીનો પાવર અને ખિસ્સા ભરવાની લાલચ જ્યારે ભેગી થાય ત્યારે ભ્રષ્ટાચાર જન્મે છે. પણ યાદ રાખજો, કાયદો જ્યારે ફાંસો નાખે છે ત્યારે ગમે તેવો મોટો 'સાહેબ' હોય, તેને જેલની હવા ખાવી જ પડે છે.'

# 'મહિલા વંદન માત્ર નારા, અસલી દાનત તો અન્યાયની': ડૉક્ટર અમી યાજ્ઞિક અને સોનલ પટેલનો હુંકાર

અમદાવાદ:ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથક રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ નેતા ડૉ. અમીબેન યાજ્ઞિક અને સોનલબેન પટેલે ભાજપ સરકારની મહિલા વિરોધી નીતિઓનો પર્દાફાશ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ 'નારી શક્તિ વંદન'ના નામે માત્ર રાજકીય ગતકડાં કરી રહી છે, જ્યારે વાસ્તવિક સશક્તિકરણનો પાયો તો કોંગ્રેસે નાખ્યો હતો.ડૉ.અમી યાજ્ઞિકે જણાવ્યું કે, રાજીવ ગાંધીની દીર્ઘદ્રષ્ટિથી આજે ૧૫ લાખથી વધુ મહિલાઓ સ્થાનિક સ્વરાજમાં સત્તા ભોગવી રહી છે.પરંતુ ભાજપે 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને સીમાંકન અને વસ્તી ગણતરીની અટપટી શરતોમાં ગૂંચવીને આગામી ચૂંટણીમાં તેનો અમલ ટાળ્યો છે. જો સરકારની દાનત સાફ હોત, તો મહિલાઓને ત્વરિત ન્યાય મળ્યો હોત.સોનલ પટેલે સુરક્ષા મુદ્દે સવાલ ઉઠાવતા કહ્યું કે ગુજરાતમાં સાયબર ક્રાઈમ અને છેડતીના બનાવો વધ્યા છે અને પોલીસ મૂકપ્રેક્ષક છે. સાથોસાથ, અન્ય રાજ્યોમાં ૫૦૦માં મળતો ગેસ સિલિન્ડર ગુજરાતની




ગૃહિણીઓને ૧૦૦૦માં કેમ? મોંઘવારીએ મધ્યમ વર્ગની કમર તોડી નાખી છે.

કોંગ્રેસની મુખ્ય માંગણીઓ:

* ત્વરિત અમલ: સીમાંકન વગર જ હાલની ૫૪૩ બેઠકો પર અનામત લાગુ કરો.* ન્યાયી ક્વોટા: OBC, SC અને ST મહિલાઓ માટે 'કોટા વિધિન કોટા'ની જોગવાઈ કરો.

આ પત્રકાર પરિષદમાં ડો. મનીષ દોશી અને હેમાંગ રાવલ સહિતના નેતાઓએ સ્પષ્ટ કર્યું કે મહિલાઓના હક અને સન્માન માટે કોંગ્રેસનો લડાયક મૂડ યથાવત રહેશે.

રિપોર્ટ: 'પાક્કો ગુજરાત' બ્યુરો

# શ્રી ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અખાત્રીજ તથા પરશુરામ જયંતીની સેવાકીય પ્રવૃતિઓ સાથે ઉજવણી



• ગોસા(ઘેડ) તા.૧૯

પરમ આદરણીય માધુરીબેન ગોસ્વામીના આશીર્વચનથી શ્રી ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અખાત્રીજ તથા પરશુરામ જયંતી નિમિત્તે વિવિધ સેવાકીય ને ધાર્મિક પ્રવૃત્તિઓ કરીને તહેવાર ની ઉજવણી કરવામાં આવી. અખાત્રીજ તથા પરશુરામ જયંતી નિમિત્તે શ્રી ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'ખુશીઓની વહેંચણી' અંતર્ગત ઝુંપડપટ્ટી વિસ્તારમાં આવેલા બાળકો તથા તેમના પરિવારને સેન્ડવીચ ખવડાવી તથા બટુક ભોજન કરાવીને ભગવાન પરશુરામ જીના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તે ઉપરાંત અબોલ જીવો ને પણ રોટલો, કીડીયારું ગાયો ને લીલું ને પક્ષીઓ ને ચણ નાખવામાં આવી હતી. આ સેવાકાર્ય માટે આર્થિક સહયોગ હરદત્તપુરીબાપુ તથા તેમના સુપુત્રી યેશાબેન,પુજાબેન તથા પ્રવીણભાઈ મસરીભાઈ ચાંડેગરા નો પ્રાપ્ત થયો હતો.

### શોક સમાચાર: સુરતની રાજનીતિમાં ગમગીની, તાલુકા પંચાયતના ઉમેદવારનું નિધન

# ચૂંટણીના માહોલ વચ્ચે માતમ: ઉમેદવારના આકસ્મિક અવસાનથી સમર્થકોમાં શોકની લહેર; શું હવે ચૂંટણી પ્રક્રિયામાં આવશે ફેરફાર?

સુરત:દક્ષિણ ગુજરાતના પ્રવેશદ્વાર ગણાતા સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે, ત્યારે એક અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે. સુરત તાલુકા પંચાયતની બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ઉમેદવારનું આકસ્મિક નિધન થતા રાજકીય આલમમાં શોકનું મોજું ફરી વળ્યું છે. એક તરફ જ્યાં જીતના દાવાઓ અને પ્રચારનો શોર હતો, ત્યાં હવે ગમગીની છવાઈ ગઈ છે.

પ્રચારના ગણતરીના દિવસો બાકી હતા અને સર્જાયો કાળમુખો બનાવ

મળતી માહિતી મુજબ, સુરત તાલુકા પંચાયતની બેઠકના ઉમેદવાર છેલ્લા કેટલાક દિવસોથી જોરશોરથી પ્રચાર કરી રહ્યા હતા. મતદારોનો



સંપર્ક અને સભાઓના વ્યસ્ત શિડ્યુલ વચ્ચે અચાનક તબિયત લથડતા અથવા [અહીં કારણ લખવું, જો ખબર હોય તો - દા.ત. હૃદયરોગના હુમલા] ને કારણે તેમનું અવસાન થયું છે.

* સમર્થકોમાં આઘાત: ઉમેદવારના નિધનના સમાચાર મળતા જ તેમના નિવાસસ્થાને અને પક્ષના કાર્યાલયે મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉમટી પડ્યા હતા.

* પક્ષીય નેતાઓની શ્રદ્ધાંજલિ: જે-તે પક્ષના દિગ્ગજ નેતાઓએ આ ઘટનાને પક્ષ અને વિસ્તાર માટે મોટી ખોટ ગણાવી છે.

ચૂંટણી પ્રક્રિયા પર શું અસર પડશે?

ચૂંટણીના કાયદા મુજબ, જ્યારે કોઈ માન્ય રાજકીય પક્ષના ઉમેદવારનું મતદાન પહેલા નિધન થાય છે, ત્યારે તે ચોક્કસ બેઠક માટેની પ્રક્રિયામાં ફેરફાર થઈ શકે છે:

1. ચૂંટણી મોકૂફ: સામાન્ય રીતે જે-તે બેઠકની ચૂંટણી મોકૂફ રાખવામાં આવે છે અને નવા ઉમેદવાર માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

2. ચૂંટણી પંચનો નિર્ણય: જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ અંગે રાજ્ય ચૂંટણી પંચને રિપોર્ટ સોંપવામાં આવશે અને ત્યારબાદ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

પાક્કો ગુજરાત વ્યૂ: જનતાના સેવકની અણધારી વિદાય

રાજકારણ પોતાની જગ્યાએ છે, પરંતુ એક જનપ્રતિનિધિ જ્યારે લોકોની સેવા કરવાના સંકલ્પ સાથે મેદાનમાં હોય અને કાળ તેને છીનવી લે, ત્યારે તે પરિવાર અને સમાજ માટે ક્યારેય ન પુરાય તેવી ખોટ છે.

'ચૂંટણીના રણમેદાનમાં શૂરવીરની જેમ લડવા ઉતરેલા ઉમેદવારની આવી વિદાયથી સુરત પંથકમાં સ્તબ્ધતા છે. રાજનીતિથી પર રહીને આજે સૌ કોઈ આ દુઃખદ ઘડીમાં પરિવારની સાથે છે.'

# ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા તથા બ્રહ્મ ચોર્યાસી

વિષ્ણુ ભગવાન ના છઠ્ઠા અવતાર અને આપણાં આરાધ્ય ભગવાન શ્રી પરશુરામ ના જન્મોત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી એકલિંગજી હાઇટ્સ, ડી માર્ટ ચાર રસ્તાથી શરૂ થઈ શ્રી શંકરતિર્થ આશ્રમ ખાતે સંપન્ન થઈ હતી.એકલિંગજી હાઇટ્સ ના દિલીપસિંહ સીસોદીયા એ ભગવાન પરશુરામ જી પ્રતિમા ને ફુલહાર કરી સર્વે ભૂદેવો ને નમસ્કાર કરી આશીર્વાદ મેળવીયા હતા સૌ આગેવાનો નું સન્માન કર્યા બાદ બ્રહ્મ અગ્રણી દિલીપભાઈ રાવલ એ કાર્યક્રમ ની જાણકાસરી આપી હતી.બ્રહ્મ અગ્રણી ભરતભાઈ રાવલે પરશુરામ જન્મોત્સવ ની માહિતી આપી હતી.. સાણંદ ના ધારાસભ્ય કનુભાઈ પટેલ હાજર રહી ને આશીર્વાદ મેળવ્યા હતા.



પ. પૂ. સંત શ્રી યોગીરાજ શ્રી રૂખડનાથજી બાપુ મહારાજ ના શ્રીમુખે ભગવાન પરશુરામ ની યશોગાથા ના શ્રવણ અને ત્યારબાદ બ્રહ્મચોર્યાસી માં પ્રસાદ ગ્રહણ નો લાભ લઈ ભૂદેવો ના આશીર્વાદ મેળવ્યા હતા.યથા શક્તિ દાન..ભેટ..પણ ભૂદેવો ને આપ્યા હતા..સંત શ્રી આનંદનાથજી મહારાજ..સંત શ્રી રૂખડનાથજી બાપુ નો હૃદય પૂર્વક આભાર..ભૂદેવો એ માની ને દરવર્ષે આવી રીતે બ્રહ્મ ચોર્યાસી યોજવાના આશીર્વાદ આપ્યા હતા..હર હર મહાદેવ અને જયજય પરશુરામ.ના નાદ સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો

.....આ કાર્યક્રમ ને સફળ બનાવવા સાણંદ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ સનતભાઈ પંડિત..મંત્રી દિલીપભાઈ રાવલ. મેનેજિંગ ટ્રસ્ટી કમલેશભાઈ વ્યાસ..વિજયભાઈ પંડિત.. જીતેન્દ્ર પંડિત..ગાઉત્તમભાઈ રાવલ પી.વી.રાવલ...દીપકભાઈ ભટ્ટ વિશાળ સંખ્યા માં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા..ભગવાન પરશુરામ ના જન્મોત્સવ ની શોભાયાત્રા નું ઠેર ઠેર જુદા જુદા સમજો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું..કાર્યક્રમ નું સંચાલન કમલેશ વ્યાસે કર્યું હતું

# ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદઃ ખેડૂતોની ચિંતામાં વધારો

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી છવાયેલા વાદળછાયા વાતાવરણ બાદ રવિવારે અચાનક હવામાનમાં પલ ટો આવ્યો હતો ભરઉનાળે આકાશમાંથી વરસેલી આફ તે ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે. કમોસમી વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં ખેડૂતોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ખેતી પર સંકટના વાદળો

ગત વર્ષે મે મહિનાની શરૂઆતથી જ ચોમાસું સક્રિય થઈ જતાં ખેડૂતોને ડાંગરના ધરુવાડિયા માટેના 'આદર' (જમીન તૈયાર કરવાની પ્રક્રિયા) સહિતના મહત્વના કામોમાં અવરોધ આવ્યો હતો. આ વર્ષે ફરી એ જ સ્થિતિનું પુનરાવર્તન થતું જણાય છે. એપ્રિલ માસમાં જ વરસેલા આ વરસાદને કારણે ખેડૂતોના જીવ તાડવે ચોંટી ગયા છે.

જે ખેડૂતોએ ઉનાળુ પાક લીધો છે, તેમને લણણી સમયે જ વરસાદ નડતા આર્થિક નુકસાનની ભીતિ છે.

પશુ આહાર: ખુલ્લામાં રાખેલો સૂકો ઘાસચારો પલળી જવાનો ભય છે આગામી ચોમાસા માટે ખેતર તૈયાર કરવાની કામગીરી ખોરંભે પડી છે.

ટ્રાફિક બ્રિગેડ

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અસરકારક કામગીરી કરવા સૂચના

# 'તેરા તુજકો અર્પણ 'ની ભાવનાને સાકાર કરતા પોરબંદર ના મહિલા ટ્રાફિક બ્રિગેડ

## જુના ફૂવારા ખાતે ફરજ દરમ્યાન ટ્રાફિક બ્રિગેડના રિંકલબેન રાઠોડને કિંમતી મોબાઈલ,રોકડ રકમ અને ડોક્યુમેન્ટ સાથે મળ્યું હતું પર્સ

• ગોસા(ઘેડ)તા.૧૯

પોરબંદર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા બ્રિગેડ ના માણસોએ ફરી એક વાર પોતાની ફરજ નિષ્ઠા અને પ્રમાણિકતા ભરી માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે પોરબંદર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિક શાખા દ્વારા ટ્રાફિક શાખામાં એક સામાન્ય પગારમાં ટ્રાફિક બ્રિગેડ ના ભાઈઓ - બહેનો ફરજ ભાવતા હોય છે.તેમજ આજના સમયને અનુરૂપ નજીવા પગારે ફરજ બજાવતા આવા નાના ટ્રાફિક બિગેડના કર્મચારીઓ પોતાની ફરજ નિષ્ઠા અને ઈમાનદારી ચૂકતા નથી અને જ્યારે પણ ફરજ દરમ્યાન કોઈ કોઈ પણ કીમતી કે સામાન્ય વસ્તુ કે રોકડ રકમ સાથે કઈ મળે તેઓ શાખાના વડા અધિકારી ને જાણ કરી મૂળ માલિક સુધી પોતાને મળેલી વસ્તુ પરત આપવા ઈમાનદારી ના આજના કલિકાલ મોંઘવારી ના સમયમાં પણ ઉમદા દાખલા બેસાડી પોલીસ ખરા અર્થ માં પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કરતા હોય છે

ત્યારે ગત તા ૧૭ પણ આવો જ એક પોરબંદર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા મહિલા ટ્રાફિક બ્રિગેડ રિંકલબેન કેશુભાઈ રાઠોડ ને મળી આવેલ કિંમતી મોબાઈલ, રોકડ રકમ સાથે નું પર્સ મૂળ માલિકને પરત આપી પ્રમાણિક ના ઉમદા દાખલો બેસાડ્યો છે

જૂનાગઢ રેન્જ ના નાયબ પોલીસ મહાનિરિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસ માનાઓ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવેલ.

જેના અનુસંધાને પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જિલ્લામાં વ્યક્તિઓ ના ખોવાય ગયેલી વસ્તુ. મોબાઈલ કે અન્ય સરસામાન મળ્યે યા ગુમ થયેલ ને શોધી તેરા તુજકો અર્પણ ના સૂત્રને સાર્થક કરવા ચૂસના આપવામાં આવેલ.

ત્યારે ટ્રાફિક પોલીસ ના સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર કે.બી ચૌહણ અને કે. એન. અઘેરાનાઓ દ્વારા ટ્રાફિક પોલીસ સ્ટાફ અને ટ્રાફિક બિગેડ ના જવાનોને ખાસ સૂચન આપેલ કે કોઈ પણ કીમતી વસ્તુ કે સરસામાન મળ્યે મૂળ માલિકને પરત કરી પોલીસ ની ઈમેજ વધારવા અને સમાજમાં પોલીસ ખરા અર્થમાં પ્રજાનો મિત્ર છે તે સાબિત થાય તેવા પ્રયત્ન ઈમાનદારીથી કરવા સૂચના આપવામાં આવેલ



જે ચૂચના અન્વયે ગતતા.૧૭/૦૪/૨૦૨૬ રોજ ના ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ટ્રાફિક બ્રિગેડના મહિલા કર્મચારી રિંકલ બેન કેશુભાઈ રાઠોડ કે જે બાબતે તેઓને પોરબંદર જૂના ફુવારા ચાર રસ્તા ના પોઈન્ટ પર ડ્યુટી આપતા ત્યાં ફરજ માં હતા.

તે દરમ્યાન તા.૧૭ના સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એક લેડીઝ પર્સ ધ્યાને પડતા તેઓએ સમયસૂચકતા વાપરી તુરંત રસ્તામાં પડેલ પર્સને પોતાના કબજા હવાલે રાખી દીધેલું. તેઓએ પર્સ બાબતે આજુ બાજુ તપાસ કરતા કોઈ માલિક મળી ન આવતા રિંકલબેન એ પર્સ બાબતે ટ્રાફિક ઓફિસ ખાતે પો.હેડ કોન્સ. અશોકભાઈ ગોંડલીયાને જાણ કરેલ હતી. ટ્રાફિક ઓફિસે પર્સમાં જોતા એક વીવો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.આશરે ૧૩૦૦૦/- તથા રોકડ રૂ.૧૫૦૦/- તેમજ જરૂરી ઓરીજનલ દસ્તાવેજો હતા,જેથી અશોકભાઈએ મોબાઈલ ફોન આધારે મુળ માલિકની તપાસ કરતા સદરહુ મોબાઈલ ફોન તથા પર્સ અંકિતાબેન નિરવભાઈ થાનકી રહે. કુંભારવાડા, પોરબંદર વાળીનુ હોય જેથી અંકિતાબેનને ટ્રાફિક ઓફિસે બોલાવી આધાર પૂરાવા મેળવી ખાત્રી કરી મોબાઈલ ફોન,રોકડ રકમ તથા ઓરીજનલ દસ્તાવેજો સહિતનુ પર્સ તેઓને સોંપી આપતા આ અંકિતાબેનએ રિંકલબેન રાઠોડ તથા ટ્રાફિક પોલીસનો આભાર વ્યક્ત કરેલ હતો..

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

દાદાના ચરણે ટ્રોફી ધરીને બંનેએ દેશની આ મોટી સફળતા માટે આભાર માન્યો

# ભારતીય ટી-20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સાળંગપુર હનુમાનજીના ચરણે વર્લ્ડ કપ ટ્રોફી ધરી દર્શન કર્યા

દર્શન કર્યા

## દાદાના ગર્ભગૃહમાં જઈને સુવર્ણ વર્લ્ડ કપ ટ્રોફી હનુમાનજી મહારાજના ચરણોમાં અર્પણ કરી હતી

વર્લ્ડ કપ ટ્રોફી હનુમાનજીદાદાના ચરણોમાં અર્પણ કરી દાદાના ચરણે ટ્રોફી ધરીને બંનેએ દેશની આ મોટી સફળતા માટે આભાર માન્યો, સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ગંભીરે મંદિરના શિખર પર ધજા ચડાવી ભારતીય ટી-20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે બોટાદ જીલ્લાના વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર હનુમાનજીના ચરણે વર્લ્ડ કપ ટ્રોફી ધરી દર્શન કર્યા અને ભારતની ઐતિહાસિક જીતની માનતા પૂર્ણ કરી હતી.ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં મેળવેલી ભવ્ય 'T-20 વર્લ્ડ કપ' જીતનો ઉત્સવ આજે સાળંગપુરના આંગણે મનાવવામાં આવ્યો હતો. ભારતીય ટી-20 ટીમના કેપ્ટન અને 'મિસ્ટર 360' તરીકે જાણીતા સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર આજે ખાસ સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના દર્શને પહોંચ્યા હતા. ભારત વિશ્વવિજેતા બને તે માટે રાખેલી માનતા પૂર્ણ કરવા બંને દિગ્ગજો પોતાની સાથે વર્લ્ડ કપ ટ્રોફી પણ લાવ્યા હતા.



કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ગંભીરે મંત્રોચ્ચાર સાથે દાદાના ગર્ભગૃહમાં જઈને સુવર્ણ વર્લ્ડ કપ ટ્રોફી હનુમાનજી મહારાજના ચરણોમાં અર્પણ કરી હતી. દાદાના ચરણે ટ્રોફી ધરીને બંનેએ દેશની આ મોટી સફળતા માટે આભાર માન્યો હતો. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

આ પવિત્ર અવસરે કેપ્ટન સૂર્યકુમાર અને કોચ ગંભીરે ધજા પૂજનની વિધિ સંપન્ન કરી હતી અને મંદિરના શિખર પર આસ્થા સાથે ધજા ચડાવી હતી. મંદિરના પૂજ્ય સંતો દ્વારા આ બંને મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, શ્રી નૌત્તમસ્વામીજી (પ્રમુખશ્રી, સત્સંગ મહાસભા), શ્રી શુકદેવસ્વામીજી (ગોકુલધામ નાર), કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી-સાળંગપુરધામ, પૂજ્ય સંતોએ કેપ્ટન તરીકે સૂર્યકુમાર યાદવની નેતૃત્વ ક્ષમતા અને ભારતીય ટીમની મહેનતને બિરદાવી હતી અને આગામી ટુર્નામેન્ટ્સમાં પણ ભારત વિજયી બને તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે, 'વર્લ્ડ કપ જીતવો એ આખા દેશનું સપનું હતું અને દાદાની કૃપાથી જ અમે આ ટ્રોફી ભારત લાવી શક્યા છીએ. આજે અહીં ટ્રોફી સાથે નતમસ્તક થઈને હું અને ગૌતમ ભાઈ ખૂબ જ ધન્યતા અનુભવીએ છીએ...

તસવીર:વિપુલ લુહાર,બોટાદ

# કાગવડના રિસોર્ટમાં યુવક સ્વિમિંગ પૂલમાં ફસડાઈને પડ્યો,સીસીટીવીમાં કેદ

## પુત્રના જન્મદિવસ અને મેરેજ એનિવર્સરીની બેવડી ખુશીની ઉજવણી સમયે દુર્ઘટના, CPR અપાયો પણ જીવ ન બચ્યો

ગોંડલ તાલુકાના કાગવડ પાસે આવેલા હેવન રિસોર્ટમાં આજે (19મી એપ્રિલ) એક હૃદયદ્રાવક ઘટના બની હતી. પરિવાર સાથે રવિવારની રજા માણવા તથા દીકરાના જન્મદિવસ અને લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરવા ગયેલા 33 વર્ષીય યુવકનું અચાનક બેભાન થઈ ફસડાઈને સ્વિમિંગ પૂલમાં પડવાથી કરુણ મોત નીપજ્યું હતું. તેને CPR અપાયો પણ જીવ ન બચાવી શકાયો ન હતો. યુવકની સાથે થયેલી સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. ગોંડલના નવાગામના રહેવાસી અને ઓનલાઈન માર્કેટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા અજય ભાણજી રાઠોડ (ઉં.વ. 33) રવિવારે સવારે 11 વાગ્યાની આસપાસ પરિવાર સાથે પિકનિક માટે હેવન રિસોર્ટ પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શનિવારે જ તેમના પુત્ર વિહાનનો જન્મદિવસ હતો અને રવિવારે અજયની મેરેજ એનિવર્સરી હોવાથી પરિવારમાં બેવડો ઉત્સાહ હતો.





બપોરે આશરે 1:00 વાગ્યાના સુમારે અજય તેના 9 વર્ષના પુત્ર સાથે સ્વિમિંગ પૂલમાં નહાઈને બહાર ઊભો હતો. આ દરમિયાન તે બેભાન અવસ્થા અચાનક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સ્વિમિંગ પૂલ આસપાસ હાજર અન્ય લોકોએ તેને તાત્કાલિક બહાર કાઢી CPR (કૃત્રિમ શ્વાસોશ્વાસ) આપી બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક વીરપુર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા જ રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું. ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યા હતા. મૃતક અજયના પરિવારમાં માતા-પિતા, પત્ની, નાનો ભાઈ અને 9 વર્ષનો પુત્ર છે. ગઈકાલ સુધી જે ઘરમાં પુત્રના જન્મદિવસની ખુશીઓ હતી અને રવિવારે જે દંપતી પોતાની લગ્ન વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું હતું, ત્યાં આ અચાનક આવેલી આફતથી સમગ્ર નવાગામ અને રાઠોડ પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. મૃતદેહને હાલ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, ત્યારબાદ સચોટ કારણ જાણવા માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

# બાવળા-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત, કેરાળા બ્રિજ પાસે રિક્ષા પલટી ખાતા ચાલકનું મોત

અમદાવાદ : અમદાવાદના બાવળા-બગોદરા હાઈવે પર ગતરોજ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. કેરાળા બ્રિજ ઉતરી રહેલી એક પેસેન્જર રિક્ષા ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષા ડિવાઈડર કૂદીને સામેના રોડ પર ફંગોળાઈ ગઈ હતી, જેમાં રિક્ષાચાલકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૂળ સાણંદના દદુકા ગામના અને હાલ બાવળા રહેતા 60 વર્ષીય ખેડૂત હિંમતસિંહ ડોડિયા ભાયલા ખાતે મોગલ ધામમાં લોકડાયરો સાંભળીને વહેલી સવારે પરત ફરી રહ્યા હતા. સવારે 4 વાગ્યાના સુમારે તે એક રિક્ષામાં આગળની સીટ પર બેઠા હતા. રિક્ષામાં પાછળના ભાગે મહિલાઓ સહિત અન્ય 6 પેસેન્જરો પણ સવાર હતા.

રિક્ષા જ્યારે કેરાળા બ્રિજ ઉતરીને કનૈયા હોટલ પાસે પહોંચી, ત્યારે રિક્ષાચાલક કનકસિંહ પ્રતાપસિંહ ઝાલાએ અચાનક સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ રિક્ષા પલટી મારીને ડિવાઈડર કૂદી સીધી બાવળા-બગોદરા તરફ જતી રોડની બીજી બાજુએ પટકાઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા 108ના તબીબોએ રિક્ષાચાલક કનકસિંહને મૃત જાહેર કર્યા હતા. આગળ બેઠેલા હિંમતસિંહને ખભા અને પગના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતા તેમને બાવળાની મહર્ષિ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રિક્ષામાં પાછળ બેઠેલા અન્ય પેસેન્જરોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેઓ ખાનગી વાહનોમાં સારવાર માટે રવાના થયા હતા.બાવળા પોલીસે આ મામલે ઈજાગ્રસ્ત હિંમતસિંહ ડોડિયાની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. મૃતક રિક્ષાચાલકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલના નર્સે RTO ચલણના નામની APK ફાઇલ ડાઉનલોડ કરતા 7 લાખ ઉપડી ગયા

અમદાવાદ :અમદાવાદના સિવિલ હોસ્પિટલના નર્સ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. નર્સને અજાણ્યા નંબર પરથી RTO ચલણની APK ફાઈલ આવી હતી. આ APK ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ નર્સના ખાતામાંથી 7 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. નર્સે સમગ્ર મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. નવા નરોડામાં રહેતા 55 વર્ષીય મહિલા સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. નર્સને 26 ઓક્ટોબરથી 29 ઓક્ટોબર દરમિયાન અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં RTO ચલણની APK ફાઈલ હતી. RTO ચલણ હોવાથી નર્સે ફાઈલ ડાઉનલોડ કરી હતી. આ ફાઈલ ડાઉનલોડ કર્યા થોડા દિવસમાં જ નર્સના બેંકના ખાતામાંથી 5 અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 7 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. નર્સને જ્યારે બેન્કનો મેસેજ આવ્યો ત્યારે તેમને તપાસ કરી હતી. નર્સ બેંકમાં ગયા ત્યારે તેમને જાણ થઈ હતી કે અજાણ્યા વ્યક્તિએ તેમની જાણ બહાર તેમણે બેંક એકાઉન્ટમાંથી 7 લાખ ઉપાડી દીધા છે. નર્સે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અખાત્રીજ એટલે આદિવાસીઓનાં નૂતનવર્ષનો પ્રારંભ

# ડાંગ,આદિવાસીઓએ આસ્થાભેર આખાત્રીજ પૂર્વજોનું પૂજન અર્ચના કરી નવા વર્ષને વધાવ્યું

• આહવા/ડાંગ

આદિવાસીઓ માટે અખાત્રીજ એટલે નવા વર્ષની શરૂઆત. આસ્થાભેર આખાત્રીજ પૂર્વજોનું પૂજન અર્ચના કરીને નવા વર્ષની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસીઓ હંમેશા પ્રકૃતિને પૂજવામાં માને છે. આદિવાસીઓ દરેકે દરેક તહેવારોની ઉજવણી ઋતુચક્ર પ્રમાણે ઉજવતા હોય છે. અખાત્રીજ એ આદિવાસીઓ માટે વર્ષની શરૂઆતનો પ્રથમ તહેવાર તરીખે ઉજવણી કરવામાં આવે છે. અખાત્રીજે આદિવાસીઓ પોતાના ખત્રી(આડા વડીલો)પૂર્વજોને યાદ કરી પોતાના ખત્રી પૂર્વજોના સ્થાનકો પર જરૂરી પૂજન વિધિ કરી, અને દાળ, ભાત, માછલી આદિવાસીઓ રીતો રિવાજો પ્રમાણે પોતાને ભાવતી વાનગીઓ બનાવીને ખાય છે.નાના બાળકો એ ખાખરાના પાનમાં ખવડાવી અને પિતૃ ઓને યાદ કરવામાં આવે છે.



આદિવાસીઓ અખાત્રીજના મહિનાને પોતાના ઘરની પૂજન વિધિ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. વરસાદ કેવો રહેશે અને ખેતર માં પાક આખું વર્ષ કેવું રહેશે તેનો અંદાજ લગાડાય છે.

અખાત્રીજે ડાંગ આદિવાસી નવા વર્ષ ની શરૂઆત ના લીધે ઘણા પ્રાણીઓ પોતાનો પ્રાકૃતિક વ્યવહાર બદલે છે અને કેટલાક પશુ પક્ષીઓ જીવ જંતુઓ પોતાની રૂવાંટી બદલે છે. અને કેટલાક પોતાનો રંગ બદલે છે. અને કેટલાક પક્ષી પોતાના જૂના પીંછ ત્યજીને નવા પીંછા ધારણ કરે છે.તો કેટલાંક પશુ પક્ષીઓ પોતાના અવાજ પણ બદલતા હોય છે. પક્ષીઓ પોતાના અવાજથી નવા વર્ષના વધામણા કરતા હોય છે. આદિવાસી ઓ અખાત્રીજે જ મોટા ભાગે આખા વર્ષના બારેય મહિનાઓ કેવા વિતશે, વરસાદ કેવો થશે અને અનાજ ધાન્ય પાકો નાગલી , વરાય, અળદ, ડાંગર પાકો સહિતની ખેતીમાં કેવી બરકત રહેશે તેનો અંદાજો અન્ય ઝાડ પર થતા ફળ ફુલ પરથી લગાવી દેતાં હોય છે. જે માટે અલગ અલગ માન્યતા છે. પણ હોય છે. આદિવાસી કેહવત છે કે બાપદાદાની મૂડી એટલે આપણી ખેતી..!

# ખેતરમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો : કુડાસણમાં 12 જુગારી ઝડપાયા



ગાંધીનગર : ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં મોડી રાત્રે ખેતરમાં ચાલતા જુગારધામ પર ઈન્ફોસિટી પોલીસ ત્રાટકી હતી. જ્યાંથી 12 જુગારીને રોકડ તેમજ મોબાઈલ સહિત 58 હજારથી વધુના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ.શાહની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, કુડાસણ ગામની સીમમાં કૌશિક પટેલના બોરવેલ સામે આવેલા ખુલ્લા ખેતરમાં કેટલાક લોકો આર્થિક ફાયદા માટે ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં કેટલાક જુગારીઓ અંધારાનો લાભ ઉઠાવી પોલીસને હાથતાળી આપી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. જ્યારે 12 શખસોને પોલીસે કોર્ડન કરી ઝડપી લીધા હતા. જેમાં કુડાસણ ગામનો વનરાજ ઠાકોર (માલાપુરા વાસ), અંબાલાલ ઠાકોર (આંબલીવાળો વાસ), રણજીત ઠાકોર (આંબલીવાળો વાસ) ગણપતજી ઠાકોર (ખારાવાળો વાસ),ચમનજી ઠાકોર (બાજુટોળીવાસ),સનાજી ઠાકોર (બાજુટોળીવાસ),મહેશજી ઠાકોર (ટેકરાવાળો વાસ),રાજુજી ઠાકોર (ટેકરાવાળો વાસ), દશરથ પટેલ (આંબલીવાળો વાસ), તેજાજી ઠાકોર (આંબલીવાળો વાસ),મકાજી ઠાકોર (આંબલીવાળો વાસ) અને ચમનજી ઠાકોર (માલાપુરા વાસ) હોવાનું જણાવ્યું હતું.બાદમાં પોલીસે જુગારીઓની અંગ ઝડતીમાંથી રૂ.23,830 અને જુગારના દાવ પરથી રૂ.11,450 મળી કુલ રૂ 35,280ની રોકડ ઉપરાંત 23,000ની કિંમતના 6 નંગ મોબાઈલ ફોન અને ગંજીપાના મળીને કુલ રૂ 58 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરુધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડભોઈના વઢવાણામાં અખાત્રીજના પર્વે ખેતીના શ્રીગણેશ: ધરતીપુત્રોએ હળ અને ટ્રેક્ટર પૂજી સારા વરસાદની કામના કરી

• ડભોઈ: ફકીરા ખત્રી

આજે અખાત્રીજના પવિત્ર અને શુકનવંતા અવસરે ડભોઈ શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ સંસ્કૃતિના દર્શન થયા હતા. ખાસ કરીને વઢવાણા પંથકમાં ખેડૂતોએ પરંપરાગત રીતે પૂજન-અર્ચન કરી આગામી ચોમાસાની ખેતીનો પ્રારંભ કર્યો હતો.ખેડૂતો માટે અખાત્રીજ એ વર્ષનો સૌથી શ્રેષ્ઠ દિવસ ગણાય છે. વઢવાણા વિસ્તારના ખેડૂતોએ વહેલી સવારે પોતાના ખેતરોમાં પહોંચી ધરતી માતાને કંકુ, ચોખા અને પુષ્પો અર્પણ કરી વંદન કર્યા હતા. આ પ્રસંગે ખેતીમાં મદદરૂપ થતા સાધનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે:* ટ્રેક્ટર અને આધુનિક સાધનો: ટ્રેક્ટરોને શણગારીને તેની પૂજા કરવામાં આવી હતી.

**પ્રયાસ** સેક્ટર-3A વિસ્તારમાં માત્ર સિગારેટના ભાવ મુદ્દે ખૂની ખેલ ખેલનાર ઝડપાયો

# આરોપીએ પાર્લર ચલાવતા 16 વર્ષીય કિશોર પર આડેધડ છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો

### વિવાદમાં અજાણ્યા શખ્સે પાર્લર ચલાવતા 16 વર્ષીય કિશોર પર છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો

ગાંધીનગર : ગાંધીનગરના સેક્ટર-3A વિસ્તારમાં માત્ર સિગારેટના ભાવ જેવી નજીવી બાબતે થયેલા વિવાદમાં અજાણ્યા શખ્સે પાર્લર ચલાવતા 16 વર્ષીય કિશોર પર છરીના ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જે ગુનામાં સેકટર 7 પોલીસે ટેકનિકલ સર્વેલન્સ આધારે ગણતરીના કલાકોમાં જીવલેણ હુમલો કરનાર આરોપીને ઝડપી લઈ જેલ ભેગો કરી દેવાયો છે. ત્રણેય ભાઈઓ અભ્યાસની સાથે વારા ફરતી પાર્લર ચલાવે છે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર દેવભૂમિ દ્વારકાના ઠાકર શેરડી ગામના ત્રણ ભાઈઓ સેક્ટર-3A માં આવેલ જલારામ કોમ્પ્લેક્સમાં સોનલ કૃપા પાર્લર ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. આ ત્રણેય ભાઈઓ અભ્યાસની સાથે વારા ફરતી પાર્લર પર બેસતા હોય છે. સિગારેટ ખરીદવાના ભાવ મુદ્દે ઉગ્ર બોલાચાલી ને બાદમાં લાકડી ફટકારી




ત્યારે ગઈકાલે ત્રણ ભાઈઓ પૈકીનો 16 વર્ષીય કિશોર પાર્લર પર હાજર હતો. ત્યારે એક્ટિવા લઈને એક અજાણ્યો શખ્સ પાર્લર પર ગયો હતો. બાદમાં સિગારેટ ખરીદવાના ભાવ મુદ્દે તેણે કિશોર સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. જેના પગલે મામલો બિચકતા અજાણ્યા શખ્સે ઉશ્કેરાઈને પ્રથમ લાકડી વડે હુમલો કર્યો હતો. જોકે આસપાસના લોકોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો અને હુમલાખોર ત્યાંથી જતો રહ્યો હતો.

ફરી આવીને કિશોર પર છરીના આડેધડ ઘા ઝીંક્યા પરંતુ થોડી જ વારમાં આ શખ્સ છરી લઈને પાછો આવ્યો હતો. અને તને જાનથી મારી નાખવો છે તેમ કહી કિશોર પર છરીના આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. આ હુમલામાં કિશોરને શરીરના ડાબા ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યો હતો.

હુમલાખોર વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ આ ઘટનાની જાણ થતાં જ કિશોરનો મોટો ભાઈ ભોલુ અને અન્ય લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. બાદમાં લોકોએ પોલીસને ફોન કરતા હુમલાખોર પોતાનું વાહન મૂકીને નાસી છૂટ્યો હતો. આ મામલે સેક્ટર 7 પોલીસ મથકે અજાણ્યા હુમલાખોર વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપીની ધરપકડ કરીને જેલ ભેગો કરાયો આ બનાવના પગલે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને પાર્લર વિસ્તારના સીસીટીવી ફૂટેજની ચકાસણીની સાથે સાથે ટેકનિકલ અને હ્યુમન સોર્સ થકી તપાસ હાથ ધરી સેકટર 3એ ખાતે રહેતા મયંક હસમુખભાઈ પરમારની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી તેને જેલ ભેગો કરી દેવાયો છે.

SOGની ટીમે દરોડો પાડીને અટકાયત કરી

# સાયબર ક્રાઈમનો ફરાર આરોપી શહેરના મેમનગરમાંથી ઝડપાયો : 4 મહિનાથી પોલીસ જાપ્તામાંથી ફરાર હતો

**અટકાયત કરી** SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે આ ઓપરેશન પાર પાડ્યું હતું

અમદાવાદ : જૂનાગઢ પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને સાયબર ક્રાઈમના એક ગંભીર ગુનામાં મોટી સફળતા મળી છે. શીલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સાયબર છેતરપિંડીના ગુનામાં છેલ્લા ચાર મહિનાથી પોલીસને હંફાવી રહેલા આરોપી કેવિન રમેશભાઈ દેકીવાડીયાને અમદાવાદના મેમનગર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. જૂનાગઢ રેન્જ આઈજી અને પોલીસ અધિક્ષકની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત SOGની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આ ઓપરેશન પાર પાડ્યું હતું.



આરોપી કેવિન દેકીવાડીયા, જે મૂળ જૂનાગઢના ઝાંઝરડા રોડનો રહેવાસી છે, તે અમદાવાદના મેમનગર સ્થિત નિલમણી સોસાયટીના ઓક્સફોર્ડ ટાવરમાં મકાન ભાડે રાખીને છુપાયો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે તે અહીંથી પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે SOGની ટીમે દરોડો પાડીને તેની અટકાયત કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી જે મુદ્દામાલ મળી આવ્યો છે તે જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. તેની પાસેથી અલગ-અલગ બેંકોની 25 પાસબુકો, 43 જેટલા ATM કાર્ડ્સ, 23 સીમકાર્ડ અને 5 મોબાઈલ ફોન મળી આવ્યા છે.

પકડાયેલ આરોપી વિરુદ્ધ BNS A ct ની કલમ 317(2), 317(4) અને IT Act ની કલમ 66(ડી) મુ જબ ગુનો નોંધાયેલો હતો. તેની પાસેથી મળી આવેલ મુદ્દામાલની કિં મત અંદાજે 42,000 રૂપિયા આંકવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં પાસબુક અને ATM કાર્ડ મ ળી આવતા પોલીસને આશંકા છે કે આ એક મોટા સાયબર ફ્રોડ નેટ વર્કનો ભાગ હોઈ શકે છે. હાલમાં આ તમામ મુદ્દામાલ બાબતે બી- ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અલગ થી જાણવાજોગ દાખલ કર વા ની તજવીજ હાથ ધરવામાં આવી છે . આ સફળ કામગીરીમાં SOGના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર કૃણાલ એમ. પટેલ, એ.એસ. આઈ. વિક્રમભાઈ ચાવડા તેમજ પો.કોન્સ. કૃણાલસિંહ પરમાર અને મયુરભાઈ ઓડેદરા સહિતના સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપી આટલા બધા બેંક એકાઉન્ટ્સ અને સીમકાર્ડનો ઉપયોગ કોના નામે અને કઈ રીતે કરતો હતો. આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# પાર્કિંગ વગર જ કોમર્શિયલ બિલ્ડિંગોને 'BU'ની લહાણી! પોશ વિસ્તારોમાં પાર્કિંગ મુદ્દે રોજની માથાકૂટ

### અમદાવાદ શહેરના પોશ વિસ્તારોમાં અત્યારે એક નવી મુસીબત ઊભી થઈ છે

અમદાવાદ : અમદાવાદ શહેરના પોશ વિસ્તારોમાં અત્યારે એક નવી મુસીબત ઊભી થઈ છે, અને તે છે પાર્કિંગ. શહેરના જાણીતા કોમર્શિયલ બિલ્ડિંગોમાં ઓફિસ માલિકો માટે તો જગ્યા છે, પરંતુ ત્યાં કામ અર્થે આવતા મુલાકાતીઓ (વિઝિટર્સ) માટે 'નો એન્ટ્રી'ના બોર્ડ લાગી ગયા છે. વિઝિટર પાર્કિંગની જગ્યાના અભાવે સિક્યુરિટી ગાર્ડ અને જનતા વચ્ચેના ઝઘડા હવે રોજિંદી ઘટના બની ગયા છે. શહેરના ડેવલપ થયેલા લગભગ તમામ મુખ્ય રોડ પર આ સમસ્યા વિકટ બની છે. સિંધુભવન રોડ અને એસ.જી. હાઈવે, 100 ફૂટ રિંગ રોડ અને શ્યામલ ચાર રસ્તા, સી.જી. રોડ અને આંબાવાડી, સાયન્સ સિટી રોડ, ન્યૂ સી.જી. રોડ, પાલડી અને શહેરી વિસ્તારો પર અનેક એવા બિલ્ડિંગ છે, જ્યાં ઓફિસ માલિકો સિવાય વધારાની મુલાકાતીઓના વાહનો પાર્ક કરવાની જગ્યા જ નથી. તાજેતરમાં જ શ્યામલ ચાર રસ્તા પાસે એક કિસ્સો બન્યો જેમાં એક કોમ્પ્યુટર એન્જિનિયર ભારે કોમ્પ્યુટર પોતાની કારમાં લઈને આવ્યા હતા. કોમ્પ્લેક્સ ઓથોરિટીએ




'પાર્કિંગ માત્ર માલિકો માટે છે' તેમ કહી એન્ટ્રી ન આપતા, એન્જિનિયરે 1 કિમી દૂર કાર પાર્ક કરી ભારે સામાન ઊંચકીને ચાલતા આવવું પડ્યું હતું. એ.સી., રેફ્રિજરેટર કે ઓફિસ ફર્નિચરનું કામ કરતા સર્વિસમેનો માટે સ્થિતિ અત્યંત દયનીય બની છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમ મુજબ, જો કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં પૂરતું પાર્કિંગ ન હોય તો તેની 'BU' (વપરાશની પરવાનગી) રદ થઈ શકે છે. રોડ પર ટ્રાફિકનું દબાણ ન થાય તે જોવાની જવાબદારી બિલ્ડિંગના સત્તાધીશોની છે, પરંતુ વાસ્તવિકતામાં અનેક બિલ્ડિંગોમાં વિઝિટર પાર્કિંગની જગ્યાને અન્ય હેતુ માટે વાપરી નાખવામાં આવી હોવાના આક્ષેપો ઉઠ્યા છે.છેલ્લા 15 દિવસથી શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક પોલીસ અને મુલાકાતીઓ વચ્ચેના ઝઘડા વધી ગયા છે. બિલ્ડિંગમાં જગ્યા મળતી નથી અને રોડ પર વાહન મૂકતા ટ્રાફિક પોલીસ દંડ ફટકારે છે અથવા વાહન ટો (Tow) કરી જાય છે. આ 'ભીંસ'માં સામાન્ય નાગરિક પીસાઈ રહ્યો છે.

# દહેગામના પાલુન્દ્રાની સીમમાંથી 4 સટ્ટોડિયા રૂપિયા 1.19 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

### ક્રિકેટ ગુરુ એપ્લિકેશન પર આઈપીએલ સટ્ટાના રેકેટનો પર્દાફાશ

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામની સીમમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઇન સટ્ટો રમાડતા એક મોટા નેટવર્કનો પોલીસે પર્દાફાશ કર્યો છે. દહેગામ પોલીસે પૂર્વ બાતમીના અત્રેના ખેતરમાં દરોડો પાડીને કુલ 4 શખ્સોને નવ મોબાઈલ અને રોકડ રકમ સહિત કુલ રૂ.1.19 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દહેગામ પોલીસ મથકના પીઆઈ મુકેશ દેસાઈની ટીમ પાલુન્દ્રા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે હાજીમીયા ઉસ્માનમીયા શેખ નામનો શખ્સ પાલુન્દ્રા ગામની સીમના સર્વે નંબર 279 વાળા પોતાના ખેતરમાં કેટલાક લોકોને બોલાવી સટ્ટો રમાડી રહ્યો છે.આ બાતમીના આધારે પોલીસે બાતમી વાળી જગ્યાએ દરોડો પાડતા ચાર શખ્સો ઝાડના છાયડે બેસીને મોબાઈલ દ્વારા ગ્રાહકો સાથે ટેલીફોનીક સોદા કરતા જોવા મળ્યા હતાં. જેમની તપાસ દરમિયાન ખૂલ્યું હતું કે, આ શખ્સો ક્રિકેટ ગુરુ એપ્લિકેશન પર રોયલ ચેલેન્જર્સ બેંગલોર વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહેલી ટી-20 મેચ પર હાર-જીતનો જુગાર રમી અને રમાડી રહ્યા હતા. જેના પગલે પોલીસે સ્થળ પરથી પાલુન્દ્રા ગામના હાજીમીયા ઉસ્માનમીયા શેખ, ભરતભાઈ વિજુભાઈ બારોટ, મોહમદ ઈમરાનમીયા નિવાજખાન શેખ અને વસીમઅકરમ યાસીનમીયા બાવનની (રહે.હિંમતનગર) ની ધરપકડ કરી લીધી હતી.આ દરોડા દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી અલગ અલગ કંપનીના 73 હજારની કિંમતના 9 મોબાઈલ ફોન ઉપરાંત રૂ. 46,100ની રોકડ રકમ, સટ્ટાના આંકડા લખેલી 10 ચિટ્ઠીઓ, બે ચોપડા, કેલ્ક્યુલેટર, પાવર બેંક અને અન્ય સાહિત્ય પણ મળી કુલ રૂ.1.19 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શેરબજારમાં ઊંચા નફાની લાલચે નિવૃત્ત આર્મીમેન સાથે 29.49 લાખની છેતરપિંડી




ગાંધીનગર : ગાંધીનગરના શીહોલી મોટી વિસ્તારમાં રહેતા અને આર્મીમાંથી નિવૃત થયેલા એક પ્રૌઢ સાથે શેરબજારમાં રોકાણના બહાને 29,49,998ની મોટી છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. આ મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અમોલ નામના વ્યક્તિ અને તેના સાથીદારો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી પરૂસુ રામુલુ સિગાતાપુએ નોંધાવેલી ફરિયાદ મુજબ, નવેમ્બર 2025 માં તેમને 'અમોલ નામના વ્યક્તિનો વોટ્સએપ કોલ આવ્યો હતો.આ વ્યક્તિએ પોતાની ઓળખ RBK શેર બ્રોકિંગ લિમિટેડના સિનિયર એડવાઈઝર તરીકે આપી હતી. તેણે ફરિયાદીને શેરબજારના હાઈ ક્વોલિટી સ્ટોક્સ અને એનાલિસિસની માહિતી આપવાનું કહીને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા. ભેજાબાજોએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે તેમના મોબાઈલમાં RBK-PMSDelynor નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. શરૂઆતમાં થોડો નફો બતાવીને ફરિયાદી પાસે અલગ-અલગ તારીખે કુલ 29,49,998 જેટલી રકમ વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લેવામાં આવી હતી.

વટવામાં ભાજપની કેસરિયા પદયાત્રા

# ઉમેદવારોએ સાફો પહેરી વિજયના વિશ્વાસ સાથે પ્રચાર કર્યો, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પણ જોડાયા

અમદાવાદ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા પ્રચાર જોરશોરથી કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજરોજ અમદાવાદ શહેરના વટવા વોર્ડમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા રણછોડ રાયજી મંદિર થઈને વટવા વોર્ડના અલગ અલગ વિસ્તારોમાં ફરી હતી. વટવા વોર્ડના ભાજપના ચારેય ઉમેદવારનું લોકોએ સ્વાગત કર્યું હતું અને ઠેર-ઠેર જગ્યાએ ઉમેદવારોએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. યાત્રામાં પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ અને વટવા ધારાસભ્ય બાબુસિંહ જાદવ પણ જોડાયા હતા.



વટવામાં છેલ્લા ઘણા ટર્મથી ભાજપ માટે એક ગઢ સમાન રહ્યું છે, તેવા સમયે આ ગઢ જાળવી રાખવા અને વિકાસ વધે તેવો પ્રયાસ ઉમેદવાર કરી રહ્યા છે. ઉમેદવારોએ શહેરના પશ્ચિમની જેમ જ પૂર્વનો પણ વિકાસ થાય તેવો વિશ્વાસ લોકોને અપાવ્યો હતો. ભાજપના ઉમેદવાર પ્રતિક પટેલે જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા છેલ્લા 12 વર્ષમાં વટવામાં જે વિકાસ કર્યો છે, તેના આધારે ભવ્ય જીત મેળવવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, વટવા વિધાનસભામાં વિકાસની હરણફાળ ભરી છે અને આ વિકાસ અવિરત રહેશે.

ભાજપના ચારે ઉમેદવારો માથા ઉપર સાફો પહેરી અને પ્રચારમાં નીકળ્યા હતાં. પૂર્વગ્રહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભાજપના ઝંડા સાથે આકરી ગરમીમાં પ્રચારમાં નીકળ્યા હતા. વટવાના અલગ-અલગ વિસ્તારોમાં આ રેલી નીકળી હતી અને ઉમેદવારોએ પોતાની ભવ્ય જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# વિસાવદરની હાર ભાજપની આંખમાં કણાની જેમ ખૂંચી રહી છે: મંત્રી જગદીશ વિશ્વકર્માનું સ્ફોટક નિવેદન

• બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત




ગુજરાતના રાજકારણમાં વિસાવદર પેટા ચૂંટણીના પરિણામો હજુ પણ ગરમાવો ફેલાવી રહ્યા છે. ભાજપના દિગ્ગજ નેતા અને રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ વિસાવદરની હાર અંગે ખુલ્લેઆમ પોતાની નારાજગી અને વેદના વ્યક્ત કરતા રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચી ગયો છે.

હાર પચાવવી મુશ્કેલ: જગદીશ વિશ્વકર્મા

એક જાહેર કાર્યક્રમ દરમિયાન જગદીશ વિશ્વકર્માએ સીધું જ સ્વીકાર્યું હતું કે, વિસાવદર બેઠક પર ભાજપનો જે પરાજય થયો છે તે પક્ષ માટે અત્યંત પીડાદાયક છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે:

'વિસાવદરની પેટા ચૂંટણીમાં ભાજપની હાર અમારી આંખમાં કણાની જેમ ખૂંચી રહી છે. આ પરિણામ અપેક્ષા બહારનું અને આઘાતજનક છે.'

હારના કારણો પર મંથન શરૂ?

જગદીશ વિશ્વકર્માનું આ નિવેદન એ વાતનો સંકેત આપે છે કે ભાજપ હજુ પણ આ બેઠક પરના ગણિતો સમજવામાં અને કાર્યકરોની નારાજગી દૂર કરવામાં ક્યાંક ઉણું ઉતર્યું છે. મંત્રીના આ 'કડવા એકરાર' બાદ હવે સ્થાનિક સંગઠન અને નેતાગીરી સામે પણ સવાલો ઉભા થઈ રહ્યા છે.

કાર્યકરોને ટકોર અને ભવિષ્યની રણનીતિ

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રીએ માત્ર હારનો અફસોસ જ નથી વ્યક્ત કર્યો, પરંતુ આગામી સમયમાં વિસાવદર બેઠક પર ફરીથી કેસરિયો લહેરાવવા માટે અત્યારથી જ કામે લાગી જવા અને જૂથબંધી છોડી એકતા બતાવવા પર ભાર મૂક્યો છે.

રાજકીય વિશ્લેષકોનું શું કહેવું છે?

વિસાવદર હંમેશાથી ગુજરાતની હાઈપ્રોફાઈલ બેઠક રહી છે. ત્યારે જગદીશ વિશ્વકર્મા જેવા કદાવર નેતા જ્યારે જાહેરમાં હારને 'આંખમાં કણાની જેમ ખૂંચતી' ગણાવે, ત્યારે સમજી શકાય છે કે ભાજપ આ બેઠકને કેટલી ગંભીરતાથી લઈ રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે આ નિવેદન બાદ ભાજપના સંગઠનમાં કેવા ધરખમ ફેરફારો જોવા મળે છે.

# ખેડા આરોગ્ય વિભાગમાં 'બદલી કૌભાંડ'નો વિસ્ફોટ: એક બદલી રોકવાના 50 હજાર? CHOના 18 વીડિયોના દાવાથી ખળભળાટ!

• બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત (ખેડા)

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ અત્યારે વિવાદોના વંટોળમાં ફસાયું છે. સેવા અને સમર્પણના ગણાતા આ વિભાગમાં હવે 'બદલી રોકવાનો ખેલ' ખેલાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. Community Health Officer (CHO) દ્વારા કરવામાં આવેલા આક્ષેપોએ સમગ્ર જિલ્લા વહીવટી તંત્રમાં દોડધામ મચાવી દીધી છે.

"30 થી 50 હજાર આપો અને મનગમતી જગ્યાએ રહો!"

મળતી માહિતી મુજબ, ખેડા જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓની બદલીઓમાં મોટાપાયે વહીવટ થતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આક્ષેપ છે કે:

* કોઈ કર્મચારીને પોતાની બદલી રોકવી હોય તો રૂ. 30,000 થી 50,000 સુધીનો 'ભાવ' વસૂલવામાં આવે છે.

* આરોગ્ય વિભાગના જ ઉચ્ચ હોદ્દેદારો કે તેમના મળતિયાઓ આ કથિત ઉઘરાણામાં સામેલ હોવાની શંકા છે.

ચૌદવી કા ચાંદ

## ૧૯૬૦માં રિલીઝ થયેલી ફિલ્મ 'ચૌદવી કા ચાંદ' આવી જ એક માઈલસ્ટોન ફિલ્મ છે

# ચૌદવી કા ચાંદ: હિન્દી સિનેમામાં 'મુસ્લિમ સોશિયલ' ફિલ્મોના ઉદયની અમર ગાથા

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

ભારતીય સિનેમાના ઈતિહાસમાં કેટલીક ફિલ્મો એવી હોય છે જે માત્ર પડદા પર આવતી અને જતી વાર્તાઓ નથી હોતી, પરંતુ તે એક આખા યુગનું પ્રતિનિધિત્વ કરે છે. ૧૯૬૦માં રિલીઝ થયેલી ફિલ્મ 'ચૌદવી કા ચાંદ' આવી જ એક માઈલસ્ટોન ફિલ્મ છે. આ ફિલ્મ માત્ર ગુરુ દત્તની કારકિર્દીની આર્થિક તારણહાર જ નહોતી, પરંતુ તેણે હિન્દી સિનેમામાં 'મુસ્લિમ સોશિયલ' (Muslim Social) શૈલીની ફિલ્મો માટે એક રાજમાર્ગ તૈયાર કરી આપ્યો હતો.

એક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ: હારમાંથી સર્જાયેલી જીત

આ લેખની શરૂઆત કરતા પહેલા આપણે ગુરુ દત્તના જીવનના એ સમયગાળાને સમજવો પડશે. ૧૯૫૯માં જ્યારે ગુરુ દત્તે તેમની મહત્વાકાંક્ષી ફિલ્મ 'કાગઝ કે ફૂલ' બનાવી, ત્યારે તે બોક્સ ઓફિસ પર ખરાબ રીતે નિષ્ફળ ગઈ હતી. આ નિષ્ફળતાએ ગુરુ દત્તને માનસિક અને આર્થિક રીતે તોડી નાખ્યા હતા. તેમણે નક્કી કર્યું કે હવે તેઓ ક્યારેય ફિલ્મનું દિગ્દર્શન નહીં કરે (જોકે 'ચૌદવી કા ચાંદ' માં દિગ્દર્શક તરીકે મોહમ્મદ સાદિકનું નામ છે, પરંતુ તેની દરેક ફ્રેમમાં ગુરુ દત્તની કલાત્મક દ્રષ્ટિ સ્પષ્ટ દેખાય છે).

પોતાના પ્રોડક્શન હાઉસ 'ગુરુ દત્ત મુવીઝ'ને બચાવવા માટે તેમણે એક વ્યાવસાયિક સફળતાની જરૂર હતી. આ જરૂરિયાતમાંથી જન્મી 'ચૌદવી કા ચાંદ'. આ ફિલ્મ માત્ર સુપરહિટ જ ન રહી, પણ તેણે સિનેમાના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું.

'મુસ્લિમ સોશિયલ' શૈલીનો ઉદય

'મુસ્લિમ સોશિયલ' ફિલ્મો એટલે એવી ફિલ્મો જેમાં મુસ્લિમ સંસ્કૃતિ, નઝાકત, તહેઝીબ (સંસ્કાર), ઉર્દૂ શાયરી અને સામાજિક મૂલ્યોને કેન્દ્રમાં રાખવામાં આવે. 'ચૌદવી કા ચાંદ' એ આ શૈલીની બ્લુ પ્રિન્ટ ગણાય છે. લખનૌની ગલીઓ, ભવ્ય હવેલીઓ, અદબથી થતી વાતચીત અને ખાસ કરીને 'પર્દા પ્રથા' ની આસપાસ વણાયેલી આ વાર્તાએ પ્રેક્ષકોને એક અનોખી દુનિયામાં લઈ જવાનું કામ કર્યું.

આ ફિલ્મ પછી જ 'મેરે મહેબૂબ', 'બહુ બેગમ', 'પાકીઝા' અને 'નિકાહ' જેવી ફિલ્મો માટે વાતાવરણ તૈયાર થયું. ઉર્દૂ ભાષાની મીઠાશ અને લખનૌવી સંસ્કૃતિના દર્શન કરાવવામાં આ ફિલ્મનો ફાળો સર્વોપરી છે.

વાર્તાનું હાર્દ: પ્રેમ, દોસ્તી અને કુરબાની

ફિલ્મની વાર્તા બે ગાઢ મિત્રો, અસલમ (ગુરુ દત્ત) અને નવાબ




(રેહમાન) ની આસપાસ ફરે છે. આ બંને મિત્રો અજાણતા એક જ સુંદર યુવતી જમીલા (વહીદા રહેમાન) ના પ્રેમમાં પડે છે. નવાબ જમીલાને બજારમાં જોવે છે અને તેની સુંદરતા પર મોહિત થઈ જાય છે, પરંતુ તે તેનું નામ-ધામ જાણતો નથી. બીજી તરફ, સામાજિક દબાણ અને નવાબ પ્રત્યેની વફાદારીને કારણે અસલમના લગ્ન જમીલા સાથે થાય છે.

જ્યારે નવાબને ખબર પડે છે કે જે સ્ત્રીને તે પ્રેમ કરતો હતો તે તેના જ જીગરી જાન દોસ્તની પત્ની છે, ત્યારે વાર્તામાં ગંભીર વળાંક આવે છે. અહીંથી શરૂ થાય છે ત્યાગ, આત્મમંથન અને સંવેદનાની પરાકાષ્ઠા. ફિલ્મનો અંત અત્યંત ભાવુક છે, જે દર્શાવે છે કે સાચી મિત્રતા કુરબાની માંગે છે.

વહીદા રહેમાન: સૌંદર્યની પરાકાષ્ઠા

આ ફિલ્મની ચર્ચા વહીદા રહેમાન વગર અધૂરી છે. ફિલ્મનું શીર્ષક ગીત 'ચૌદવી કા ચાંદ હો યા આફતાબ હો...' જ્યારે પડદા પર વાગે છે, ત્યારે વહીદા રહેમાનની સુંદરતા ખરેખર પૂનમના ચંદ્ર સમાન લાગે છે. વી.કે. મૂર્તિની સિનેમેટોગ્રાફી અને પ્રકાશના આયોજને વહીદાજીને એક દૈવી સુંદરતા અર્પી હતી. તેમની અભિનય ક્ષમતા અને નૃત્યકળાએ પાત્રમાં પ્રાણ ફૂંક્યા હતા.

સંગીત અને શાયરી: ફિલ્મનો આત્મા

રવિનું સંગીત અને શકીલ બદાયુનીના ગીતો આજે પણ એટલા જ લોકપ્રિય છે. મોહમ્મદ રફીના અવાજમાં ગવાયેલું ટાઈટલ સોંગ ભારતીય સિનેમાના શ્રેષ્ઠ ગીતોમાંનું એક છે.

'ચૌદવી કા ચાંદ હો, યા આફતાબ હો, જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો...'

આ ગીતની રચના અને તેનું ફિલ્માંકન એટલું પ્રભાવશાળી હતું કે તે સમયના પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ જતા. આ ઉપરાંત 'મિલી ખાક મેં મોહબ્બત', 'યે લખનૌ કી સરઝમીન' જેવા ગીતોએ લખનૌની સંસ્કૃતિને જીવંત કરી હતી. ગુરુ દત્તની ફિલ્મોની ખાસિયત તેની સિનેમેટોગ્રાફી રહેતી. વી.કે. મૂર્તિએ આ ફિલ્મમાં પ્રકાશ અને છાયા (Light and Shadow) નો જે ઉપયોગ કર્યો છે, તે અભ્યાસનો વિષય છે. ખાસ કરીને બ્લેક એન્ડ વ્હાઈટ જમાનામાં ચહેરાના હાવભાવ અને વાતાવરણની ગંભીરતાને જે રીતે કેપ્ચર કરવામાં આવી છે, તે અદભૂત છે. ટાઈટલ સોંગ રંગીન (Eastmancolor) માં શૂટ કરવામાં આવ્યું હતું, જે તે સમયે એક મોટું આકર્ષણ હતું. 'ચૌદવી કા ચાંદ' માત્ર એક પ્રેમ ત્રિકોણ નથી, પરંતુ તે સ્ત્રીના સન્માન અને મિત્રતાના મૂલ્યોની વાત કરે છે. મુસ્લિમ સમાજમાં પર્દા પ્રથા પાછળની ગરિમા અને તેનાથી સર્જાતી ગેરસમજોને ફિલ્મમાં ખૂબ જ નાજુક રીતે વણી લેવામાં આવી છે. નવાબના પાત્ર દ્વારા નિર્દેશકે એ દર્શાવ્યું છે કે પ્રેમમાં પાગલ વ્યક્તિ પણ જો સંસ્કારી હોય, તો તે પોતાની મર્યાદા ક્યારેય ઓળંગતો નથી.

# ડભોઈમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

• ડભોઈ: ફકીરા ખત્રી

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને અજેય શક્તિના પ્રતિક ગણાતા શ્રી પરશુરામ ભગવાનના જન્મોત્સવ નિમિત્તે ડભોઈ શહેરમાં અનેરો ભક્તિમય ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરની આયુષ્ય સોસાયટીમાં આવેલા નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મ સમાજ અને સ્થાનિક રહીશો દ્વારા ભક્તિભાવપૂર્વક મહા આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકીય અગ્રણીઓ અને ભક્તોની પ્રેરક ઉપસ્થિતિ

આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે



વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ બી.જે. બ્રહ્મભટ્ટ, સોનલબેન કિશોરભાઈ સોલંકી તેમજ આસપાસના વિસ્તારના આગેવાનો અને બ્રહ્મ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ભગવાન પરશુરામની મહા આરતીનો લાભ લઈ આશીર્વાદ મેળવ્યા હતા.

મહા આરતી દરમિયાન સમગ્ર નર્મદેશ્વર મહાદેવ મંદિર પરિસર 'જય પરશુરામ' અને 'જય જય પરશુરામ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ ભગવાનના શૌર્ય અને જ્ઞાનના ગુણોનું સ્મરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ ધર્મલાભ લીધો હતો.

આરતી બાદ ઉપસ્થિત તમામ ભક્તોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. બ્રહ્મ સમાજ અને આયુષ્ય સોસાયટીના રહીશોના સંયુક્ત સહયોગથી આયોજિત આ કાર્યક્રમે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક વાતાવરણ ઊભું કરવાની સાથે સામાજિક એકતાના પણ દર્શન કરાવ્યા હતા.

# પશ્ચિમ બંગાળમાં પીએમ મોદીના વાયદા

## પાંચ લાખની મફત સારવાર અને મહિલાઓને ૭ હજારની રોકડ ... પણ સવાલ એ છે કે આ અબજોનો બોજો ઉઠાવશે કોણ?

• કોલકાતા/અમદાવાદ:

ચૂંટણી આવે એટલે વચનોનો પૂર આવે એ ભારતીય રાજનીતિની જૂની પરંપરા છે. પશ્ચિમ બંગાળના રણમેદાનમાં પ્રચાર કરવા ઉતરેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જે જાહેરાતો કરી છે, તેણે આર્થિક વિશ્લેષકો અને સામાન્ય જનતામાં એક નવી ચર્ચા છેડી દીધી છે. 'ભાજપની સરકાર બનશે તો મહિલાઓને 5 લાખ સુધીની મફત સારવાર અને ખેતી સાથે જોડાયેલી મહિલાઓને વાર્ષિક ૭ હજાર રૂપિયાની સહાય'–આ વચનો સાંભળવામાં જેટલા મધુર છે, તેના અમલીકરણના ગણિત એટલા જ જટિલ છે.

તિજોરી પર બોજો: ભાજપ પર કે ભારતના અર્થતંત્ર પર?

રાજકીય પક્ષો જ્યારે મંચ પરથી 'રેવડી' વહેંચવાની વાત કરે છે, ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે આ પૈસા આવશે ક્યાંથી?

* કોઈ પક્ષ પોતાની તિજોરીમાંથી ખર્ચ કરતો નથી: ભાજપ હોય કે અન્ય કોઈ પક્ષ, ચૂંટણી જીત્યા પછી જે યોજનાઓ લાગુ થાય છે તેનો તમામ આર્થિક બોજો દેશના કરદાતાઓના (Taxpayers) ખિસ્સા પર જ પડે છે.

* અર્થતંત્ર પર અસર: જો કોઈ પણ સરકાર ગણતરી વગર આવા મોટા નાણાકીય પેકેજો જાહેર કરે, તો દેશની 'રાજકોષીય ખાધ' (Fiscal Deficit) વધે છે. અંતે આ બોજો મોંઘવારીના રૂપમાં સામાન્ય જનતાએ જ ભોગવવો પડે છે.

વડાપ્રધાન એ માત્ર એક પક્ષના નેતા નથી, પરંતુ આખા દેશના પ્રતિનિધિ છે. જ્યારે દેશના સર્વોચ્ચ પદે બેઠેલી વ્યક્તિ આવા પ્રાદેશિક વચનો આપે છે, ત્યારે કેટલાક ગંભીર સવાલો ઉભા થાય છે:

1. વિકાસ કે મફતની લહાણી? એક તરફ કેન્દ્ર સરકાર 'રેવડી કલ્ચર' (Freebies) વિરુદ્ધ બોલે છે, તો બીજી તરફ ચૂંટણી જીતવા માટે તે જ રસ્તે ચાલે છે?

2. સમાનતાનો અભાવ: જો બંગાળની મહિલાઓ માટે ૭ હજારની સહાય યોગ્ય છે, તો શું આખા દેશની ખેતી સાથે જોડાયેલી મહિલાઓને આ હક ન મળવો જોઈએ? શું માત્ર સત્તા મેળવવા માટે જ આવા ભેદભાવયુક્ત વચનો યોગ્ય છે?

'લોકશાહીમાં જનતાને સપના બતાવવા ગુનો નથી, પણ એ સપનાઓનો પાયો જો દેશના અર્થતંત્રને ખોખલું કરતો હોય, તો એ વચનો ભ્રામક જ ગણાય.'

## રાશીફળ (તા.20-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | વ્યાવસાયિક ક્ષેત્રે નવી જવાબદારીઓ સોંપાઈ શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થશે. સ્વાસ્થ્ય સુધરશે. |
| વૃષભ (બ.વ.ઉ) | સામાજિક માન-સન્માનમાં વધારો થશે. પરિવાર સાથે પ્રવાસનું આયોજન શક્ય છે. અટકેલા નાણાં પરત મળશે. |
| મિથુન (ક.છ.ઘ) | ઓફિસમાં સહકર્મીઓ સાથે તણાવ ટાળવો. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. મન પર કાબૂ રાખવો જરૂરી. |
| કર્ક (ડ.હ) | શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા જાતકો માટે સુવર્ણ તક છે. જીવનસાથી સાથે મધુરતા વધશે. ધાર્મિક યાત્રાના યોગ છે. |
| સિંહ (મ.ટ) | કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળશે. વ્યાપારમાં મોટો ઓર્ડર મળવાની શક્યતા છે. આત્મવિશ્વાસમાં વધારો થશે. |
| કન્યા (પ.ઠ.ણ) | આવક કરતાં ખર્ચમાં વધારો થઈ શકે છે, બજેટ જાળવી રાખવું. સંતાનોના પ્રશ્નો હલ થશે. વિદેશથી સમાચાર મળશે. |
| તુલા (ર.ત) | તમારી સર્જનાત્મક શક્તિ ખીલી ઉઠશે. લાંબા સમયથી ચાલી આવતી બીમારીમાંથી મુક્તિ મળશે. પ્રેમમાં સફળતા મળશે. |
| વૃશ્ચિક (ન.ય.) | જમીન-મકાનના કામમાં સાવચેતી રાખવી. વિરોધીઓ પરાસ્ત થશે. મોસાળ પક્ષ તરફથી લાભની આશા રાખી શકાય. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્યનો સાથ મળશે. નવા મિત્રો બનશે જે ભવિષ્યમાં મદદરૂપ થશે. નોકરીમાં પ્રમોશનના સંકેત છે. |
| મકર (ખ.જ) | માનસિક મૂંઝવણ દૂર થશે. શેરબજારમાં રોકાણ કરતા પહેલા નિષ્ણાતની સલાહ લેવી. અચાનક ધનલાભ થઈ શકે છે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | સામાજિક કાર્યોમાં રુચિ વધશે. વેપારીઓને ઉઘરાણીના નાણાં મળતા રાહત થશે. દાંપત્યજીવન સુખમય રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | કળા અને સાહિત્ય ક્ષેત્રના લોકો માટે દિવસ શ્રેષ્ઠ છે. ઓફિસમાં તમારી પ્રશંસા થશે. ઉત્સાહ જળવાઈ રહેશે. |

# શાહીબાગના વિલિયમ જ્હોન્સ પિત્ઝામાં ડોક્ટરને આવ્યો કડવો અનુભવ: 'અનલિમિટેડ'ના નામે ગંદકી પીરસાય છે?

## પિત્ઝામાંથી વાળ નીકળતા ડોક્ટરે હોબાળો મચાવ્યો, મેનેજમેન્ટે હાથ અધ્ધર કરી લેતા મામલો AMCના દ્વારે પહોંચ્યો

અમદાવાદ: શહેરના ખાનપાનના શોખીનો માટે લાલબત્તી સમાન કિસ્સો ફરી એકવાર સામે આવ્યો છે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા જાણીતા 'વિલિયમ જ્હોન્સ પિત્ઝા' (William John's Pizza) માં જમવા ગયેલા એક જાગૃત નાગરિક અને વ્યવસાયે ડોક્ટર એવા ગ્રાહકને ભોજનમાં જિવાત જેવો જ અનુભવ થયો હતો. પિત્ઝાના પહેલા બાઈટમાં જ 'વાળ' નીકળતા આરોગ્યના લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે.

શું છે સમગ્ર મામલો?

મળતી માહિતી મુજબ, એક ડોક્ટર મિત્રો કે પરિવાર સાથે શાહીબાગ સ્થિત વિલિયમ જ્હોન્સ પિત્ઝામાં 'અનલિમિટેડ મીલ'નો આનંદ લેવા પહોંચ્યા હતા. ઓર્ડર મુજબ જ્યારે ગરમાગરમ માર્ગેરીટા પિત્ઝા ટેબલ પર આવ્યા, ત્યારે ડોક્ટરે જોયું કે પિત્ઝાના પડમાં એક લાંબો વાળ ફસાયેલો હતો.

મેનેજમેન્ટનો ઉદ્ધત જવાબ અને હોબાળો

ડોક્ટરે આ અંગે તાત્કાલિક હોટલના સ્ટાફ અને મેનેજરને જાણ કરી હતી. જોકે, ભૂલ સ્વીકારવાને બદલે અથવા ગ્રાહકની માફી માંગવાને બદલે મેનેજમેન્ટ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો. 'આ તો ભૂલથી રહી ગયો હશે' તેવા બેજવાબદાર વલણને કારણે ડોક્ટરે સ્થળ પર જ હંગામો મચાવ્યો હતો.




AMC ફૂડ વિભાગમાં ફરિયાદ

એક જવાબદાર નાગરિક તરીકે ડોક્ટરે માત્ર હંગામો કરીને સંતોષ ન માન્યો, પરંતુ તાત્કાલિક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના હેલ્થ અને ફૂડ વિભાગને જાણ કરી છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી આવી નામી રેસ્ટોરન્ટ્સ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

પાક્કો ગુજરાતનો સવાલ: પૈસા પૂરા, તો સુવિધા કેમ અધૂરી?

* હાઈજીન ક્યાં છે?: મોટી બ્રાન્ડના બોર્ડ લગાવીને હજારો રૂપિયા વસૂલતી રેસ્ટોરન્ટ્સ કિચનમાં ટોપી કે ગ્લવ્ઝ પહેરવાનું કેમ ભૂલી જાય છે?

* સ્ટાફની બેદરકારી: શું ગ્રાહકોના સ્વાસ્થ્ય કરતા આઉટલેટનો નફો મોટો છે?

* કર્મચારીઓની તાલીમ: જ્યારે ગ્રાહક ફરિયાદ કરે ત્યારે તેની સાથે ગેરવર્તણૂક કરવી કેટલી યોગ્ય?

'બહાર જમતી વખતે સાવધાન રહેજો! તમારી પ્લેટમાં માત્ર સ્વાદ નહીં, બીમારી પણ હોઈ શકે છે. વિલિયમ જ્હોન્સ જેવી નામી બ્રાન્ડમાં જો ડોક્ટર સુરક્ષિત નથી, તો સામાન્ય જનતાનું શું?'

તંત્ર જાગશે ખરું?

હવે જોવાનું એ રહે છે કે AMC નો ફૂડ વિભાગ આ વિલિયમ જ્હોન્સ આઉટલેટ પર દરોડા પાડીને લાયસન્સ રદ કરે છે કે પછી માત્ર દંડ વસૂલીને મામલો થાળે પાડે છે.

# નારી શક્તિ વંદન બિલ રોકાતા ભાજપનો કોંગ્રેસ પર પ્રહાર: 70 કરોડ મહિલાઓના સપનાઓ પર ઘા

ગાંધીનગર: ગાંધીનગરના કોબા સ્થિત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કેન્દ્રિય રાજ્યમંત્રી રક્ષા ખડસે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ નારી શક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલ મુદ્દે કોંગ્રેસ અને INDI ગઠબંધન પર તીખા પ્રહારો કર્યા હતા. રક્ષા ખડસેએ જણાવ્યું કે, મહિલાઓને 33 ટકા અનામત આપતું આ ઐતિહાસિક બિલ લોકસભામાં પસાર થતું અટકાવી કોંગ્રેસે દેશની નારી શક્તિ અને યુવાનોના ભવિષ્ય સાથે દ્રોહ કર્યો છે. તેમણે ઉમેર્યું કે બિલમાં સીમાકંન પછી અમલની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં કોંગ્રેસે રાજકીય હિત માટે મહિલાઓને ન્યાયથી વંચિત રાખી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કોંગ્રેસની "બે મોઢાની રાજનીતિ" પર આક્ષેપ કરતાં જણાવ્યું કે, એક તરફ મહિલાઓના હિતની વાતો અને બીજી તરફ કાયદાકીય સશક્તિકરણ સમયે અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આ બિલ માત્ર કાયદો નહીં પરંતુ, દેશની અડધી વસ્તી માટે સશક્તિકરણનો ઐતિહાસિક અવસર હતો, જેને કોંગ્રેસે નકારાત્મક રાજનીતિથી રોકી દીધો. આ સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, મહિલાઓ આ બાબતે આવનારી ચૂંટણીમાં યોગ્ય જવાબ આપશે.



પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, સંસદમાં બનેલી ઘટના માત્ર એક બિલની હાર નથી પરંતુ, દેશની કરોડો માતા-બહેનોના સપનાઓ પર સીધો પ્રહાર છે. તેમણે કોંગ્રેસ પર પરિવારવાદી રાજનીતિનો આરોપ લગાવતા કહ્યું કે, સામાન્ય પરિવારમાંથી આવતી મહિલાઓ આગળ વધે તે કોંગ્રેસને સ્વીકાર્ય નથી.

પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના નેતાઓએ દાવો કર્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહિલાઓના સશક્તિકરણ માટે ઉજ્જવલા યોજના, સેલ્ફ હેલ્પ ગ્રુપ અને 'લખપતિ દીદી' જેવા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં 50 ટકા સુધી મહિલાઓને આરક્ષણ આપવામાં આવ્યું છે પરંતુ, સંસદ અને વિધાનસભામાં વધુ પ્રતિનિધિત્વ આપવાનો માર્ગ કોંગ્રેસે અટકાવ્યો છે.

# વિશેષ:પ્રેમ એટલે શું? ગણતરી વગરનો ઉમળકો કે પછી આત્માનો અજવાસ?

• લેખઃ પવન મકાન
(ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

પ્રેમ... આ અઢી અક્ષરનો શબ્દ દુનિયામાં સૌથી વધુ બોલાય છે, પણ કદાચ સૌથી ઓછો સમજાય છે. કોઈના માટે પ્રેમ એ આકર્ષણ છે, તો કોઈના માટે એ જવાબદારી. પણ સાચો પ્રેમ શું છે? શું એ માત્ર શબ્દોનો ખેલ છે કે પછી બે આત્માઓ વચ્ચે વહેતું કોઈ અદ્રશ્ય ઝરણું?

માંગ્યા વગર વહેતી ઉર્જા

પ્રેમ એ કોઈ સોદો નથી જ્યાં લેતી-દેતીનો હિસાબ હોય. પ્રેમ તો એ ઉર્જા છે જે માંગ્યા વગર અસ્ખલિત વહેતી રહે છે. જેમ સૂર્ય કિરણો આપવા માટે કોઈ શરત નથી રાખતો, તેમ પ્રેમમાં પણ બસ 'અપાયા' કરવાનો આનંદ હોય છે. એ તો એવું ઝરણું છે જેને વહેવા માટે કોઈ પ્રયત્ન નથી કરવો પડતો, એ તો બસ કુદરતી રીતે વહે છે.

પ્રેમની સૌથી મોટી શરત એ છે કે ત્યાં 'અહંકાર'ને કોઈ સ્થાન નથી. જ્યારે બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ 'Judgment' કે પૂર્વગ્રહોથી મુક્ત હોય, ત્યારે જ ત્યાં સાચો સંવાદ જન્મે છે. જ્યાં ભૂલ સ્વીકારવાની તૈયારી હોય અને રોજ પોતાને બીજા માટે 'બહેતર' બનાવવાની ખેવના હોય, ત્યાં પ્રેમ ખીલે છે. અહંકારથી નગ્ન થયેલું મન જ સામી વ્યક્તિને શાંતિ આપી શકે છે.

આપણે ઘણીવાર પ્રેમને વ્યક્ત કરવા માટે મોટા-મોટા શબ્દો અને ભેટ-સોગાદોનો સહારો લઈએ છીએ. પણ શું ક્યારેય ખુલ્લા આકાશ નીચે, લીલાછમ મેદાનમાં સાથે બેસીને મૌનનો આનંદ માણ્યો છે? જ્યાં શબ્દોની જરૂર ન પડે, માત્ર એકબીજાની હાજરી જ પૂરતી હોય, એ જ સાચો સહવાસ છે. પ્રેમ એ કહ્યા વગરનો એવો ઉમળકો છે જે હૃદયના ધબકારામાં અનુભવાય છે.

જે સંબંધ તમને બાંધે એ પ્રેમ નથી, પણ જે તમને ઉડવા માટે મોકળાશ આપે એ જ સાચો પ્રેમ છે. જ્યાં બંને વ્યક્તિઓ એકબીજાના પૂરક બનીને ખીલી શકે, એકબીજાની વૃદ્ધિમાં આશીર્વાદ બની શકે, ત્યાં જ જીવન સાર્થક બને છે. પ્રેમમાં કોઈને તારવાનો મોહ નથી હોતો, પણ સાથે ડૂબવાની મજા હોય છે.

પ્રેમ એટલે કોઈ ગણતરી નહીં, કોઈ હિસાબ નહીં. એ તો બસ એક કોમળ મન છે જે સામેની વ્યક્તિની પરવાહ અને કાળજીમાં છલકાયા કરે છે. જો તમારા જીવનમાં આવો કોઈ સંબંધ છે.

# દિકરીઓ અને બહેનોની સુરક્ષા માટે ફ્રી સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ ખાતે "Save Humanity" દ્વારા દિકરીઓ અને બહેનોની સુરક્ષા અને સશક્તિકરણને ધ્યાનમાં રાખીને ફ્રી સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ કાર્યક્રમને Everester Nisha Skill Foundation (ENSF) દ્વારા સપોર્ટ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડી.સી.પી. સાહેબ શ્રી જૉન ફાઈસ્ત્રી જિતેન્દ્રભાઈ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં દિકરીઓની સુરક્ષા, સેલ્ફ ડિફેન્સ અને સમાજમાં જાગૃતિ લાવવાના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું, જે હાજર યુવતીઓ માટે પ્રેરણાદાયી બન્યું હતું. પી.આઈ. શ્રી કૃષ્ણનગર - વિજય જોશી સાહેબ,તથા અન્ય પોલીસ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

**પરીક્ષા પૂર્ણ** ગેરરીતિ અટકાવવા લોખંડી સુરક્ષા વ્યવસ્થા કરાઈ હતી

# PSI કેડરની 858 જગ્યા માટે લેખિત પરીક્ષા પૂર્ણ:અમદાવાદ સુરત, વડોદરા અને રાજકોટના લાખો ઉમેદવારોએ પરીક્ષા આપી

### ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરાયેલી PSI કેડરની 858 જગ્યા માટે આજે રાજ્યના ચાર શહેરોમાં લેખિત પરીક્ષા યોજાઈ હતી

• અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરાયેલી PSI કેડરની 858 જગ્યા માટે આજે રાજ્યનાચાર શહેરોમાં લેખિત પરીક્ષા યોજાઈ હતી. આ શારીરિક કસોટીમાં પાસ થયેલા અનેક ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. લેખિત પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSI કેડર (બિન હથિયારી પો.સ.ઇ, હથિયારી પો.સ.ઇ.(પ્લાટુન કમાન્ડર) તથા જેલર ગૃપ-2) ની કુલ-858 જગ્યાઓ માટેની શારીરિક કસોટી તા.21 જાન્યુઆરી,2026થી તા.9 ફેબ્રુઆરી,2026 દરમિયાન યોજવામાં આવી હતી. શારીરિક કસોટીમાં 2.47 લાખ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો, જે પૈકી ઉત્તીર્ણ થયેલ કુલ-1,10,680 ઉમેદવારોની લેખિત પરીક્ષા આજે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેની કૂલ 371 શાળાઓમાં યોજાઈ હતી. અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ ખાતેની આ લેખિત પરીક્ષા સબંધિત પોલીસ કમિશનરના સુપરવિઝન હેઠળ IGP/DIGP




કક્ષાના સિનિયર પોલીસ અધિકારીઓની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.આ લેખિત પરીક્ષા કોઈપણ જાતની ગેરરીતી વગર યોજાય તે માટેની તમામ તૈયારીઓ ભરતી બોર્ડ દ્વારા પુર્ણ કરવામાં આવી છે. ઉમેદવારોને કોઇ મદદની જરૂરીયાત હોય તો હેલ્પ નંબર 8160880331, 8160853877, 8160809253 ઉપર સંપર્ક કરવાનો રહેશે.

આ પરીક્ષા પારદર્શક રીતે કોઈપણ જાતની ગેરરીતી વગર યોજાય તે માટે 4000 જેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા 8000 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી/કર્મચારીઓને પરીક્ષાલક્ષી કામગીરી સોંપવામાં આવી હતી. દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર PI/PSI કક્ષાના એક અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિમણુંક આપવામાં આવી હતી. લેખિત પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા હતા.

શારીરિક કસોટી દરમિયાન ઉમેદવારોના મેળવવામાં આવેલ બાયોમેટ્રીક/ફોટોગ્રાફને લેખિત પરીક્ષા પહેલા બે વખત વેરીફીકેશન કરવામાં આવનાર છે તથા Facial recognition technologyનો ઉપયોગ કરવામાં આવ્યોહતો.પરીક્ષાસાહિત્યમાટે ઉપયોગમાં લેવાનાર તમામ વાહનોને GPS મારફતે ટ્રેક કરી, પોલીસ ભરતી બોર્ડ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ, કરાઈ ખાતેથી મોનીટરીંગ કરવામાં આવ્યું હતું અને સમગ્ર પરીક્ષા CCTV મોનીટરીંગ હેઠળ યોજાઈ હતી.

ઉમેદવારો માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા

અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ ખાતેની આ લેખિત પરીક્ષા સબંધિત પોલીસ કમિશનરના સુપરવિઝન હેઠળ IGP/DIGP કક્ષાના સિનિયર પોલીસ અધિકારીઓની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.આ લેખિત પરીક્ષા કોઈપણ જાતની ગેરરીતી વગર યોજાય તે માટેની તમામ તૈયારીઓ ભરતી બોર્ડ દ્વારા પુર્ણ કરવામાં આવી છે. ઉમેદવારોને કોઇ મદદની જરૂરીયાત હોય તો હેલ્પ નંબર 8160880331, 8160853877, 8160809253 ઉપર સંપર્ક કરવાનો રહેશે.

### બિન-ખેતી (NA) પરવાનગી વિના જમીનનો વ્યવસાયિક ઉપયોગ

# ગીરના જંગલમાં કાયદાના લીરેલીરા: 400થી વધુ રિસોર્ટ્સમાં ગેરરીતિ, હાઈકોર્ટે ત્રણ જિલ્લાના કલેક્ટરોને ખખડાવ્યા!

**ખખડાવ્યા!** જિલ્લા વહીવટીતંત્રની પ્રાથમિક તપાસમાં જે આંકડા સામે આવ્યા છે તે પર્યાવરણ અને કાયદા પ્રેમીઓ માટે ચિંતાનો વિષય છે

• બ્યુરો રિપોર્ટઃ પાક્કો ગુજરાત

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર અભયારણ્યની આસપાસ નિયમોને ઘોળીને પી જનારા રિસોર્ટ માલિકો સામે હવે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે. વન વિભાગની મંજૂરી વિના ખડકાયેલા ગેરકાયદે બાંધકામો અને સરકારી જમીન પરના દબાણો મામલે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની ખંડપીઠે કડક વલણ અપનાવતા અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢના કલેક્ટરો પાસે વ્યક્તિગત સોગંદનામા માગ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રની પ્રાથમિક તપાસમાં જે આંકડા સામે આવ્યા છે તે પર્યાવરણ અને કાયદા પ્રેમીઓ



માટે ચિંતાનો વિષય છે:* ગીર સોમનાથ: સૌથી વરવી સ્થિતિ અહીં છે. તપાસાયેલા 308 એકમોમાંથી 221 માં ગેરરીતિ મળી આવી છે. જેમાંથી 20 રિસોર્ટ્સને સીલ મારી દેવાયા છે.* જૂનાગઢ: અહીં 164 માંથી 141 એકમો કાયદાકીય માપદંડોમાં નિષ્ફળ રહ્યા છે, જેમને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.* અમરેલી: અહીં પણ સ્થિતિ સુધરેલી નથી, 29 માંથી માત્ર 3 એકમો જ નિયમબદ્ધ જણાયા છે.

કેવા પ્રકારની છે ગેરરીતિઓ?

હાઈકોર્ટે નોંધ્યું છે કે આ હોસ્પિટાલિટી યુનિટ્સમાં માત્ર નાની-મોટી ખામીઓ નથી, પરંતુ 'મેજર ડિફેક્ટ્સ' (મુખ્ય ખામીઓ) છે:

1. બિન-ખેતી (NA) પરવાનગી વિના જમીનનો વ્યવસાયિક ઉપયોગ.
2. વન વિભાગની કોઈ પણ મંજૂરી વગર જંગલની બોર્ડર પર બાંધકામ.
3. સરકારી જમીનો પર ગેરકાયદેસર કબ્જો.

હાઈકોર્ટનો સપાટો: 'માત્ર નોટિસથી નહીં ચાલે'

અગાઉ રજૂ કરાયેલા સોગંદનામામાં અધૂરી વિગતો હોવાથી હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે કયા એકમે કયા ચોક્કસ નિયમનો ભંગ કર્યો છે તેની સ્પષ્ટ વિગત આપવી પડશે. કલેક્ટરોએ હવે 15 એપ્રિલ સુધીમાં વિગતવાર અહેવાલ રજૂ કરવાનો રહેશે.

સિંહના અસ્તિત્વ સામે જોખમ?

વર્ષ 2014માં એક અજ્ઞાત પત્રથી શરૂ થયેલી આ કાનૂની લડાઈ હવે નિર્ણાયક તબક્કે છે. સિંહોના સંરક્ષિત વિસ્તારમાં ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિઓ સામે અદાલતનું કડક વલણ એ વાતનો સંકેત છે કે હવે વન્યજીવોના નિવાસસ્થાનમાં કોઈ પણ પ્રકારનું ગેરકાયદે બાંધકામ ચલાવી લેવામાં આવશે નહીં.

# જેની કલમમાં આગ અને છાતીમાં લોખંડ હતું, જાણો ગુજરાતના એ 'બહાદુર કવિ'ની કહાણી!

• બ્યુરો રિપોર્ટઃ પાક્કો ગુજરાત

'મારો, હજુ મારો... જો તમે મને વધુ મારશો તો જ આ દેશની પ્રજા જાગશે!' - આ શબ્દો કોઈ સામાન્ય માણસના નહોતા, પણ ગુજરાતના એક એવા કવિના હતા જેની નસોમાં કવિતા સાથે ક્રાંતિ વહેતી હતી. જ્યારે લોકશાહી કે આઝાદીના આંદોલન વખતે પોલીસની લાઠીઓ વરસતી હતી, ત્યારે આ કવિએ ભાગવાને બદલે છાતી ખુલ્લી કરી પોલીસને પડકાર ફેંક્યો હતો.

ન ગાળો આપી, ન ચીસો પાડી... માત્ર પડકાર!

ગુજરાતના સાહિત્ય જગતમાં અનેક શૂરવીર કવિઓ થયા છે, પણ આ કિસ્સો ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાયેલો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન જ્યારે વાતાવરણ ગરમાયું અને પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો, ત્યારે ચારેબાજુ નાસભાગ મચી ગઈ હતી. પરંતુ આ બહાદુર કવિ અડગ ઉભા રહ્યા. પોલીસે જ્યારે તેમને નિશાન બનાવ્યા, ત્યારે તેમણે ન તો પીછેહઠ કરી કે ન તો મોઢેથી કોઈ અપશબ્દ કાઢ્યો.



લોકોને જગાડવા માટે પોતાનું લોહી વહેવડાવ્યું

પોલીસની એક પછી એક લાઠી તેમના શરીર પર પડતી રહી, લોહીના ટપકાં ધરતી પર પડતા રહ્યા, પણ કવિના ચહેરા પર સ્મિત અને આંખોમાં તેજ હતું. તેમણે ગર્જના કરી કે, 'તમે મને જેટલો વધુ મારશો, એટલો જ જનતાનો આક્રોશ વધશે. મારું લોહી જ આ સૂતેલી પ્રજાને જગાડવાનું કામ કરશે.' તેમની આ અપ્રતિમ બહાદુરી જોઈને લાઠી વીંઝતા પોલીસકર્મીઓના હાથ પણ એક ક્ષણ માટે થંભી ગયા હતા.

સાહિત્ય અને શૌર્યનો સંગમ

ગુજરાતી સાહિત્યમાં કવિઓએ માત્ર પ્રેમ અને કુદરતના ગીતો જ નથી ગાયા, પણ જ્યારે અન્યાય થયો છે ત્યારે કલમને તલવાર બનાવી છે. આ કવિની આ કહાણી આજે પણ ગુજરાતના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમણે સાબિત કરી દીધું કે કવિ માત્ર શબ્દોના સોદાગર નથી હોતા, પણ જ્યારે જરૂર પડે ત્યારે મેદાન-એ-જંગમાં ઉતરીને બલિદાન આપવાની તાકાત પણ રાખે છે.

# ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના નામે મતોની ખેતી? શું ગુજરાત ખરેખર યજમાન છે?

• બ્યુરો રિપોર્ટઃ પાક્કો ગુજરાત

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતા જ રાજકીય પક્ષો વચનો અને સિદ્ધિઓના પોટલાં ખોલવા લાગ્યા છે. ત્યારે અત્યારે સૌથી વધુ ચર્ચાઈ રહ્યો છે મુદ્દો '૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ'નો. સોશિયલ મીડિયાથી લઈને સભાઓ સુધી એવો પ્રચાર થઈ રહ્યો છે કે જાણે ગુજરાતને યજમાન પદ મળી ગયું હોય! પણ શું આ હકીકત છે કે પછી માત્ર ચૂંટણી જીતવાનો એક પેંતરો?

સૌ પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે હજુ સુધી સત્તાવાર રીતે કોઈ દેશનું નામ ફાઈનલ થયું નથી. ભારત સરકાર અને ગુજરાત સરકાર અમદાવાદમાં તેને યોજવા માટે 'બિડ' (દાવેદારી) કરવાની તૈયારી કરી રહી છે. એટલે કે, હજુ તો આપણે રેસમાં ઉતારવાનું વિચારી રહ્યા છીએ, જીતી ગયા નથી!

રાજકીય રીતે જોઈએ તો, પક્ષો ઘણીવાર 'ભવિષ્યના પ્રોજેક્ટ્સ' બતાવીને વિકાસના નામે મત માંગતા હોય છે. પરંતુ જનતાએ આ સવાલો પૂછવા જરૂરી છે:

1. યજમાન ભારત છે કે ગુજરાત?: ગેમ્સ કોઈ રાજ્યને નહીં પણ દેશને મળે છે. ગુજરાત માત્ર એક સંભવિત સ્થળ (Venue) હોઈ શકે.2. સ્થાનિક પ્રશ્નો વિરુદ્ધ ભવ્ય સપના: ગટર, રસ્તા, લાઈટ અને પાણી જેવા સ્થાનિક પ્રશ્નોના ઉકેલ આપવાને બદલે ૨૦૩૦ના સપના બતાવીને મત માંગવા કેટલા યોગ્ય?3. રાજકીય લાભ: જો બિડ નિષ્ફળ જાય, તો શું આ વચનોની કોઈ કિંમત રહેશે?આજની જનતા ડિજિટલ છે અને તથ્યો જાણે છે. જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગલી-મહોલ્લાના પ્રશ્નો મુખ્ય હોવા જોઈએ, ત્યારે ૨૦૩૦ની ઈવેન્ટના નામે પ્રચાર કરવો એ મતદારોને ભ્રમિત કરવા જેવું છે. સરકારના પ્રયાસો આવકાર્ય છે કે તેઓ રમતગમતને પ્રોત્સાહન આપે છે, પણ તેને 'ચૂંટણી કાર્ડ' તરીકે વાપરવું એ લોકશાહીમાં કેટલું ઉચિત?નિષ્કર્ષ કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં આવે તે દરેક ગુજરાતી માટે ગૌરવની વાત છે, પણ તે હજુ એક 'સંભાવના' છે, 'સત્ય' નહીં. તો શું તમે તમારા કિંમતી મત માત્ર એક સંભાવનાના નામે આપશો?

# કેનેડાની ધરતી પર ગુંજ્યા અખાભગતની વાણીના સૂર: ૪૯૧મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી



કેનેડા:ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ અને જ્ઞાની સંત અ ખાભગતની ૪૯૧મી જન્મજયંતી નિમિત્તે સાત સમુદ્ર પાર કેનેડામાં પણ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. કેનેડામાં સ્થિત "અખાનિવાસ" ખાતે એક વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેનેડા સ્થિત ગુજરાતી પરિવારો અને મિત્રવર્તુળ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં અખાભગતની પ્રતિમા સમક્ષ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અખાભગતની ક્રાંતિકારી વાણી ગણાતા પ્રસિદ્ધ *'છપ્પાઓ'*નું ગાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત શ્રોતાઓએ અખાના દર્શન અને તેમના જીવનમૂલ્યો પર ચિંતન કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.આ પ્રસંગે "અખાનિવાસ"ના સભ્યોએ જણાવ્યું હતું કે, 'અમારો મુખ્ય હેતુ નવી પેઢીને આપણા મૂળિયાં અને મહાન સંતોના વિચારોથી પરિચિત કરાવવાનો છે.

### અમદાવાદમાં ગરમીનો પારો 40 પર પહોંચ્યો

# રાજ્યમાં આકરી ગરમી વચ્ચે 8 જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી:40.9 ડિગ્રી તાપમાન સાથે રાજકોટ સૌથી ગરમ શહેર

• અમદાવાદ

રાજ્યમાં આકરી ગરમીનો રાઉન્ડ શરૂ થયો છે. મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. રાજ્યમાં સતત બીજા દિવસે રાજકોટ શહેર સૌથી ગરમ રહ્યું. રાજકોટમાં 40.9 ડિગ્રી જ્યારે અમદાવાદમાં 40 ડિગ્રી નોંધાયું. તો બીજી તરફ સાયક્લોનિક સર્કયુલેશન સક્રિય થતા આજથી ત્રણ દિવસ અલગ અલગ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.આજે 8 જિલ્લામાં માવઠાની શક્યતા છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય, ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ



જણાવ્યું હતું કે, એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેના પ્રભાવના કારણે 19, 20 અને 21 એપ્રિલના અનેક જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદ થવાની શક્યતા છે. જોકે 24 કલાકમાં તાપમાનમાં કોઈ પણ મોટો બદલાવ જોવા મળ્યો નથી. જેમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં જોવા મળ્યું છે. તેમજ અમદાવાદમાં પણ 41 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તેમજ તાપમાનમાં ખાસ કોઈ બદલાવ જોવા મળી શકે તેમ નથી. તેમજ 5 દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવા માટેની પણ સૂચના આપવામાં આવી છે. 15થી 20 કિલોમીટર સુધી પવન ફૂંકાઈ શકે છે.હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં સુરતને બાદ કરતા અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના 5 શહેરમાં ગરમીનો પારો 41Cને પાર પહોંચી ગયો છે. 18 એપ્રિલે 41.9 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. તો અમદાવાદમાં પણ ગરમીનો પારો 41.8 અને સુરેન્દ્રનગરમાં 41.7 ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે આજથી 21 એપ્રિલ સુધી કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોના મહતમ તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.મહારાષ્ટ્રના વર્ધા અને છત્તીસગઢમાં રાજનાંદગાંવમાં તાપમાન 45C

અફરાતફરી

મહિલાઓ અણીદાર બેરીકેડ કુદી અને લોકો બેભાન થયા, બાળકોની ચીસો નીકળી

# પાણીની લૂંટ ને પોલીસનો લાઠીચાર્જ, ઉધના રેલવે સ્ટે. પર અફરાતફરી

**લાંબા સમયથી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં રેલવે તંત્ર નિષ્ફળ રહ્યું છે. ઉનાળાના વેકેશનની શરૂઆત થતા જ પરપ્રાંતીયોએ વતન તરફ દોટ મૂકી છે**

• સુરત

સુરતના ઉધના રેલવે સ્ટેશન પર વધુ એકવાર ભીડ અને અફરાતફરી મચી ગઈ છે. લાંબા સમયથી આ સમસ્યાનો ઉકેલ લાવવામાં રેલવે તંત્ર નિષ્ફળ રહ્યું છે. ઉનાળાના વેકેશનની શરૂઆત થતા જ પરપ્રાંતીયોએ વતન તરફ દોટ મૂકી છે, જેના કારણે ભાગદોડ મચી ગઈ હતી. મુસાફરો 16 કલાકથી ભૂખ્યા-તરસ્યા 2 કિલોમીટરથી વધુ લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા હતા. ભીડ એટલી હદે વધી ગઈ છે કે કાબૂમાં લેવામાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. આ દરમિયાન કેટલીક મહિલાઓ સાથે બાળકો હતા અને સ્થિતિ વણસતા તેઓ રડવા લાગ્યા હતા. માત્ર એટલું જ નહીં, મહિલાઓ અણીદાર બેરિકેડ કુદાવ્યા હતા. 4000થી વધુ મુસાફરોની સામે માત્ર બે ટ્રેનની સુવિધા ઉપલબ્ધ હોવાથી આ સ્થિતિ સર્જાઈ હતી. અસહ્ય ગરમી અને ગૂંગળામણને કારણે લાઈનમાં ઊભેલા બે મુસાફર બેભાન થઈ ગયા હતા. તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે મુસાફરોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. પીવાના પાણીની તીવ્ર અછત વચ્ચે જ્યારે પાણીની વ્યવસ્થા કરવામાં આવી, ત્યારે લોકો એકબીજાના હાથમાંથી પાણીની બોટલો લૂંટતા હોય તેવા ભયાનક દૃશ્યો સામે આવ્યા હતા. આ ભીડમાં એક હૃદયદ્રાવક કિસ્સો પણ જોવા મળ્યો હતો, જેમાં એક યુવક પોતાની પત્નીની અસ્થિઓ હાથમાં લઈ કલાકો સુધી ટ્રેનમાં ચઢવા માટે આમતેમ રઝળતો રહ્યો હતો. હાલમાં પણ રેલવે સ્ટેશન પર મુસાફરોનું કીડિયારું ઉભરાયું હોય તેવી સ્થિતિ છે.

જ્યારે રેલવે વિભાગના અધિકારીઓ બચાવમાં આવ્યા છે. રેલવે ઓફિસર શ્રવણકુમાર મેઘવાલે જણાવ્યું કે ભીડને જોતા અમે પ્રી-પ્લાનિંગ કર્યું છે અને ચાર-પાંચ એક્સ્ટ્રા અનરિઝર્વ્ડ ટ્રેનો ચલાવી છે. રાત્રે 1:30 વાગ્યે એક ટ્રેન 4000 મુસાફરોને લઈને રવાના થઈ હતી. ત્યારબાદ સવારે પણ અંત્યોદય અને તાપ્તી ગંગા જેવી ટ્રેનો દ્વારા હજારો મુસાફરોને મોકલવામાં આવ્યા છે. 6 ટ્રેનોની માગ સામે 6 ટ્રેનો દોડાવવામાં આવી હોવાનો દાવો રેલવે કરી રહ્યું છે, પરંતુ ગ્રાઉન્ડ પરની ભીડ આ દાવાઓને પોકળ સાબિત કરે છે.



અભાજીત બિંદ નામનો યુવક તેની 25 વર્ષીય સ્વર્ગસ્થ પત્ની નીલમ દેવીની અસ્થિઓ લઈને પ્રયાગરાજ જવા માટે ગઈકાલ રાતથી વલખા મારી રહ્યો હતો. પત્નીના અવસાન બાદ તેની અંતિમ ઈચ્છા મુજબ ગંગામાં અસ્થિ વિસર્જન કરવા માટે પરિવાર સાથે નીકળેલા અભાજીતને સ્ટેશન પરની ભીડને કારણે ટ્રેનમાં ચઢવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. કલાકો સુધી સ્ટેશન પર અટવાયેલા આ પરિવારની મજબૂરી અને વેદના જ્યારે રેલવે પોલીસના ધ્યાને આવી, ત્યારે માનવતા દાખવીને પોલીસે તાત્કાલિક દરમિયાનગીરી કરી હતી. રેલવે પોલીસની મદદથી આખરે પરિવારને તાપી ગંગા ટ્રેનમાં સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા હતા, જેથી તેઓ સમયસર પ્રયાગરાજ પહોંચી પત્નીની અસ્થિઓનું વિસર્જન કરી શકે.

સુરતમાં વસતા લાખો શ્રમિકો હોળી, દિવાળી કે ઉનાળાની રજાઓમાં વતન જવા માટે ઉધના સ્ટેશનનો આશરો લે છે. વર્ષોથી આ સમસ્યા યથાવત છે, છતાં રેલવે પ્રશાસન દ્વારા કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. સ્ટેશનની બહાર માત્ર દોઢ હજાર લોકોની ક્ષમતા ધરાવતો એક શેડ બનાવવામાં આવ્યો છે. જ્યારે મુસાફરોની સંખ્યા હજારોમાં હોય છે, જેના કારણે યાત્રીઓ સ્ટેશનથી 2 કિલોમીટર લાંબી લાઈન લગાવીને રોડ પર બેસવા મજબૂર બન્યા છે. સુરતમાં અત્યારે અંગ દઝાડતી 40 ડિગ્રી ગરમી પડી રહી છે. આવી કાળઝાળ ગરમીમાં મુસાફરો 14 થી 16 કલાક સુધી ખુલ્લા આકાશ નીચે લાઈનમાં ઉભા રહે છે. સૌથી ગંભીર બાબત એ છે કે લાઈનમાં ઉભેલા નાના બાળકો અને વૃદ્ધો માટે પીવાના પાણી કે શૌચાલયની કોઈ વ્યવસ્થા નથી. જો કોઈ મુસાફર લાઈન છોડીને પાણી પીવા જાય, તો તેનો ક્રમ જતો રહે છે અને લાઈનમાં ફરી પાછળ જવું પડે છે, જેના કારણે લોકો તરસ્યા-તરસ્યા લાઈનમાં જ જકડાઈ રહે છે. જે વિસ્તારમાં મુસાફરોની કિલોમીટરો લાંબી લાઈન લાગે છે, તે વિસ્તાર સંવેદનશીલ ગણાય છે. રાત્રિના સમયે અહીં સ્ટ્રીટ લાઈટની કોઈ સુવિધા નથી, જેના કારણે મુસાફરો અંધારામાં બેસી રહે છે. રેલવે તંત્રના દાવાઓ મુજબ સુરક્ષાની મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં મહિલાઓ અને બાળકો સાથે અંધારામાં કલાકો સુધી બેસી રહેવું અત્યંત જોખમી સાબિત થઈ રહ્યું છે. રેલવે વિભાગની આ અરાજકતા પર પ્રવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે જ્યારે દિવ્ય ભાસ્કરે રેલવેના PRO અનુભવ સક્સેના સાથે વાત કરી, ત્યારે તેમણે આશ્ચર્યજનક નિવેદન આપ્યું કે, ત્યાં લાઈટની શું જરૂર છે? કારણ કે લાઈન તો દિવસ દરમિયાન હોય છે. આજે અચાનક મોટી સંખ્યામાં મુસાફરો આવી જવાથી આ સ્થિતિ સર્જાઈ છે, આ દર વખતની સમસ્યા નથી. અમે વધારાની ટ્રેનોની માંગ કરી છે અને ટૂંક સમયમાં મુસાફરોને સુવિધા મળી રહેશે.' અધિકારીના આ નિવેદને રેલવેની સંવેદનહીનતા છતી કરી દીધી છે. સુવિધાના અભાવે મુસાફરોમાં રોષ, રિફંડ વગર પરત ફરવા મજબૂરભારે અરાજકતા વચ્ચે ટ્રેનમાં બેસવાની પૂરતી સુવિધા કે જગ્યા ન મળતા અનેક મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. ગીચતા અને વ્યવસ્થાના અભાવે કંટાળીને ઘણા યાત્રીઓ મુસાફરી પડતી મૂકીને પરત ફર્યા હતા. આ પરિસ્થિતિમાં મુસાફરોનો આક્રોશ ત્યારે વધુ ભભૂક્યો જ્યારે રેલવે તંત્ર દ્વારા ટિકિટના પૈસા પરત આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. એક તરફ મુસાફરીનો હક છીનવાયો અને બીજી તરફ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવતા મુસાફરોમાં તંત્રની બેદરકારી સામે ભારે નારાજગી જોવા મળી હતી.

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે

# ખુલ્લી ગટરો, ગંદકીને મચ્છરોના ત્રાસથી માનદરવાજા વિસ્તારના સ્થાનિકો ત્રાહિમામ

ત્રાહિમામ

સ્વચ્છ સુરતની આરોગ્ય વોર્ડ ઓફિસમાં જ કચરાના ઢગલા, સ્થાનિકે કહ્યું, 'ચારેય કોર્પોરેટરમાંથી એક પણ આવતા નથી'

• સુરત

સ્વચ્છતા સર્વેક્ષણમાં ડંકો વગાડતા સુરત શહેરમાં ફરી એકવાર ચૂંટણીનો ગરમાવો જોવા મળી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે તમામ પક્ષો મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ, શું વાસ્તવિકતામાં જમીની સ્તર પર સ્થિતિ બદલાઈ છે? આ જાણવા માટે દિવ્ય ભાસ્કરની ટીમ વોર્ડ નં. 20 (ખટોદરા, મજુરા, સગરામપુરા)નો ગ્રાઉન્ડ રિઆલિટી જાણવા પહોંચી હતી. જેમાં વોર્ડ નં. 20માં મહાનગરપાલિકા સંચાલિત આરોગ્ય વોર્ડ ઓફિસના ગ્રાઉન્ડમાં જ ચારેતરફ કચરાના ઢગલા ખડકાયેલા છે. જે કચેરીએ લોકોના રોગચાળા સામે રક્ષણ આપવાનું હોય, ત્યાં જ ગંદકીનું



સામ્રાજ્ય જોવા મળ્યું છે. માનદરવાજા વિસ્તારના લોકો ખુલ્લી ગટરો, ગંદકી અને મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગયા છે.

સ્થાનિક ચંદુભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, સમસ્યા અહીંયા આગળ એ છે કે આ વગર ફાલતુની બધી લાઈન ખોદેલી છે અને તેના લીધે અમને પરેશાની થવું પડતું છે કે આ બધા મોહલ્લામાં મચ્છરોનો ખૂબ જ ત્રાસ છે. વોટ માંગવા માટે આવે છે પણ અહીંયા આગળ કોઈની કોઈ જાહેરાત થતી નથી અને કોઈ આવતું નથી, કોઈ કોર્પોરેશનનું આવતું નથી. ચાર-ચાર કોર્પોરેટર છે પણ ચારેયમાંથી એક પણ જોવા નથી આવતા. આ વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે જાહેર જનતાની સુવિધા માટે પે એન્ડ યુઝ શૌચાલય બનાવવામાં આવ્યું હતું. પરંતુ જાળવણીના અભાવે આ શૌચાલય લાંબા સમયથી બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યું છે. શૌચાલય બંધ હોવાથી લોકો હવે તેનો ઉપયોગ કચરો નાખવા માટે કરી રહ્યા છે. શૌચાલયની આસપાસ પણ એટલી હદે ગંદકી ફેલાઈ છે કે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે સ્થાનિકોમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગો ફેલાવાનો ભય રહે છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર અહીં આસપાસના લોકો કચરો ફેંકી જાય છે અને અધિકારી પણ કંઈ બોલતા નથી જો અધિકારી કંઈ બોલવા જાય તો લોકો અધિકારી સાથે પણ ઝઘડો કરે છે અને આ કારણે અધિકારીઓ પણ મૌન જેવી રહ્યા છે. અહીં આસપાસ ગટરો પણ ખુલ્લી નજરે પડી રહી છે અને તેમાં અસહ્ય ગંદકી અને મચ્છરોનું સામ્રાજ્ય નજરે પડી રહ્યું છે લોકોનું કહેવું છે કે આ ખુલ્લી ગટરમાં થોડા સમય પહેલા બે બાળકો પણ પડ્યા હતા તેમને અમે જ બહાર કાઢ્યા હતા. સ્થાનિક ગુલાબભાઈ સૈયદે જણાવ્યું હતું કે, અહીં આ ખુલ્લી ગટરોમાં ખૂબ જ ગંદકી છે મચ્છરોનો પણ એટલો ત્રાસ છે સામેવાળા લોકોએ અરજી કરી તો ગટરના ઢાંકણા નાખી દીધા છે. પરંતુ આ બાજુ હજુ કોઈ ઢાંકણા નાખવામાં આવ્યા નથી. આ અમારી સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તો અમે મત પણ આપશું. પરંતુ કોર્પોરેટર કોણ છે તે તો મને ખબર નથી.

# સુરતમાં આમ આદમી પાર્ટીનો 'ગોલ્ડન ઉમેદવાર':60 તોલા સોનું અને બાઉન્સરોના કાફલા સાથે હાઈવોલ્ટેજ પ્રચાર

કલ્પેશ બારોટ જ્યારે વોર્ડ નં. 1ની ગલીઓમાં જનસંપર્ક માટે નીકળે છે, ત્યારે દ્રશ્યો કંઈક અલગ જ હોય છે

• સુરત

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને સમગ્ર શહેરમાં રાજકીય માહોલ ગરમાયો છે. આ ચૂંટણીમાં અનેક ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે, પરંતુ આમ આદમી પાર્ટીના એક ખાસ ઉમેદવારે આખા સુરતનું ધ્યાન ખેંચ્યું છે. વોર્ડ નં. 1માંથી ચૂંટણી લડી રહેલા કલ્પેશ બારોટ હાલ 'ગોલ્ડન મેન' તરીકે પ્રખ્યાત થયા છે. તેઓ જ્યારે પ્રચારમાં નીકળે છે ત્યારે 60 તોલા સોનું અને તેમની સાથે ચાલતા બાઉન્સરો સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ સુધી ચર્ચાનો વિષય બન્યા છે. આમ આદમી પાર્ટીના આ 'ગોલ્ડન ઉમેદવાર'ની જીવનશૈલી અને તેમનો અંદાજ અન્ય તમામ ઉમેદવારો કરતા તદ્દન અલગ તરી આવે છે. કલ્પેશ બારોટ જ્યારે વોર્ડ નં. 1ની ગલીઓમાં જનસંપર્ક માટે નીકળે છે, ત્યારે દ્રશ્યો કંઈક અલગ જ હોય છે. આંગળીઓમાં સોનાની વીંટીઓ, હાથમાં ભારેખમ સોનાના બ્રેસલેટ અને ગળામાં જાડી સોનાની ચેન પહેરીને તેઓ મતદારો પાસે જાય છે. તેમની આ અનોખી સ્ટાઈલ જોઈને લોકો સ્તબ્ધ થઈ જાય છે. પ્રચાર દરમિયાન તેઓ 60થી 65 તોલા સોનું પહેરે છે, જેની બજાર કિંમત



લાખોમાં થાય છે. આટલું સોનું પહેરીને સામાન્ય રીતે કોઈ બહાર નીકળતા ડરતું હોય છે, પરંતુ કલ્પેશભાઈ આત્મવિશ્વાસ સાથે મતદારો વચ્ચે ફરે છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે કલ્પેશ બારોટ ગુજરાતના કદાચ એવા પ્રથમ ઉમેદવાર હશે જેઓ પોતાના પ્રચારમાં ખાનગી બાઉન્સરો સાથે રાખે છે. તેમની સાથે કાયમ બે બાઉન્સરો રહે છે. આ અંગે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે, આ બાઉન્સરો તેમના પારિવારિક મિત્રો જેવા છે. જોકે, તેમણે આડકતરી રીતે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, વિરોધ પક્ષના ઉમેદવારોની જે રીતે ખરીદ-વેચાણની રાજનીતિ ચાલી રહી છે, તેનાથી બચવા અને પોતાની સુરક્ષા માટે તેઓ આ વ્યવસ્થા રાખે છે. ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા સોગંદનામામાં કલ્પેશ બારોટે પોતાની મિલકતોનો વિગતવાર ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, તેમની પાસે અંદાજે 90 લાખ રૂપિયાની કિંમતનું સોનું છે. તેમની પાસે રહેલી સ્થાવર અને જંગમ મિલકતોની વિગતો પણ એફિડેવિટમાં દર્શાવવામાં આવી છે. કલ્પેશભાઈનું કહેવું છે કે, તેમણે કંઈ પણ છુપાવ્યું નથી અને જે છે તે જનતાની સામે પારદર્શક રીતે રજૂ કર્યું છે.

# સાડા ત્રણ વર્ષની બાળકીને સાપે ડંખ મારતા મોત:એકની એક દીકરી ગુમાવતા માતાનો આક્રંદ

હાંગીરપુરા બ્રિજ નીચે મોડીરાત્રે ઊંઘતી હતીને સાપે ડંખ માર્યો

• સુરત

આર્થિક રીતે નબળા અને ફૂટપાથ કે બ્રિજ નીચે આશરો લઈને રહેતા શ્રમિક પરિવારો માટે કુદરત પણ ક્યારેક કેટલી ક્રૂર બની શકે છે, તેનો જીવંત અને હૃદયદ્રાવક દાખલો સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં જોવા મળ્યો છે. અહીં જહાંગીરપુરા બ્રિજ નીચે રહેતા એક શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું છે. રાત્રિના સમયે જ્યારે આખું શહેર ઘસઘસાટ ઊંઘતું હતું, ત્યારે એક ઝેરી સાપે સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીને દંશ મારતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, જહાંગીરપુરા બ્રિજ નીચે રહેતી મેઘનાબેન ઠાકોર નામની મહિલા તેની સાડા ત્રણ વર્ષની દીકરી મહેક અને તેની નાની સાથે રહેતી હતી. શનિવારની મધ્યરાત્રિએ અંદાજે 1:00 વાગ્યાના સુમારે આ કરુણ ઘટના બની હતી. મહેક તેની માતા અને નાની પાસે શાંતિથી નિદ્રા માણી રહી હતી. ગરમી અને ખુલ્લા વાતાવરણને કારણે બ્રિજ નીચે પથરાયેલા પલંગ કે ગોદડા પર સૂતેલી આ માસૂમ બાળકી પર અચાનક એક ઝેરી ડંખ માર્યો હતો. સાપે બાળકીના શરીરે ડંખ મારતા જ મહેક પીડાથી ચીસ પાડી ઉઠી હતી. બાળકીના રડવાનો અવાજ સાંભળીને માતા મેઘનાબેન અને નાની તુરંત જ જાગી ગયા હતા. આસપાસ તપાસ કરતા ત્યાં સાપ હોવાનું જણાતા પરિવારમાં અફરાતફરી મચી ગઈ હતી. અડધી રાત્રે બ્રિજ નીચે બચાવો-બચાવોની બૂમો પડતા આસપાસના અન્ય શ્રમિકો પણ દોડી આવ્યા હતા. બાળકીને સાપ કરડ્યો હોવાનું માલૂમ પડતા જ પરિવાર તેને તાત્કાલિક સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયો હતો. હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં તબીબો દ્વારા બાળકીને મૃત જાહેર કરવામાં આવી હતી. દીકરીના મોતના સમાચાર સાંભળતા જ માતા મેઘનાબેન હોસ્પિટલના પટાંગણમાં જ ભાંગી પડ્યા હતા.

# BPCLમાં 250 એક્ઝિક્યુટિવની ભરતી વાર્ષિક રૂ. 17 લાખ સુધીનું પેકેજ અપાશે

• સુરત

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જૂનિયર એક્ઝિક્યુટિવ, એસોસિએટ એક્ઝિક્યુટિવ અને સેક્રેટરી સહિતની 250 જગ્યાઓ માટે ભરતી જાહેર કરી છે. લાયકાત ધરાવતા ઉમેદવારો 17 મે સુધી સત્તાવાર વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ પોસ્ટ્સ માટે પસંદગી પામેલા ઉમેદવારોને વાર્ષિક રૂ. 17.11 લાખ સુધીનું સીટીસી પેકેજ મળશે. સૌ પ્રથમ સ્ક્રૂટિની દ્વારા વિગતો અને અનુભવના આધારે અરજીઓની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારો માટે કોમ્પ્યુટર બેઝ્ડ લેખિત પરીક્ષા યોજાશે. આ પરીક્ષા પાસ કરનારાઓએ ગ્રુપ ટાસ્ક કે ચર્ચામાં ભાગ લેવાનો રહેશે. અંતે, વ્યક્તિગત ઈન્ટરવ્યુ અને મેડિકલ ટેસ્ટ બાદ મેરિટના આધારે આખરી પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. ઉમેદવારોએ તમામ અસલ દસ્તાવેજો સાથે હાજર રહેવું અનિવાર્ય છે, જેમાં કોઈપણ ક્ષતિ જણાયે અરજી રદ થઈ શકે છે. પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય તે માટે દરેક તબક્કાનું મૂલ્યાંકન સખત માપદંડો હેઠળ કરવામાં આવશે. એન્જિનિયરિંગ ડિપ્લોમા, એકાઉન્ટ્સ (Inter CA), એમેનિટીઝ, સેક્રેટરી, QA (M.Sc) કે હિન્દી માસ્ટર્સમાં 55-60% ગુણ અને 3-5 વર્ષનો અનુભવ જરૂરી. SC/ST/PwBD ને 5% છૂટ છે. વયમર્યાદા અને અન્ય શરતો નોટિફિકેશન મુજબ જ રહેશે.

જૂનિયર એક્ઝિક્યુટિવ (એન્જિનિયરિંગ): 175 ■ એસોસિએટ એક્ઝિક્યુટિવ (QA): 30જૂનિયર એક્ઝિક્યુટિવ (એકાઉન્ટ્સ): 25 જૂનિયર એક્ઝિક્યુટિવ (વે-સાઈડ એમેનિટીઝ): 10સેક્ટરી / એસોસિએટ એક્ઝિક્યુટિવ (હિન્દી): 10 કુલ જગ્યાઓ: 250

અમદાવાદ, ગાંધીનગર સહિત 5 શહેરમાં તાપમાન 41 Cને પાર, 41.9 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર

# 5 જિલ્લામાં આજે ગાજવીજ સાથે વરસાદની આગાહી

• અમદાવાદ

રાજ્યભરમાં આકરી ગરમીનો પ્રકોપ શરૂ થઈ ચૂક્યો છે. ત્યારે આકરા તાપ વચ્ચે આજથી ત્રણ દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે 18 એપ્રિલે રાજ્યમાં સૌથી વધુ રાજકોટમાં 41.9 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજકોટ સિવાય અમદાવાદ, અમરેલી, વડોદરા, ગાંધીનગર અને ડીસામાં પણ તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર પહોંચ્યો હતો. જેના કારણે લોકો પરસેવે રેબઝેબ થયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. આજે અમરેલી, ભાવનગર, દાહોદ, છોટા ઉદેપુર અને મહીસાગરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા મુજબ, હાલમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જેનો પ્રભાવ ઉત્તર-પશ્ચિમ ભાગોમાં જોવા મળી રહ્યો છે. સાથે-સાથે, દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાન અને આસપાસના રાજસ્થાન વિસ્તારમાં સમુદ્ર સપાટીથી આશરે 0.9 કિમી ઊંચાઈએ ચક્રવાતી પરિભ્રમણ રચાયું છે. તેમજ ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ સુધી ટ્રફ લાઈન પસાર થઈ રહી છે, જે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર લાવી શકે છે. આગામી ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. તો દક્ષિણ ગુજરાતમાં સુરત અને ભરૂચમાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે માછીમારો માટે રાહતની વાત એ છે કે, આગામી પાંચ દિવસ માટે કોઈ ખાસ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. દરિયાકાંઠા વિસ્તારોમાં પવનની ગતિ 15થી 20 નોટ્સ વચ્ચે રહેવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં સુરતને બાદ કરતા અન્ય જિલ્લાઓના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. હાલમાં ગુજરાતના 5 શહેરમાં ગરમીનો પારો 41Cને પાર પહોંચી ગયો છે. 18 એપ્રિલે 41.9 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. તો અમદાવાદમાં પણ ગરમીનો પારો 41.8 અને સુરેન્દ્રનગરમાં 41.7 ડિગ્રીએ પહોંચ્યો હતો. જો કે આજથી 21 એપ્રિલ સુધી કમોસમી વરસાદની આગાહીને પગલે વિવિધ શહેરોના મહતમ તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. દેશના ઉત્તર-પશ્ચિમના રાજ્યો અને મધ્ય ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. શનિવારે છત્તીસગઢના રાજનાંદગામ અને મહારાષ્ટ્રના વર્ધામાં તાપમાન 45C નોંધાયું હતુ. શનિવારે દેશના 10 સૌથી ગરમ શહેરમાં ઉત્તરપ્રદેશના બાંદામાં 44.6, તેલંગણાના આદિલાબાદમાં 44.3, મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતીમાં 44.2 અને મધ્યપ્રદેશના રતલામમાં 44Cનો સમાવેશ થાય છે. રાજસ્થાન, યૂપી, મધ્યપ્રદેશ, ઓડિશા, તેલંગણા અને છત્તીસગઢના અનેક શહેરમાં તાપમાન 43Cથી વધારે રહ્યું. એટલે કે મે પહેલા જ મહતમ તાપમાનમાં જબરજસ્ત વધારો થયો છે. હવામાન વિભાગે આજે છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડમાં રાત્રિના સમયે લૂનું એલર્ટ જાહેર કર્યું છે. સતત ત્રીજા દિવસે આ રાજ્યોમાં ગરમીનો પારો 40Cથી વધારો નોંધાયો હતો.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# DCએ હારના મુખમાંથી જીત છીનવી, 6 વિકેટે જીત્યા:છેલ્લી ઓવરમાં કિલર મિલરે મેચ પતાવી

## દિલ્હી કેપિટલ્સે રોમાંચક IPL મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટથી હરાવ્યું



દિલ્હી કેપિટલ્સે રોમાંચક IPL મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 6 વિકેટથી હરાવ્યું. DCને છેલ્લી ઓવરમાં 15 રનની જરૂર હતી, અને ટીમે એક બોલ બાકી રાખી ટાર્ગેટ હાંસલ કરી લીધું. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા બેંગલુરુએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 175 રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીએ 19.5 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને લક્ષ્યનો પીછો કર્યો હતો. DCની ટીમ ત્રીજી જીત સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને આવી ગઈ છે. જ્યારે, RCB 8 પોઈન્ટ સાથે બીજા નંબર પર છે. 176 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની શરૂઆત સારી રહી નહોતી. ટીમે પાવરપ્લેમાં જ 3 વિકેટ ગુમાવી દીધી હતી. આ ત્રણેય વિકેટ ભુવનેશ્વર કુમારે લીધી હતી. જોકે, ઓપનર કે.એલ. રાહુલ ટકી રહ્યો અને ફિફ્ટી ફટકારી. તેની અને ટ્રિસ્ટન સ્ટબ્સ વચ્ચે ચોથી વિકેટ માટે 69 રનની ભાગીદારી થઈ હતી. રાહુલ ઉપરાંત સ્ટબ્સે અણનમ 60 રન બનાવ્યા હતા. ડેવિડ મિલરે 10 બોલમાં નોટઆઉટ 22 રન બનાવ્યા. બેંગલુરુ માટે ભુવનેશ્વર કુમારે 3 વિકેટ ઝડપી હતી, જ્યારે કૃણાલ પંડ્યાને 1 વિકેટ મળી હતી.

મેચ દરમિયાન ફરી એકવાર દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલ ક્રેમ્પની સમસ્યાથી ઝઝૂમતા જોવા મળ્યો હતો, જેના કારણે ગેમ થોડીવાર માટે રોકવી પડી. અમ્પાયરોએ ફિઝિયો સાથે વાત કરી અને અંતે અક્ષર મેદાનની બહાર ગયો. તેની જગ્યાએ ડેવિડ મિલર મેદાન પર આવ્યો.

11મી ઓવરમાં દિલ્હીએ ચોથી વિકેટ ગુમાવી હતી. ઓવરનો પહેલો બોલ કૃણાલ પંડ્યાએ ગુડ લેન્થ પર ફેંક્યો હતો. કે.એલ. રાહુલ આગળ નીકળીને મોટો શોટ રમવા ગયા, પરંતુ બોલ હવામાં ઊંચો થયો. વિરાટ કોહલીએ લોન્ગ-ઓફ પોઝિશન પર ડાઈવ લગાવીને શાનદાર કેચ પકડી લીધો હતો. રાહુલ 57 રન બનાવીને આઉટ થયો.

10મી ઓવરમાં કે.એલ. રાહુલે ફિફ્ટી પૂરી કરી છે. ઓવરના ત્રીજા બોલ પર રાહુલે 2 રન લીધા અને 30 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. તે ટ્રિસ્ટન સ્ટબ્સ સાથે હાફ સેન્ચુરી પાર્ટનરશીપ પણ કરી ચૂક્યો છે. પાવરપ્લેમાં DCએ 50 રન બનાવતા 3 વિકેટ ગુમાવી હતી. શરૂઆતમાં ભુવનેશ્વર કુમારે પહેલી જ ઓવરમાં પાથુમ નિસાંકાને LBW કરીને શાનદાર શરૂઆત અપાવી હતી. ત્યારબાદ ભુવનેશ્વરે પોતાની બીજી ઓવરમાં વાપસી કરતા કરુણ નાયર અને સમીર રિઝવીને આઉટ કરીને બે મોટા ઝટકા આપ્યા હતા. ત્રીજી ઓવરમાં DCની ઈનિંગ પૂરી રીતે લથડાઈ ગઈ હતી. ભુવનેશ્વર કુમારે પોતાની બીજી ઓવરમાં શાનદાર બોલિંગ કરતા બે વિકેટ ઝડપી હતી. પહેલા તેણે કરુણ નાયરને કેચ આઉટ કરાવ્યો, જ્યાં ફિલ સોલ્ટે શાનદાર કેચ ઝડપ્યો હતો. ત્યારબાદ સમીર રિઝવી પણ બહાર જતી બોલ પર એજ (Edge) આપીને વિકેટકીપર જિતેશ શર્માના હાથે કેચ આઉટ થયા. આ ઓવરમાં કુલ 7 રન બન્યા, પરંતુ દિલ્હીએ પોતાની ત્રીજી વિકેટ ગુમાવી દીધી અને 3 ઓવરના અંતે સ્કોર 22/3 થઈ ગયો.

IPL

સેમસને છગ્ગો મારીને ખાતું ખોલ્યું

# 4,4,4,6,6...અભિષેક શર્માની 15 બોલમાં જ ફિફ્ટી ક્લાસેનો જમ્પિંગ અને ઋતુરાજનો ડાઈવિંગ કેચ

## અભિષેકે SRH માટે સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ પણ બનાવ્યો. આ પહેલા તેણે અને ટ્રેવિસ હેડે 16-16 બોલમાં અડધી સદી ફટકારી હતી

IPLની 27મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ચેન્નઈ સુપર કિંગ્સને 11 રનથી હરાવ્યું. રાજીવ ગાંધી સ્ટેડિયમમાં અભિષેક શર્માએ માત્ર 15 બોલમાં ફિફ્ટી ફટકારી. સંજુ સેમસને છગ્ગો ફટકારીને ઈનિંગ્સની શરૂઆત કરી. જ્યારે ઋતુરાજ ગાયકવાડે શાનદાર ડાઈવિંગ કેચ પકડ્યો. પાંચમી ઓવરના છેલ્લા બોલ પર અભિષેક શર્માએ મેથ્યુ શોર્ટ સામે છગ્ગો ફટકાર્યો. આ સાથે તેણે 15 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી. આ ઓવરમાં અભિષેકે શોર્ટ સામે સતત 5 બાઉન્ડ્રી ફટકારી. જેમાં 3 ચોગ્ગા અને 2 છગ્ગાનો સમાવેશ થાય છે. અભિષેકે SRH માટે સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ પણ બનાવ્યો. આ પહેલા તેણે અને ટ્રેવિસ હેડે 16-16 બોલમાં અડધી સદી ફટકારી હતી. પાવરપ્લેની છેલ્લી ઓવરમાં SRH એ 2 વિકેટ ગુમાવી દીધી. ઓવરના પાંચમા બોલ પર મુકેશ ચૌધરીએ ફુલ લેન્થ બોલ ફેંક્યો. ટ્રેવિસ હેડે શોટ રમ્યો, પરંતુ મિડ ઓફ પર ઋતુરાજ ગાયકવાડે શાનદાર કેચ પકડ્યો. આગલા જ બોલ પર ઈશાન કિશન પણ મિડ ઓફ પર કેચ આઉટ થયો. હૈદરાબાદે પાવરપ્લેમાં 75 રન બનાવ્યા. 7મી ઓવરના પાંચમા બોલને અભિષેક શર્માએ ડીપ મિડવિકેટ તરફ પૂરી તાકાતથી માર્યો.



બોલ ફુલ લેન્થ હતો, અભિષેકે ફ્લિક કર્યો, પરંતુ ટાઈમિંગ યોગ્ય ન રહ્યું. મિડ-વિકેટ બાઉન્ડ્રી પર ઉભેલા શિવમ દુબેએ કેચ પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કેચ પકડી શક્યા નહીં. 8મી ઓવરના છેલ્લા બોલ પર હૈદરાબાદે ત્રીજી વિકેટ ગુમાવી. અભિષેક શર્મા 22 બોલમાં 59 રન બનાવીને આઉટ થયો. તેને વિકેટકીપર સંજુ સેમસને જેમી ઓવર્ટનની બોલ પર કેચ કર્યો. પ્રથમ અપીલ પર ફિલ્ડ અમ્પાયરે અભિષેકને નોટઆઉટ જાહેર કર્યો. આવા સંજોગોમાં સેમસનના કહેવા પર કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે રિવ્યુ માંગ્યો. રિવ્યુથી જાણવા મળ્યું કે બોલે અભિષેકના બેટની બહારની કિનારી લીધી હતી. વિકેટકીપર સંજુ સેમસને પહેલી જ બોલ પર છગ્ગો ફટકારીને ચેન્નઈનું ખાતું ખોલ્યું. તેણે પ્રફુલ્લ હિંગેની શોર્ટ પિચ બોલને સ્ક્વેર લેગની દિશામાં બાઉન્ડ્રીની બહાર મોકલી દીધો. જોકે, સેમસન ઈનિંગ્સની બીજી જ ઓવરમાં 7 રન બનાવીને કેચ આઉટ થઈ ગયો, તેને નીતિશ રેડ્ડીએ પેવેલિયન ભેગો કર્યો. આયુષ મ્હાત્રેને બીજી ઓવરમાં જીવનદાન મળ્યું. ઓવરના પાંચમા બોલ પર નીતિશ રેડ્ડીએ ગુડ લેન્થ પર આઉટ સ્વિંગર ફેંકી. આયુષ મ્હાત્રેએ સામેની તરફ શોટ રમ્યો, પરંતુ બોલ હવામાં ઉછળી ગયો. ક્લાસન પાછળની તરફ દોડતા બોલ નીચે પહોંચ્યા, પરંતુ કેચ પકડી શક્યા નહીં. મ્હાત્રે આ સમયે ખાતું પણ ખોલી શક્યા ન હતા. 5મી ઓવરમાં હેનરિક ક્લાસેને આયુષ મ્હાત્રેનો જ શાનદાર ડાઈવિંગ કેચ પકડ્યો. ઓવરના ચોથા બોલ પર નીતિશ રેડ્ડીએ ફુલર લેન્થ ફેંકી. મ્હાત્રેએ ઈનસાઈડ આઉટ શોટ રમ્યો, પરંતુ ક્લાસેને મિડ ઓફ પર શાનદાર જમ્પ કર્યો અને કેચ પકડી લીધો. મ્હાત્રેએ 13 બોલમાં 30 રન બનાવ્યા.

વૈશ્વિક સ્તરે 10% સ્ટાફ ઓછો થશે

# મેટાનો 8,000 કર્મચારીઓની છટણીનો પ્લાન 20 મેથી વર્કફોર્સ ઘટાડવાની પ્રક્રિયા શરૂ થશે

## મેટા ગ્લોબલ વર્કફોર્સનો લગભગ 10% હિસ્સો ઘટાડવાની તૈયારીમાં છે, AI રોકાણ અને કાર્યક્ષમતાને કારણભૂત ગણાવવામાં આવી રહ્યા છે

• નવી દિલ્હી

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા આ વર્ષે મે મહિનામાં લગભગ 8,000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢવાનું આયોજન કરી રહી છે. આ છટણી 2022ના અંત અને 2023ની શરૂઆતમાં થયેલા રિસ્ટ્રક્ચરિંગ પછી કંપનીનું સૌથી મોટું પગલું હશે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, મોટા પાયે થનારી આ વર્કફોર્સ કપાત 20 મેની આસપાસ શરૂ થઈ શકે છે.

પ્રારંભિક તબક્કામાં મેટા તેની કુલ ગ્લોબલ વર્કફોર્સનો લગભગ 10% હિસ્સો ઘટાડવાની તૈયારીમાં છે. આ ઉપરાંત, કંપની વર્ષના બીજા છ મહિનામાં પણ કેટલાક




વધુ કર્મચારીઓની છટણી કરી શકે છે. જોકે, છટણીની ચોક્કસ તારીખ અને કર્મચારીઓની સંખ્યામાં હજુ પણ ફેરફારની શક્યતા છે. મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગ હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માં અબજો ડોલરનું રોકાણ કરી રહ્યા છે. કંપનીના અધિકારીઓનું માનવું છે કે AIની વધતી ક્ષમતાઓને કારણે હવે ભવિષ્યમાં મેનેજમેન્ટ લેયર્સ ઓછા થશે અને AI-આસિસ્ટેડ વર્કર્સ દ્વારા કામમાં વધુ કાર્યક્ષમતા આવશે. પહેલાં એવા અહેવાલો પણ આવ્યા હતા કે મેટા તેના કુલ વર્કફોર્સનો 20% કે તેથી વધુ હિસ્સો ઘટાડી શકે છે.

મેટા ગ્લોબલ વર્કફોર્સનો લગભગ 10% હિસ્સો ઘટાડવાની તૈયારીમાં છે. મેટા ગ્લોબલ વર્કફોર્સનો લગભગ 10% હિસ્સો ઘટાડવાની તૈયારીમાં છે. ટેક અને મીડિયા સેક્ટરમાં છટણીનો આ દોર ફક્ત મેટા પૂરતો સીમિત નથી. તાજેતરના મહિનાઓમાં એમેઝોને પણ તેના લગભગ 30,000 કોર્પોરેટ કર્મચારીઓ (લગભગ 10% વ્હાઈટ-કોલર સ્ટાફ)ને બહારનો રસ્તો બતાવ્યો છે. જ્યારે ડિઝનીના સીઈઓ જોશ ડી'અમારોએ પણ ટીવી બિઝનેસ, ESPN અને ટેકનોલોજી વિભાગમાંથી લગભગ 1,000 કર્મચારીઓને હટાવવાની જાહેરાત કરી છે.

વર્ષ 2024માં અત્યાર સુધીમાં 73,000થી વધુ લોકો બેરોજગાર ટેક કંપનીઓમાં નોકરીઓની કપાત પર નજર રાખતી વેબસાઈટ Layoffs.fyi અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં 73,000થી વધુ કર્મચારીઓ પોતાની નોકરી ગુમાવી ચૂક્યા છે.

ગયા વર્ષે એટલે કે 2024માં આ આંકડો 1.53 લાખને પાર હતો. મેટાએ ગયા વર્ષે AI પર ભારે ખર્ચ કરવા છતાં 200 બિલિયન ડોલરની આવક અને 60 બિલિયન ડોલરનો નફો કમાયો હતો.

# HDFC બેંકનો નફો 9% વધીને 19,221 કરોડ થયો:માર્ચ ક્વાર્ટરમાં રેવન્યુ પણ 5% વધ્યો

• મુંબઈ




દેશની સૌથી મોટી પ્રાઈવેટ બેંક HDFC બેંકે નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટર (Q4)ના પરિણામો જાહેર કર્યા છે. 31 માર્ચ 2026ના રોજ પૂરા થયેલા આ ક્વાર્ટરમાં બેંકનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ 9% વધીને 19,221 કરોડ રૂપિયા રહ્યો. ગયા નાણાકીય વર્ષના આ જ ક્વાર્ટરમાં તે 17,616 કરોડ રૂપિયા હતો. બેંકે નાણાકીય વર્ષ 2026 માટે શેર દીઠ 13 રૂપિયાના ફાઈનલ ડિવિડન્ડની જાહેરાત કરી છે. તેની ચુકવણી માટે રેકોર્ડ ડેટ 19 જૂન 2026 નક્કી કરવામાં આવી છે. આ પહેલા બેંકે ઓગસ્ટ 2025માં શેર દીઠ 2.5 રૂપિયાનું સ્પેશિયલ વચગાળાનું ડિવિડન્ડ પણ ચૂકવ્યું છે. આ રીતે રોકાણકારોને આખા વર્ષમાં કુલ 15.5 રૂપિયાનું ડિવિડન્ડ મળશે. HDFC બેંકની કુલ નેટ રેવન્યુ વાર્ષિક ધોરણે 5% વધીને 46,280 કરોડ રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષે માર્ચ ક્વાર્ટરમાં તે 44,090 કરોડ રૂપિયા હતી. મુખ્ય આવક એટલે કે નેટ ઈન્ટરેસ્ટ ઈનકમ (NII) પણ 3.2% વધીને 33,080 કરોડ રૂપિયા રહી. બેંકનું નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) કુલ એસેટ્સ પર 3.38% નોંધાયું ચોથા ક્વાર્ટરમાં બેંકની એસેટ ક્વોલિટીમાં સુધારો થયો છે. બેંકનું ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) ઘટીને 1.24%થી 1.15% પર આવી ગયું છે. જ્યારે નેટ NPA માર્ચ 2026 સુધીમાં 0.38% રહ્યું. બેંકે આ ક્વાર્ટર માટે પ્રોવિઝન્સ અને કન્ટિન્જન્સી તરીકે 2,610 કરોડ રૂપિયા અલગ રાખ્યા છે. બેંકનો કુલ ક્રેડિટ કોસ્ટ રેશિયો 0.35% રહ્યો. બેંકના સરેરાશ ડિપોઝિટ્સમાં સારો વધારો જોવા મળ્યો છે. માર્ચ 2026 ક્વાર્ટરમાં સરેરાશ ડિપોઝિટ્સ 28.5 લાખ કરોડ રૂપિયા રહ્યા, જે ગયા વર્ષની સરખામણીમાં 12.8% વધુ છે. આ જ રીતે બેંકના સરેરાશ CASA (કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ) ડિપોઝિટ્સ પણ 10.8%ના ગ્રોથ સાથે 9.18 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયા છે. બેંકનો કેપિટલ એડિક્વસી રેશિયો (CAR) 19.7% રહ્યો, જે નિયમનકારી જરૂરિયાત 11.9% થી ઘણો વધારે છે. આ બેંકની મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે.

# બજાજ 'ડોમિનર 400'નું નવું મોડેલ લોન્ચ:એન્જિન 349ccનું થતાં કિંમતમાં 37,000નો તોતિંગ ઘટાડો

• નવી દિલ્હી

બજાજ ઓટોએ તેની લોકપ્રિય ટુરર બાઈક 'ડોમિનર 400'નું નવું વર્ઝન ભારતીય બજારમાં લોન્ચ કર્યું છે. આ નવા મોડેલની સૌથી મોટી વિશેષતા તેની કિંમત અને એન્જિનમાં થયેલો ફેરફાર છે. કંપનીએ 'ડોમિનર 400'ની કિંમતમાં 37,000 રૂપિયાનો મોટો ઘટાડો કર્યો છે. હવે દિલ્હીમાં તેની એક્સ-શોરૂમ કિંમત 2.04 લાખ રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ પહેલા આ બાઈકની કિંમત 2.40 લાખ રૂપિયા હતી. કિંમત ઘટાડવા પાછળનું મુખ્ય કારણ એન્જિનના કદ (ડિસ્પ્લેસમેન્ટ)ને ઘટાડવાનું છે, જેના કારણે બાઈક હવે ઓછા ટેક્સ સ્લેબના દાયરામાં આવી ગઈ છે. ખરેખરમાં, ભારતમાં 350ccથી વધુ એન્જિન ક્ષમતાવાળી મોટરસાયકલ પર 40% ટેક્સ (GST + સેસ) લાગે છે. જ્યારે 350ccથી ઓછી ક્ષમતાવાળી બાઈક પર ફક્ત 18% ટેક્સ લાગે છે. બજાજે 'ડોમિનર'ના જૂના 373cc એન્જિનને ડાઉનસાઈઝ કરીને હવે 349cc કરી દીધું છે. એન્જિનના આ નાના ફેરફારને કારણે બાઈક સીધી રીતે ઓછા ટેક્સવાળા બ્રેકેટમાં આવી ગઈ, જેનો ફાયદો કંપનીએ કિંમત ઘટાડીને ગ્રાહકોને આપ્યો છે. તાજેતરમાં બજાજે 'ટ્રાયમ્ફ' રેન્જ સાથે પણ આ જ પ્રયોગ કર્યો હતો. ટેકનિકલ રીતે જોઈએ તો, બજાજે 349ccનું આ નવું એન્જિન જૂના એન્જિનના બોરને જાળવી રાખીને તેના સ્ટ્રોકને નાનો કરીને તૈયાર કર્યું છે. પાવર: નવું એન્જિન 40.6hp પાવર જનરેટ કરે છે, જે જૂના મોડેલ (40hp) કરતાં 0.6hp વધુ છે. જોકે, આ પીક પાવર હવે 9,000rpm પર મળે છે.

ટૉર્ક: બાઈકનો ટૉર્ક થોડો ઘટ્યો છે. પહેલાં તે 35Nm હતો, જે હવે ઘટીને 33.2Nm થઈ ગયો છે.

પર્ફોર્મન્સ: પીક ટૉર્ક હવે 7,500rpm છે, જે જૂના મોડેલની સરખામણીમાં 1,000rpm ઓછો છે. બાઈકમાં પહેલાંની જેમ 6-સ્પીડ ગિયરબોક્સ આપવામાં આવ્યું છે.

'ડોમિનર 400'નું નવું વર્ઝન 2.04 લાખ રૂપિયામાં લોન્ચ કરાયું છે.

'ડોમિનર 400'નું નવું વર્ઝન 2.04 લાખ રૂપિયામાં લોન્ચ કરાયું છે.

# સોનું 1,328 વધીને 1.52 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી 10 હજાર મોંઘી થઇ

• નવી દિલ્હી

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો. સોનું 1,328 રૂપિયા વધીને 1.52 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 10 એપ્રિલ, શુક્રવારે 1.50 લાખ રૂપિયા પર હતું. જ્યારે ચાંદી 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.50 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમત 10,006 રૂપિયા વધી છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 18,460 રૂપિયા અને ચાંદી 19,520 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.50 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો.

13 વર્ષનો એલી ચૂંટણીના પરિણામોથી શેરબજાર સુધી ચોક્કસ ભવિષ્યવાણી કરી રહ્યો છે

# કિશોર અભ્યાસની સાથે બિઝનેસ, વોલસ્ટ્રીટ સિલિકોનને આશ્ચર્યચકિત કરી રહ્યો છે

• ન્યૂયોર્ક

ચર્ચિત અમેરિકી પત્રકાર જેક ન્યુશમને સોશિયલ મીડિયા પર એક મેસેજ મળ્યો. મોકલનારે લખ્યું હતું કે હું પ્રિડિક્શન માર્કેટ બીટમાં તમારી મદદ કરવા માંગુ છું. ન્યુશમે તેને મજાક સમજ્યો. પરંતુ જ્યારે વીડિયો કૉલ પર દાંતમાં 'બ્રેસિસ' લગાવેલા અને ચહેરા પર નિર્દોષતા સાથે 13 વર્ષનો એલી ગોલ્ડફાઈન સામે આવ્યો, ત્યારે દુનિયા દંગ રહી ગઈ. એલીએ આટલી નાની ઉંમરે એ ક્ષેત્રમાં પ્રભુત્વ જમાવી દીધું છે, જેમાં 25-30 વર્ષના યુવાનોનું વર્ચસ્વ માનવામાં આવે છે. નાના રૂમમાંથી, પુસ્તકો, ટેલિસ્કોપ અને લેપટોપની વચ્ચે બેઠેલો આ છોકરો પ્રિડિક્શન માર્કેટની જટિલ દુનિયાને સમજીને કઈ રીતે પ્રયોગોમાં વ્યસ્ત છે, એલીની શરૂઆત ખૂબ જ રસપ્રદ રહી. તેણે સૌથી પહેલા પોલીમાર્કેટ (પ્રિડિક્શન માર્કેટ) વિશે શીખ્યું અને પછી 'મેનિફોલ્ડ' જેવા પ્લેટફોર્મ પર જાતે પ્રયોગો શરૂ કર્યા. સ્કૂલમાં તેણે સાથીઓ વચ્ચે વિદ્યાર્થી ચૂંટણીઓ પર 'બેટિંગ માર્કેટ' બનાવી દીધું. જોકે, સ્કૂલ પ્રશાસનને આ પસંદ ન આવ્યું, પરંતુ એલી માટે આ શીખવાનો અવસર હતો અને તેણે તેમાં સારો એવો નફો પણ કમાઈ લીધો. આજે એલી માત્ર અનુમાન લગાવીને પૈસા કમાવવા પૂરતો સીમિત નથી. તે 'બેયસિયન સુપર સાયકલ' નામનો બ્લોગ ચલાવે છે. અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મોટા-મોટા નિષ્ણાતો સાથે પ્રશ્ન-



જવાબ પણ કરે છે. તાજેતરમાં તેણે 5C (સી) કેપિટલના સ્થાપકો (જેઓ પહેલા કાલશીમાં કામ કરી ચૂક્યા છે)નો લાઈવ ઈન્ટરવ્યુ લીધો. આવો ઈન્ટરવ્યુ સામાન્ય રીતે મોટા બિઝનેસ ન્યૂઝ ચેનલો કરે છે. આનાથી એલીની દૂરંદેશીતા જાણવા મળે છે. એલીના રૂમની કબાટો તેની બહુમુખી પ્રતિભાની સાક્ષી છે. એક તરફ 'ચાર્લી બ્રાઉન' અને 'કેલ્વિન એન્ડ હોબ્સ' જેવા કોમિક્સના સેટ છે, તો બીજી તરફ બીજગણિત અને ઓપ્ટિક્સના ભારે પુસ્તકો પણ છે. એલીને ટેલિસ્કોપ બનાવવાનો અને તારાઓ જોવાનો શોખ છે. તાજેતરમાં ચર્ચામાં રહેલા ઓપ્ટિકલ ડિઝાઈનર અલ નેગલરનો ઈન્ટરવ્યુ પણ લીધો હતો. માઈક્રોસોફ્ટ રિસર્ચના લોકો સાથે પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. રસપ્રદ વાત એ છે કે ઘણી કંપનીઓ એલીને તક આપવા માંગે છે, પરંતુ 'બાળ મજૂરી કાયદા' વિશે વિચારવા લાગે છે. એલીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન ઈન્ટર્નશિપ માંગી, તો કંપનીના માલિકે હસતા કહ્યું, 'અમારે તારા માતા-પિતા સાથે વાત કરવી પડશે.

### કિંજલ-મૌલિકનો ભાસ્કર સાથે એક્સક્લૂસિવ ખુલાસો

# મુખોટા પાછળના 'શૈતાન'ની કહાની!:'બહેરૂપિયો'ના શૂટિંગમાં મંડરાયો અદ્રશ્ય શક્તિનો પડછાયો

## શું તમે ક્યારેય એવું અનુભવ્યું છે કે, તમારી આસપાસ કોઈની હાજરી છે પણ તમે તેને જોઈ શકતા નથી? કોઈ એવો અનુભવ જેણે તમારા શ્વાસ થંભાવી દીધા હોય?

શું તમે ક્યારેય એવું અનુભવ્યું છે કે, તમારી આસપાસ કોઈની હાજરી છે પણ તમે તેને જોઈ શકતા નથી? કોઈ એવો અનુભવ જેણે તમારા શ્વાસ થંભાવી દીધા હોય? ભૂત-પ્રેત એ માત્ર માણસના મનની ઉપજ છે કે પછી ખરેખર કોઈ એવી અદ્રશ્ય શક્તિ છે, જે ખરેખર ચૂપચાપ મોતની જાળ પાથરે છે? કે આપણી આસપાસ રહેલા કોઈ એવા ચહેરાઓ છે, જેના ઘણા રૂપ છે, જે બહાર દેખાઈ રહ્યા છે, તે વાસ્તવિકતાથી તદ્દન વિપરીત છે? આવા અનેક પ્રશ્નોના જવાબ ગુજરાતી હોરર-થ્રિલર ફિલ્મ 'બેહરૂપિયો' આપી શકે છે. કલાકારોના ધારદાર અભિનય, રહસ્યોથી ભરેલી વાર્તા, VFXથી સુપરનેચરલ પાવરનો અનુભવ કરાવતી આ હૉરર-થ્રિલર ફિલ્મના મુખ્ય કલાકારો, કિંજલ રાજપ્રિયા અને મૌલિક ચૌહાણે દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાતચીત કરી. તેમણે ફિલ્મના નામની પાછળ છુપાયેલું રહસ્ય, પાત્રો માટે કરેલી તૈયારી અને ફિલ્મ દરમિયાન થયેલા ડરામણા અનુભવને શેર કર્યા છે. ફિલ્મનું નામ 'બહેરૂપિયો' રાખવા પાછળનું રહસ્ય જણાવતા કિંજલ રાજપ્રિયાએ કહ્યું કે, 'બહેરૂપિયો એ વેશપલટા કરતા પણ માણસની અંદર છૂપાયેલા અનેક ચહેરાઓને બહાર લાવવાની વાત છે.' તેની વાત સાથે સંમતિ દેખાડતા મૌલિક ચૌહાણે કહ્યું કે, 'દરેક વ્યક્તિ અંગત જીવનમાં અલગ છે અને પ્રોફેશનલ લાઈફમાં અલગ છે. દરેક વ્યક્તિ બહેરૂપિયો છે. તેથી તમારે નક્કી કરવાનું રહેશે કે બહેરૂપિયો કોણ છે.'

કિંજલ રાજપ્રિયા 'બહેરૂપિયો'માં આન્યા નામના પત્રકારની ભૂમિકા ભજવી રહ્યા છે. કિંજલ રાજપ્રિયા 'બહેરૂપિયો'માં આન્યા નામના પત્રકારની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મના ટ્રેલરમાં ખૂબ જ સુંદર છતાં ક્યાંકને ક્યાંક ડરામણા લાગતા લોકેશન્સ દેખાઈ રહ્યા છે. તેના વિશે મૌલિકે કહ્યું કે, 'ફિલ્મનું શૂટિંગ મૂળી, સુરેન્દ્રનગર, અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં થયું છે.' જ્યારે કિંજલે કહ્યું કે, 'ગુજરાતી સિનેમામાં હજુ સુધી આ લોકેશન્સ એક્સપ્લોર થયા નથી. તેથી તેની નવિનતા છે. એક અલગ સુંદરતા છે. અમારા ડીઓપી સુમંત સાહુએ ખૂબ સુંદર રીતે શૂટ કર્યું છે.'

ફિલ્મમાં 'અંતસ્ય આરંભ આગચ્છતી'નો ઉલ્લેખ વારંવાર જોવા મળી રહ્યો છે, ત્યારે અંધશ્રદ્ધાનો અંત થવાનો છે કે ડરનો એવું પૂછતા મૌલિક ચૌહાણે કહ્યું કે, 'અંત તો તમને ખબર પડશે જ, પણ કંઈક આરંભ થવાનું છે.' ફિલ્મમાં આ રહસ્યમયી કથન ઉપરાંત એક ખાસ નિશાન પણ મહત્ત્વનું છે.



તેના વિશે કિંજલ રાજપ્રિયાએ કહ્યું કે, 'બહેરૂપિયો ફિલ્મમાં નવા પ્રકારના પ્રયોગો કરાયા છે. આ એક દંતકથા છે, જે હોરર અને થ્રિલર છે. 'મોંઘેરા મહેમાન ગીત' શહેર અને નેહડાને જોડતી કડી છે. પણ આ બધા વચ્ચે બહેરૂપિયો કોણ છે? હું, મૌલિક, ડેનિશા, આશીમા, આકાશ, નીતા કે જયેશ મોરે? આ ઉપરાંત પણ કેટલાક સરપ્રાઈઝ એલિમેન્ટ્સ છે. તેથી દરેક પાત્રમાંથી કોનો ચહેરો સાચો છે અને કોણ બહેરૂપિયું છે, તેનું એ નિશાન સાથે ઘણું તગડું કનેક્શન છે.'

ફિલ્મની વાર્તા જ ડર, થ્રિલ અને રહસ્યોથી ઘેરાયેલી છે. ત્યારે ફિલ્મની શૂટિંગ દરમિયાન પણ કાસ્ટ અને ક્રુને ડરામણો અનુભવ થયો હતો. મૌલિક ચૌહાણે કહ્યું કે, 'સેટ પર લાઈટમેન સહિત ઘણા બધાને ડરામણા અનુભવો થયા છે. પણ અમારો એક જ ડરામણો અનુભવ હતો, જેમાં અમે એક ગીત શૂટ કરી રહ્યા હતા. એ ગીતને બ્લુટુથથી સ્પીકર પર ચાલુ કરતા હતા. તે ચાલુ થાય અને પછી તરત બંધ થઈ જાય. એ મોબાઈલમાંથી બીજુ ગીત વાગે પણ આ ગીત ચાલુ ન થાય. અમને લાગ્યું કે ફોર્મેટમાં કોઈ પ્રોબ્લેમ હશે. તો સ્પીકર બંધ કરીને ચાલુ કર્યું, તો ગીત વાગ્યું. પછી અમે સ્પીકર બદલ્યું, એ ગીત ન વાગે, પણ બીજા ગીત વાગે. અમે મોબાઈલ પણ બદલ્યો, છતાં એ ગીત તો ના જ વાગ્યું. અમને લાગે છે કે ત્યાં કોઈ એવું હશે, જેમને આ ગીત નહીં ગમતું હોય . બધુ વાઈબ્રન્ટ હતું. રોજ કંઈક નવા અનુભવ થાય.'

કિંજલે પણ વાતમાં ટાપસી પુરાવતા કહ્યું કે, '23-24 દિવસનો અનુભવ એવો જ હતો, આપણે માણસો છીએ તો આપણે એકબીજાની ગોસિપ કરતા હોઈએ. પણ અમારે ત્યાં ભૂતોની ગોસિપ થતી હતી. એટલે કદાચ...પણ એમના કારણે અમારું કોઈ શૂટિંગ અટક્યું નથી. અમને મજા પણ આવતી હતી. પણ એ થ્રિલને લીધે બધું જીવંત લાગતું હતું. પેલું ગીત છે ને, સફર ખુબસુરત હૈ મંઝિલ સે ભી... એના જેવું.' બહેરૂપિયાના બજેટ અને VFXને લઈને મૌલિકે કહ્યું કે, 'આ બિગ બજેટ ફિલ્મ છે. તેમાં VFXનો એક મોટો ભાગ છે. તેને ખૂબ સરસ રીતે ઉપયોગ થયો છે. બેકગ્રાઉન્ડ મ્યુઝિક સારું નિકળ્યું છે. સોનુ નિગમે પણ ગીત ગાયું છે. આ ફિલ્મ ટેકનિકલી ખૂબ સાઉન્ડ છે. કેમેરાની સાથે સાથે એનામોર્ફિક લેન્સ યુઝ થયા છે, જે દર્શકોને લાર્જર ધેન લાઈફ અનુભવ આપે છે.'વાતને આગળ વધારતા કિંજલે કહ્યું, 'ઓવરઓલ ફિલ્મ મેકિંગની મજા પણ એ છે કે, ઘણા બધા નવા કલાકારો અને ટેકનીશિઅન્સ આપણી સાથે જોડાયા છે. આ વાત પણ એક નવી છે, જેની અંદર એક્શન છે, VFX છે, અલગ પ્રકારની સુપરનેચરલ વાઈબ છે. આ ગુજરાતી ઈન્ડસ્ટ્રીના બિહાફ પર અમે પ્રયોગ કર્યો છે કે કંઈક નવું કરીએ. એક દંતકથાને માત્ર હોરરની જેમ રજૂ ન કરીને એક સુપરનેચરલ પાવર તરીકે સામે લાવીએ. દર્શકો માટે નવું પીરસવાનો ભાવ છે, માત્ર એક્ટર્સનો નહીં, ડિરેક્ટર્સ, રાઈટર્સ, પ્રોડ્યુસર્સનો. અથર્વ અને વત્સલે મ્યુઝિક આપ્યું છે, બેકગ્રાઉન્ડ રુશિન દલાલનું છે. આ બધું મળીને જ્યારે ફિલ્મ બની છે, તેથી તે ઘણી ફ્રેશ લાગે છે. નવા પ્રોજેક્ટ્સ સાથે જોડાવામાં એ પણ એક મજા છે. આપણે ફેમિલી ડ્રામા તો કરીએ જ છીએ, ફ્રેન્ડ્સનો ડ્રામા તો કરીએ જ છીએ, પણ આપણે સતત એવા પ્રયત્નો કરીએ છીએ કે ગુજરાતી સિનેમાને કેટલા અલગ અલગ રીતે રજૂ કરી શકાય.'

### લાઈફ પાર્ટનર માટે કહ્યું- વિરાટ કોહલી જેવા છોકરાની શોધમાં છું

# 'હદ છે હો...લોકો ડિનરને ડેટિંગ સમજે છે' ચહલ સાથે નામ જોડાતાં શેફાલીનો ખુલાસો



ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે અફેરની અફવાઓ પર હવે સ્પોર્ટ્સ એન્કર શેફાલી બગ્ગાએ મૌન તોડ્યું છે. ધનશ્રી વર્માથી અલગ થયા પછી ચહલનું નામ સતત શેફાલી સાથે જોડવામાં આવી રહ્યું છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં શેફાલીએ આ અફવાઓને સદંતર નકારી કાઢી. તેણે કહ્યું કે લોકો ખૂબ જ ઝડપથી કોઈપણ મુલાકાતને ખોટું નામ આપી દે છે. થોડા સમય પહેલા ચહલ અને શેફાલી એક સાથે જોવા મળ્યા હતા, જેના પછી સોશિયલ મીડિયા પર તેમના અફેરની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ફિલ્મીજ્ઞાનના પોડકાસ્ટમાં શેફાલી બગ્ગાએ કહ્યું કે તે ડેટિંગની ખબરોથી હવે પરેશાન થઈ ચૂક્યા છે. તેણે કહ્યું, મને આશ્ચર્ય થાય છે કે લોકોની વિચારસરણી કેટલી નાની છે. જો તમે કોઈની સાથે ડિનર પર જાઓ છો, તો લોકો તેને ડેટિંગ સમજી લે છે. આ ખૂબ જ વિચિત્ર છે. પોડકાસ્ટ દરમિયાન જ્યારે શેફાલીને પૂછવામાં આવ્યું કે શું તે કોઈ ક્રિકેટર સાથે લગ્ન કરશે? આના પર તેણે સ્પષ્ટ ના પાડી દીધી. શેફાલીએ કહ્યું- ક્રિકેટ મારો વ્યવસાય છે. હું મારી અંગત અને વ્યાવસાયિક જીવનને મિક્સ કરવા માંગતી નથી. હું કોઈ ક્રિકેટર સાથે લગ્ન કરવા માંગતી નથી. તેણે એમ પણ કહ્યું કે તેને હવે આ અફવાઓથી કોઈ ફરક પડતો નથી, કારણ કે તેને અને તેમના પરિવારને સત્ય ખબર છે. લગ્ન અને લાઈફ પાર્ટનરના સવાલ પર શેફાલીએ કહ્યું કે તે ભવિષ્યમાં વિરાટ કોહલી જેવો પાર્ટનર ઈચ્છે છે. તેને વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની જોડી પરફેક્ટ લાગે છે. શેફાલીના મતે, તે વિરાટ જેવી પર્સનાલિટી અને કમિટમેન્ટવાળો વ્યક્તિ પોતાના જીવનમાં ઈચ્છે છે.શેફાલી બગ્ગા સ્પોર્ટ્સ એન્કરિંગની દુનિયામાં જાણીતું નામ છે. તે 'બિગ બોસ 13'માં કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળી હતી, જ્યાંથી તેને ઘણી લોકપ્રિયતા મળી. શેફાલીના કરિયરની વાત કરીએ તો તેણે ઘણા મોટા ક્રિકેટ ઈવેન્ટ્સ હોસ્ટ કર્યા છે અને સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ રહે છે. ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે અફેરની અફવાઓ પર હવે સ્પોર્ટ્સ એન્કર શેફાલી બગ્ગાએ મૌન તોડ્યું છે. ધનશ્રી વર્માથી અલગ થયા પછી ચહલનું નામ સતત શેફાલી સાથે જોડવામાં આવી રહ્યું છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં શેફાલીએ આ અફવાઓને સદંતર નકારી કાઢી. તેણે કહ્યું કે લોકો ખૂબ જ ઝડપથી કોઈપણ મુલાકાતને ખોટું નામ આપી દે છે. થોડા સમય પહેલા ચહલ અને શેફાલી એક સાથે જોવા મળ્યા હતા, જેના પછી સોશિયલ મીડિયા પર તેમના અફેરની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ફિલ્મીજ્ઞાનના પોડકાસ્ટમાં શેફાલી બગ્ગાએ કહ્યું કે તે ડેટિંગની ખબરોથી હવે પરેશાન થઈ ચૂક્યા છે. તેણે કહ્યું, મને આશ્ચર્ય થાય છે કે લોકોની વિચારસરણી કેટલી નાની છે. જો તમે કોઈની સાથે ડિનર પર જાઓ છો, તો લોકો તેને ડેટિંગ સમજી લે છે. આ ખૂબ જ વિચિત્ર છે. પોડકાસ્ટ દરમિયાન જ્યારે શેફાલીને પૂછવામાં આવ્યું કે શું તે કોઈ ક્રિકેટર સાથે લગ્ન કરશે? આના પર તેણે સ્પષ્ટ ના પાડી દીધી. શેફાલીએ કહ્યું- ક્રિકેટ મારો વ્યવસાય છે. હું મારી અંગત અને વ્યાવસાયિક જીવનને મિક્સ કરવા માંગતી નથી. હું કોઈ ક્રિકેટર સાથે લગ્ન કરવા માંગતી નથી. તેણે એમ પણ કહ્યું કે તેને હવે આ અફવાઓથી કોઈ ફરક પડતો નથી, કારણ કે તેને અને તેમના પરિવારને સત્ય ખબર છે. લગ્ન અને લાઈફ પાર્ટનરના સવાલ પર શેફાલીએ કહ્યું કે તે ભવિષ્યમાં વિરાટ કોહલી જેવો પાર્ટનર ઈચ્છે છે. તેને વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની જોડી પરફેક્ટ લાગે છે. શેફાલીના મતે, તે વિરાટ જેવી પર્સનાલિટી અને કમિટમેન્ટવાળો વ્યક્તિ પોતાના જીવનમાં ઈચ્છે છે.શેફાલી બગ્ગા સ્પોર્ટ્સ એન્કરિંગની દુનિયામાં જાણીતું નામ છે. તે 'બિગ બોસ 13'માં કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળી હતી, જ્યાંથી તેને ઘણી લોકપ્રિયતા મળી. શેફાલીના કરિયરની વાત કરીએ તો તેણે ઘણા મોટા ક્રિકેટ ઈવેન્ટ્સ હોસ્ટ કર્યા છે અને સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ રહે છે.

### પ્રેગ્નન્સી કિટ સાથે દુઆની ક્યૂટ તસવીરે લોકોના દિલ જીત્યા

# દીપિકા-રણવીરના ઘરે ફરી ગુંજશે કિલકારી 40ની ઉંમરે એક્ટ્રેસ બીજી વખત માતા બનશે

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણે રવિવારે પોતાની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી. દીપિકા અને રણવીરના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની દીકરી દુઆની એક તસવીર શેર કરી, જેમાં દીકરીએ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડી હતી, જે પોઝિટિવ રિઝલ્ટ બતાવી રહી હતી. તસવીરમાં રણવીર દીકરીને ખોળામાં લઈને બેઠો છે, જોકે તેનો ચહેરો દેખાતો નથી. તસવીરમાં દુઆનો અડધો ચહેરો દેખાય છે.દીપિકા અને રણવીરની પોસ્ટ પર ઘણા સેલિબ્રિટીઓ રિએક્શન આપી રહ્યા છે. એક્ટ્રેસ નિમરત કૌરે લખ્યું, 'અભિનંદન, તમે બંને ખુશ રહો.'ફિલ્મ 'ધૂરંધર'માં રણવીરના કો-સ્ટાર દાનિશ પંડોરે કમેન્ટ કરી, 'મહેર.' જ્યારે નીલ નિતિન મુકેશે ઈમોજી શેર કરી.દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ પોતાની દીકરી દુઆના જન્મની જાણકારી આપી હતી. તેણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8-9-2024. દીપિકા અને રણવીર.' આ પહેલા ફેબ્રુઆરી 2024માં દીપિકાની પ્રેગ્નન્સીની જાહેરાત કરવામાં આવી હતી. દીપિકા-રણવીરે ઘણા વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા.દીપિકા અને રણવીરે દીકરી દુઆનો ચહેરો દિવાળી 2025ના અવસરે પહેલીવાર દુનિયાને બતાવ્યો હતો.કપલના વર્કફ્રન્ટની વાત કરીએ તો રણવીર તાજેતરમાં ફિલ્મ 'ધૂરંધર 2'માં જોવા મળ્યો હતો, જે બ્લોકબસ્ટર સાબિત થઈ. 'ધૂરંધર 2' દુનિયાભરમાં ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ. ફિલ્મની વિશ્વભરમાં કમાણી 1,748.91 કરોડ રૂપિયા થઈ ગઈ. તેણે 1,742.10 કરોડ રૂપિયા કમાનાર અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા 2'ને પાછળ છોડી દીધી. હવે તે ફક્ત દંગલ (2070 કરોડ) અને બાહુબલી 2 (1,788.06 કરોડ)થી પાછળ છે. જ્યારે, દીપિકા શાહરુખ ખાન સાથે ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે. દીપિકા અને રણવીરની પોસ્ટ પર ઘણા સેલિબ્રિટીઓ રિએક્શન આપી રહ્યા છે. એક્ટ્રેસ નિમરત કૌરે લખ્યું, 'અભિનંદન,



તમે બંને ખુશ રહો.'ફિલ્મ 'ધૂરંધર'માં રણવીરના કો-સ્ટાર દાનિશ પંડોરે કમેન્ટ કરી, 'મહેર.' જ્યારે નીલ નિતિન મુકેશે ઈમોજી શેર કરી.દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ પોતાની દીકરી દુઆના જન્મની જાણકારી આપી હતી. તેણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8-9-2024. દીપિકા અને રણવીર.' આ પહેલા ફેબ્રુઆરી 2024માં દીપિકાની પ્રેગ્નન્સીની જાહેરાત કરવામાં આવી હતી. દીપિકા-રણવીરે ઘણા વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા.દીપિકા અને રણવીરે દીકરી દુઆનો ચહેરો દિવાળી 2025ના અવસરે પહેલીવાર દુનિયાને બતાવ્યો હતો. કપલના વર્કફ્રન્ટની વાત કરીએ તો રણવીર તાજેતરમાં ફિલ્મ 'ધૂરંધર 2'માં જોવા મળ્યો હતો, જે બ્લોકબસ્ટર સાબિત થઈ. 'ધૂરંધર 2' દુનિયાભરમાં ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ. ફિલ્મની વિશ્વભરમાં કમાણી 1,748.91 કરોડ રૂપિયા થઈ ગઈ. તેણે 1,742.10 કરોડ રૂપિયા કમાનાર અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા 2'ને પાછળ છોડી દીધી. હવે તે ફક્ત દંગલ (2070 કરોડ) અને બાહુબલી 2 (1,788.06 કરોડ)થી પાછળ છે. જ્યારે, દીપિકા શાહરુખ ખાન સાથે ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે.

### વિશ્વભરની કમાણીનો આંકડો 1748.91 કરોડ પહોંચ્યો

# 'ધુરંધર 2'એ 'પુષ્પા 2'ને ઝૂકાવી!:ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ફિલ્મ બની



'ધુરંધર 2' વિશ્વભરમાં ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ. ફિલ્મે વિશ્વભરમાં 1,748.91 કરોડ રૂપિયાની કમાણી કરી. આ ફિલ્મે 1,742.10 કરોડ રૂપિયા કમાવનાર અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા 2'ને પાછળ છોડી દીધી. હવે તે માત્ર દંગલ (2070 કરોડ) અને બાહુબલી 2 (1,788.06 કરોડ) થી પાછળ છે. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, ફિલ્મે રિલીઝના 31મા દિવસે ભારતમાં 4.65 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. ફિલ્મનું કુલ ભારત નેટ કલેક્શન હવે 1,110.47 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું, જ્યારે ભારતમાં તેનું ગ્રોસ કલેક્શન 1,329.31 કરોડ રૂપિયા થઈ ગયું. ગ્રોસ કલેક્શન એ ટિકિટમાંથી કુલ કમાણી છે અને નેટ કલેક્શન ટેક્સ પછીની કમાણી હોય છે. વિદેશમાં ફિલ્મે 31મા દિવસે 1.10 કરોડ રૂપિયાની કમાણી કરી. આ સાથે ફિલ્મનું કુલ વિદેશી ગ્રોસ કલેક્શન 419.60 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. જ્યારે, ફિલ્મનું વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન હવે 1,748.91 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મની કમાણીમાં પાંચમા અઠવાડિયામાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ વીકએન્ડ પર તેમાં હળવો વધારો થયો. 30મા દિવસે જ્યાં ફિલ્મે 2.70 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું, ત્યાં 31મા દિવસે તે વધીને 4.65 કરોડ રૂપિયા થઈ ગયું. ફિલ્મના હિન્દી વર્ઝને 31મા દિવસે 4.50 કરોડ રૂપિયાનું સૌથી વધુ કલેક્શન કર્યું, જ્યારે તમિલમાં 6 લાખ રૂપિયા, તેલુગુમાં 7 લાખ રૂપિયા અને કન્નડમાં 2 લાખ રૂપિયાનું નેટ કલેક્શન થયું.

ધુરંધર ફ્રેન્ચાઈઝીમાં રણવીર સિંહે એક ભારતીય જાસૂસનો રોલ પ્લે કર્યો છે. જ્યારે બંને પાર્ટનું ડિરેક્શન આદિત્ય ધરે કર્યું છે. ધુરંધરના પહેલા પાર્ટે ભારત અને આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું અને વિશ્વભરમાં લગભગ 1,307 કરોડ રૂપિયા કમાવ્યા. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રૂપિયા રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 840 કરોડ રૂપિયા થયું. વિદેશી બજારોમાં પણ ફિલ્મને જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડ રૂપિયા કમાવ્યા. અમેરિકા અને કેનેડામાં 193.06 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને બાહુબલી 2નો રેકોર્ડ પણ તોડ્યો.

### 'બિગ બોસ મરાઠી 6' પર સોનાલી રાઉતના ગંભીર આરોપો

# ખાવામાંથી વંદા અને મરેલા ઉંદરો મળવાથી સ્પર્ધકોની સુરક્ષા પર સવાલ

રિયાલિટી શો 'બિગ બોસ મરાઠી 6' ફરી વિવાદોમાં આવી ગયો છે. આ વખતે પૂર્વ કન્ટેસ્ટન્ટ સોનાલી રાઉતે ઘરની અંદરની સ્થિતિ પર ચોંકાવનારા ખુલાસા કર્યા છે. સોનાલીએ X (પૂર્વ ટ્વિટર) એકાઉન્ટ પર વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું કે ઘરમાં સાફ-સફાઈ ખૂબ જ ખરાબ હતી. તેણે આરોપ લગાવ્યો કે ખાવામાં ગંદકી મળતી હતી અને ઘણી વાર તેમાં કોકરોચ અને મરેલા ઉંદરો દેખાતા હતા. તેણે કહ્યું કે આ કારણે ત્યાં રહેવું મુશ્કેલ થઈ ગયું હતું અને તેની તબિયત ખરાબ થઈ ગઈ હતી.એક્ટ્રેસે જણાવ્યું કે ગંદકીભર્યા વાતાવરણને કારણે તેમને ત્વચા સંબંધિત ગંભીર સમસ્યા થઈ ગઈ. તેનું કહેવું છે કે આ માત્ર અસુવિધા જ નહીં, પરંતુ સ્વાસ્થ્ય માટે ખતરનાક સ્થિતિ હતી. સોનાલીએ ખુલાસો કર્યો કે ઘરમાં સુવિધાઓ અત્યંત મર્યાદિત હતી, જેના કારણે પરિસ્થિતિ વધુ બગડતી ગઈ. તેણે કહ્યું કે આટલા મોટા શોમાં આવી વ્યવસ્થા આઘાતજનક છે.સોનાલી રાઉતે પોસ્ટમાં કહ્યું કે આ અનુભવે તેને માનસિક અને શારીરિક રીતે અસર કરી. તેણે સંકેત આપ્યો કે આ મામલે તેને આર્થિક નુકસાન પણ ભોગવવું પડ્યું. મામલાને ગંભીર ગણાવતા સોનાલીએ પ્રોડક્શન ટીમ સામે નારાજગી વ્યક્ત કરી. આ આરોપો બાદ બિગ બોસ મરાઠી 6 ની કામગીરી અને કન્ટેસ્ટન્ટ્સની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. તેણે આરોપ લગાવ્યો કે ખાવામાં ગંદકી મળતી હતી અને ઘણી વાર તેમાં કોકરોચ અને મરેલા ઉંદરો દેખાતા હતા. તેણે કહ્યું કે આ કારણે ત્યાં રહેવું મુશ્કેલ થઈ ગયું હતું અને તેની તબિયત ખરાબ થઈ ગઈ હતી.એક્ટ્રેસે જણાવ્યું કે ગંદકીભર્યા વાતાવરણને કારણે તેમને ત્વચા સંબંધિત ગંભીર સમસ્યા થઈ ગઈ. તેનું કહેવું છે કે આ માત્ર અસુવિધા જ નહીં, પરંતુ સ્વાસ્થ્ય માટે ખતરનાક સ્થિતિ હતી. સોનાલીએ ખુલાસો કર્યો કે ઘરમાં સુવિધાઓ અત્યંત મર્યાદિત હતી, જેના કારણે પરિસ્થિતિ વધુ બગડતી ગઈ. તેણે કહ્યું કે આટલા મોટા શોમાં આવી વ્યવસ્થા આઘાતજનક છે.સોનાલી રાઉતે પોસ્ટમાં કહ્યું કે આ અનુભવે તેને માનસિક અને શારીરિક રીતે અસર કરી. તેણે સંકેત આપ્યો કે આ મામલે તેને આર્થિક નુકસાન પણ ભોગવવું પડ્યું. મામલાને ગંભીર ગણાવતા સોનાલીએ પ્રોડક્શન ટીમ સામે નારાજગી વ્યક્ત કરી. આ આરોપો બાદ બિગ બોસ મરાઠી 6 ની કામગીરી અને કન્ટેસ્ટન્ટ્સની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે.

